ISSN 2454-7697
RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

(ઈ.સ. ૧૯૨૯થી)

Prabuddh Jeevan

Vol No.: 9 • ISSUE : 02 • Mumbai • May 2021 • PAGES : 48 • PRICE 30/-
ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૯ (કુલ વર્ષ ૯૩) • અંક - ૦૨ • મે ૨૦૨૧ • પાનાં - ૪૮ • કિંમત રૂ. 30/-



## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા: ૧૯૨૯થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન: ૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન: ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન: ૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.**

**વિશેષ નોંધ:**

- પ્રબુદ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.
- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવાતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઇમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમની વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

## તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |

## રજિસ્ટર્ડ ઑફિસ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email: shrimjys@gmail.com

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી : જૈનધર્મ સંદર્ભે – પ્રભાવ અને અસર | સેજલ શાહ | ૦૩ |
| ૨. | અંતિમ વેળાએ અમૃત | કુમારપાળ દેસાઈ | ૦૯ |
| ૩. | આનંદઘનજીનાં પદો | નરેશ વેદ | ૧૨ |
| ૪. | અવળચંડી અંધતા | પૂ. આચાર્યશ્રી વિજયપૂર્ણચન્દ્રસૂરીશ્વરજી | ૧૭ |
| ૫. | શરણાગતિ | પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મ.સા. | ૧૯ |
| ૬. | યોગ એટલે પોતાની જ પૂર્ણતા મેળવવાનો વ્યવસ્થિત પ્રયાસ | તત્વચિંતક વિ પટેલ | ૨૨ |
| ૭. | ઉપભોક્તાવાદની ઉપજ એટલે 'વિવિધ ડે'ના ઉજવણી | મુનિ પ્રીતદર્શનવિજય મહારાજ સાહેબ | ૨૩ |
| ૮. | જૈન ધર્મના પ્રચારક ડૉ. જગદીશચંદ્ર જૈન | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૨૫ |
| ૯. | શ્રુત જ્ઞાનની આરાધના અને ઈલેક્ટ્રોનિક્સ માધ્યમ | બકુલ ગાંધી | ૨૬ |
| ૧૦. | ગુફાઓ અને મંદિરોની જૈન પરંપરા : એક વિસ્તૃત વિશ્લેષણ - ૨ | રેણુકા પોરવાલ | ૩૦ |
| ૧૧. | આત્મશ્લાઘા | રતિલાલ બોરીસાગર | ૩૧ |
| ૧૨. | જ્ઞાન-સંવાદ - ૭ | પાર્વતી ખીરાણી | ૩૨ |
| ૧૩. | શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ | રતનબેન છાડવા | ૩૪ |
| ૧૪. | ફરીએ તો વિસ્તરીએ - ૧૧ યે દુનિયા બડી રંગલી | જેલમ હાર્દિક | ૩૬ |
| ૧૫. | Ekatva Bhavna : Your soul is your true accomplice | Prachi Shah | ૩૮ |
| ૧૬. | Siddhasena Divakara | Kamini Gogri | ૪૧ |
| ૧૭. | વાલ્મીકિ રામાયણની સમીક્ષિત આવૃત્તિનો ગુજરાતી અનુવાદ | – | ૪૪ |
| ૧૮. | સર્જન-સ્વાગત | સંધ્યા શાહ | ૪૫ |
| ૧૯. | અતીતની બારીએથી આજ | બકુલ ગાંધી | ૪૭ |
| ૨૦. | જો મારો હોય અંતિમ પત્ર તો... | ધીરુ પરીખ | ૪૮ |

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
દ્વારા પ્રકાશિત
# પ્રબુદ્ધ જીવન
(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) : માનવીય જીવનનો સંવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૭ • વીર સંવત ૨૫૪૭ • વૈશાખ સુદ - ૪
માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ

**તંત્રી સ્થાનેથી...**

## શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી : જૈનધર્મ સંદર્ભે – પ્રભાવ અને અસર

**બે** વિશ્વવિભૂતિએ કરેલા ધર્મમંથન અંગે વાત કરવાની હોય ત્યારે કેટલીક બાબતોને જોડાજોડ સાંકળી નથી જ શકાતી. પણ બંનેના એકમેક સાથેના સંવાદ અને પત્રવ્યવહાર અને એકમેક પરના પ્રભાવને સમજવાથી ઘણું પ્રાપ્ત થતું હોય છે.

વૈશ્વિક કક્ષાએ ગાંધીજીનું નામ જાણીતું કારણ કે ભારતના ઇતિહાસમાં અને ઇતિહાસ પરિવર્તનમાં તેમનો સિંહફાળો. જ્યારે શ્રીમદ્ સંપૂર્ણ અધ્યાત્મ અને સંપ્રદાયના સંદર્ભે શ્રીમદ્‌નું નામ પણ વૈશ્વિક કક્ષાએ કહી શકાય. પણ એક વાસ્તવિકતાને આપણે સ્પષ્ટ સમજી લેવી જોઈએ કે શ્રીમદ્ અને ગાંધીજીનો માર્ગ સંપૂર્ણ જુદો હતો. એકે જીવનમાં અધ્યાત્મ અને એ દ્વારા આત્માને સમજવાનો પ્રયત્ન કર્યો અને એ જ માર્ગે તેમને ઉત્કૃષ્ટ ગતિ પ્રાપ્ત થઈ. જેમને આત્માના રહસ્યને પામનાર સંત/ધર્મ ચેતના કે એક જાગૃત આત્મા કહી શકાય. જેમને માનવદેહ દ્વારા પોતાના ભાવને સાર્થક કરવાનું અને અનેકની મૂંઝવણ દૂર કરતાં કરતાં એ માર્ગ સૂચવ્યો. બીજી તરફ ગાંધીજીનો ધ્યેય સંપૂર્ણ જુદો હતો. તેમણે આચરણ સાથે ધર્મ અને આત્માને જોડી વ્યવહારને શુદ્ધ કરવાનો માર્ગ અપનાવ્યો. તેમનું કાર્ય ક્ષેત્ર બહુ જ વિશાળ હતું એટલે એક તરફ સમગ્ર દેશના નેતા તરીકે – રાજકીય વિભૂતિ તરીકે તેઓ લોકપ્રિય બન્યાં. પણ તેમને રાજકારણ અને ધર્મને જોડવાનું અને એકમેકથી ભિન્ન ન કરવાનું પાયાનું કાર્ય કરી બતાવ્યું. પ્રાપ્ત મનુષ્ય દેહ રૂપે તેમણે સેવા કરવાનું અને નિશ્ચિત ધ્યેય પ્રાપ્તિ માટે જીવનભર અન્યાય સાથે લડવાનું પસંદ કર્યું. અહીં મહત્ત્વનું એ છે કે ગાંધીજીનું વૈશ્વિક કાર્ય ધર્મમાં કઈ રીતે પરાવર્તિત થયું તે સમજવું જરૂરી છે. એમની જાણવાની જિજ્ઞાસા અને કુતૂહલ વૃત્તિને કારણે આ ઉપરાંત તાર્કિક કારણો શોધવાની વૃત્તિને કારણે તેઓ અનેક ધર્મગુરુના સંપર્કમાં આવ્યા. વાચન અને સવાલો દ્વારા પોતાના પ્રશ્નોનું નિરાકરણ લાવતા ગયા, એક તરફ પૂછીને-વાંચીને નિરાકરણ મેળવ્યું તો સાથે તેના પ્રયોગો પણ જીવનમાં કરી પ્રત્યક્ષ અનુભવ કર્યો. જો ગાંધીજીના કાર્યમાં ધર્મની તાર્કિકતા જોડાઈ ન હોત તો અને માત્ર રાજકીય ધ્યેય હોત તો, તેઓ આટલો પ્રભાવ ન પાડી શક્યા હોત. ધર્મ-કર્મ-તત્ત્વ અને પ્રત્યક્ષીકરણના સંબંધને સમજવાનું અને અનુસરવાનું કાર્ય તેમની

**આ અંકના સૌજન્યદાતા**
**સ્વ. કાન્તાબહેન સી. મહેતાના સ્મરણાર્થે**
**(શ્રી સી. કે. મહેતા પરિવાર તરફથી)**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, કેનડી બ્રીજ, ઑપેરા હાઉસ, મુંબઈ - ૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બૅન્ક ઑફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

સિદ્ધિનું કારણ બન્યું. આત્મકથાની પ્રસ્તાવનામાં આવેલું વાક્ય, **'આત્માની દષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ'** આ વ્યાખ્યાને તેમને જીવનભર આચરી બતાવી.

આજે આ બે વિભૂતિની વાત કરવાની આવે ત્યારે એક જ સમયમાં સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજીનો સંબંધ એક-મેક પર કેવી રીતે પ્રભાવિત રહ્યો. તે માત્ર 'પ્રભાવના' રૂપે જ નહીં પણ તેના કારણો અને તેની પડેલી અસર અને લોકોની માન્યતાના કેવા પ્રકારની રહી છે, તે અંગે પણ વિચારવું રહ્યું. કોઈ પણ કૃતિ કે વ્યક્તિની રચના પાછળ અનેક કારણો ભાગ ભજવતાં હોય છે. કેટલીક જગ્યાએ ગાંધીજીએ પોતે સ્વીકાર્યું છે કે તેઓ રાયચંદભાઈના વિચારોને અનુસરે છે તો ક્યારેક અસંમત પણ થાય છે. પરંતુ એક મહત્ત્વની વાત એ છે કે ગાંધીજીના વ્યક્તિત્વ ઘડતરમાં તેમના ફાળાની ગણના કરવી જ રહી. જેનો સ્વીકાર ગાંધીજીએ પોતે કર્યો છે. ગાંધીજીના વ્યક્તિત્વનું સૌથી મહત્ત્વનું પાસું એ રહ્યું છે કે તેઓએ રાજકીયતાને માનવીય સત્ય, અહિંસા જેવા મૂલ્યો સાથે જોડીને અધ્યાત્મ રંગ આપ્યો. પરિણામે લોકોનો તેમના પ્રત્યેનો વિશ્વાસ વધ્યો અને તેમના પ્રયોગોને અનુસરવામાં લોકોને કોઈ બાધ ન નડ્યો.

શ્રીમદ્‌નો જન્મ ૧૮૬૭ અને ગાંધીજીનો જન્મ ૧૮૬૯માં, બંને ગુજરાતમાં જ જન્મ્યા. શ્રીમદ્‌નું આયુષ્ય માત્ર ૩૪ વર્ષ અને એમણે ધર્મના સ્વરૂપ અને તત્ત્વના સ્વરૂપલક્ષી મહત્ત્વની વાત કરી. ગાંધીજીનું મૃત્યુ ૧૯૪૮માં થયુ. શ્રીમદ્‌નો માર્ગ સંપૂર્ણ આધ્યાત્મ અને આત્મકલ્યાણનો. ગાંધીજીનો માર્ગ સમાજકલ્યાણનો, એમને રાજકારણમાં આધ્યાત્મિક પ્રયોગો કરીને ધર્મ અને જીવન વ્યવહારને એકબીજા સાથે સાંકળી લીધા હતા. અહીં ત્રણ મુદ્દા પ્રત્યે ધ્યાન દોરવાનો પ્રયત્ન કરીશ.

૧. ગાંધીજીના જીવનમાં સાંજની પ્રાર્થનાનું અને આશ્રમમાં ભજનો ગાવાનું પણ આગવું મહત્ત્વ હતું. આશ્રમ ભજનાવલીમાં પસંદ કરાયેલા ભજનોમાં જૈન ધર્મના બે પદ પસંદ કરાયા હતા. એક- 'અપૂર્વ અવસર' અને બીજું 'આનંદઘનજી'નું. હવે અપૂર્વ અવસરની વાત કરીએ તો તે પદને સંપૂર્ણ લેવામાં આવ્યું નહોતું.

૨. ગાંધીજી અને શ્રીમદ્‌ના વાર્તાલાપો અને ગાંધીજી પર પડેલી શ્રીમદ્‌ની અસર અને ગાંધીજી કઈ બાબતમાં તેમના સાથે સહમત નહોતા.

૩. ગાંધીજીના સર્વાંગી વ્યવહારમાં જૈન ધર્મની કઈ બાબતો વણાયેલી જોવા મળે છે અથવા રોજીંદા વ્યવહારમાં કંઈ એવી બાબતો છે જે જૈન ફિલસૂફીથી ઘડાઈ હોય અને તેમને ન સ્વીકારેલી બાબતો.

ગાંધીજી એવું દઢપણે માનતા કે સમૂહ પ્રાર્થનામાં નિયમિત બેસવું અને 'રામ રામ' કર્યા કરવાથી એક દિવસ રામ સમજાશે. તેઓ માટે રામની વાત, એ આત્માની વાત હતી. 'રામ' નામનું આત્મસમતાથી સભર મન 'આભા' હતું. તેમને રામ નામનું વિસ્તારીકરણ કર્યું હતું. ગાંધીજી કહેતાં કે આપણે અસત્યમાંથી સત્ય લઈ જવાનું રોજ કહીએ છીએ. પણ જે બોલીએ છીએ તેનો વિચાર કરીએ છીએ ખરા કે? અહીં તો સત્યનો ખેલ છે. હું તમને શીખવતો નથી. તમારી સાથે વિચાર કરું છું, તમારો સહાધ્યાયી છું. મનમાંના વિચાર મોટેથી કહું છું.

ગાંધીજી રામની ધૂન ચાલુ રાખવી સત્યને વળગવાનું કહે તો, સત્યને પ્રહલાદની જેમ વળગો, રામ નામ પ્રત્યે મીરાંબાઈની જેમ એનું ઘેલું કેવળો, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહતાના આચરણમાં ખૂબ જ કડક બનો. તેઓ આત્માની ઝાંખી કરાવવાનો પ્રયત્ન કરાવતા. પરોઢે ચાર વાગે ઊઠીને પ્રાર્થના કરવાનું ઘણાંને આકરું લાગતું. એકવાર પ્રભુદાસ ગાંધીએ એમને કહેલું કે, બાપુજી તમે રોજ રોજ કહ્યા કરો છો 'રામ-રામ રટો' – એ મને ગળે ઊતરતું નથી. મને રોજ પ્રાર્થનામાં બેસવાનું બંધન ગમતું નથી. મન ક્યાંનું ક્યાં ભટક્યાં કરે છે અને રઘુપતિ રાઘવ રાજારામની ધૂન સાવ દેખાવ પૂરતી જણાય છે. આની બદલે હું બાપુ બાપુ જપવા તૈયાર છું. ત્યારે બાપુએ જવાબ આપ્યો હતો કે 'રામ રામ જ ભજવું અને સમૂહ પ્રાર્થનામાં બેસવું.'

આ પછી એમને ૨૧.૧.૩૦ના રોજ ગુજરાતના છાત્રાલયના વિદ્યાર્થીઓ-ગૃહપતિ સમક્ષ આસ્તિકતા અને નાસ્તિકતાના મુદ્દા પર જે ચોખવટ કરી તે સમજવા જેવી છે,

'પ્રાર્થના એ ધર્મનું અને ધર્મ એ મનુષ્ય સમાજ અને જીવનનું અવિભાજ્ય અંગ છે. મનુષ્યની વ્યવહાર શુદ્ધિ માટે પ્રાર્થના આવશ્યક છે. આ ઈરાદાપૂર્વકના બંધનમાં મનુષ્યે પડવું જ જોઈએ. આ જ બાબતને પ્રભુદાસ ગાંધીને તેમને આ ઘટના પૂર્વે ૧/૧૨/૨૯માં પત્ર લખ્યો હતો, તેની સાથે પણ જોડવી જોઈએ. આપણે ધારીએ છીએ કે ગાંધીજીને રામ નામ માટે પક્ષપાત હતો કે વધુ ભાવ હતો અને એ વાત એમની આધ્યાત્મિકતાને અન્યાય કરતી હતી.

ગાંધીજી કહે છે કે રામ નામ લેતાં હું કોઈ પણ મૂર્તિનું ધ્યાન ધરતો નથી. હું મૂર્તિમંત રામને નથી પૂજતો. આપણે નામને પૂજીએ છીએ. એ તો નથી જોયું? તુલસીદાસ કહે છે કે રામ કરતાં નામ બડો છે. અહીં તેઓ દેહધારી છતાં દેહાતીત અનિર્વચનીય તત્ત્વ મોટું છે એમ જણાવે છે. ઈશ્વરની વ્યાખ્યા માટે કહે છે કે ઈશ્વર સત્ય એમ હું કહેતો, અંગ્રેજીમાં પણ God is truth એમ છે પણ પછી વ્યાખ્યા સુધારીને કહ્યું છે, સત્ય ઈશ્વર છે. એટલે મારા ધ્યાનમાં એ સત્ય છે, જે ઈશ્વરથી પર છે. આ ધ્યાન જીવનની પ્રત્યેક ક્રિયામાં રહેવું જોઈએ.

અહીં બહુ સ્પષ્ટ રીતે પોતાના આત્માને વિકારોથી મુક્ત કરવા, વિકારો સામે લડવા એક નામ માત્રનો આધાર તેમને લીધો છે. તેમની ક્રિયામાં તો આત્માની વિશુદ્ધિ મહત્ત્વની છે, પછી માધ્યમ ભલે એક નામ બને. આશ્રમ ભજનાવલી (p. ૧૮૬)માં અપૂર્વ અવસર લેવામાં આવ્યું છે. જેમાં અપૂર્વ અવસરના ૧૫ પદો સમાવિષ્ટ કર્યા છે અને ૬ પદને બાદ રખાયા છે. અહીં આપણે અપૂર્વ અવસરના જે પદ લેવાયા તે અને તેનો ભાવ જોઈએ. ૧ થી ૬ પદમાં બાહ્ય અવસ્થાથી મનને નિવૃત્ત કરવાની વાત છે. નવમું પદ ભજનાવલીમાં નથી.

**નગ્નભાવ મુંડભાવ સહ અસ્નાનતા,**
**અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો,**
**કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,**
**દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો.**

આ પદ મુનિ અવસ્થા માટે છે, જેનાં દેહ સંયમ હેતુ છે, દેહ નગ્ન રહે, વસ્ત્ર ન હોય, દ્રવ્ય અને ભાવે નગ્ન નિર્ગ્રંથ અવસ્થા અંતરમાં પણ દેહાદિની આસક્તિ લૂખાશ, અનાસક્તિ હોય. આ દેહ અવસ્થાની વાત ૧૧માં પદમાં પણ આગળ આવે છે જે પદને બાદ કરાયું છે.

**એકાકી વિચરતો વળી સ્મશાનમાં**
**વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો.**
**અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા**
**પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.**

ગૃહસ્થાશ્રમની અવસ્થામાં એકાકી રહેવાની વાત અહીં છે. આ પર્વતની ગુફા, બાહ્યક્ષેત્રથી દૂર એ ગાંધીજીને અનુકૂળ નહોતું. મુનિરાજ શાંત, વીર, ગંભીર, ઉજ્જવલ, સમાધિમાં મસ્ત રહી, જાણે કેળવજ્ઞાન લીધું હોય, પૂર્ણ સ્વભાવમાં મીટ માંડીને એકાગ્ર થાય છે. વાઘ કે સિંહ ભૂખથી ત્રાડ નાખતો આવે, તો પણ એમ જાણે કે પરમયોગનો યોગ મળ્યો, જેને શરીર જોઈતું નથી, તેવા પુરુષને શરીર લઈ જાય તો લઈ જવા દેવો. અહીં યુવાનવયે ગાંધીજી એ દક્ષિણ આફ્રિકાથી પત્ર લખીને શ્રીમદ્‌ને પ્રશ્ન પૂછ્યો હતો અને શ્રીમદ્‌નો જવાબ શ્રીમદ્‌ની વિચારણાને સ્પષ્ટ કરે છે.

ગાંધીજીએ પૂછ્યું હતું કે મને સર્પ કરડવા આવે ત્યારે મારે તેને કરડવા દેવો કે મારી નાંખવો? તેની બીજી રીતે દૂર કરવાની મારમાં શક્તિ ન હોય, એમ ધારીએ છીએ. ત્યારે શ્રીમદ્ જવાબ આપે, 'સર્પ તમારે કરડવા દેવો એવું કામ બતાવતાં વિચારમાં પડાય એવું છે. તથાપિ જો તમે દેહ અનિત્ય છે એમ જ જાણ્યું હોય તો પછી આ આધારભૂત દેહના રક્ષણાર્થે જેને દેહમાં પ્રીતિ રહી છે, એવા સર્પને તમારે મારવો કેમ યોગ્ય હોય? જેણે આત્મહિત ઇચ્છવું ન હોય તેણે કેમ કરવું? તેનો ઉત્તર એ જ અપાય કે તેણે નરકાદિમાં પરિભ્રમણ કરવું, અર્થાત્ સર્પને મારવો એવો ઉપદેશ ક્યાંથી કરી શકીએ? અનાર્યવૃત્તિ હોય તો મારવાનો ઉપદેશ કરાય, તે તો અમને તમને સ્વપ્ને પણ ન હોય એ જ ઇચ્છવા યોગ્ય છે.'

અપૂર્વ અવસરનું ૧૨મું પદ પણ સમાવાયું નથી, તેનું સહજ આશ્ચર્ય થાય,

**ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં**
**સરસ અન્ને નહીં મનને પ્રસન્ન ભાવ જો.**
**રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની**
**સર્વે માન્ય પુદ્‌ગલ એક સ્વભાવ જો.**

ગાંધીજી ઉપવાસને મહત્ત્વ આપતા પણ તેમને મન ઉપવાસ અને તપ જુદા હતા. આત્મકલ્યાણ માટે નહીં પણ આત્મશુદ્ધિ માટે તેઓ ઉપવાસને મહત્ત્વ આપતાં. ઉપવાસને તેઓએ આંતરમંથન અને પશ્ચાત્તાપ રૂપે ખૂબ જ મહત્ત્વ આપ્યું. ઉપવાસ અને તપ વચ્ચે તેમને મત ભેદ છે. પ્રસ્તુત પદમાં આહાર છૂટતાં પણ તાપ નહીં, ગ્લાનિ નહીં, ખેદ ન થાય અને સમતાની વૃદ્ધિ થાય એવી મોક્ષસાધક દશાને ધન્ય છે. ત્યાર પછીનું ૧૩મું પદ.

**એમ પરાજય કરીને ચારિત્રમોહનો,**
**આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો.**
**શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,**
**અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો.**

આ પદ સંપૂર્ણપણે જૈનમીમાંસાનું હોવાને કારણે કદાચ બાદ રખાયું હશે અને સાથે સમજમાં અઘરૂં હોવાની શક્યતા પણ જોવા મળે છે. ત્યારપછીના ૧૫માં પદ્યમાં પણ જૈન પરિભાષા જોવા મળે છે, જેને કારણે ન લીધું હોવાની શક્યતા છે. ૧૭માં પદ્યમાં કર્મની મીમાંસાને પ્રગટ કરી છે, આ પદ્યને પણ ભજનાવલીમાં સમાવ્યું નથી.

૨૧ ગાથાના આ વીતરાગ અવસ્થા પ્રાપ્તિથી અને સ્વરૂપનો પરિચય કરાવે છે.

તેમાંથી પાંચ પદોને આશ્રમ ભજનાવલીમાં અપૂર્વ અવસર પદમાંથી બાદ રખાઈ છે.

સર્વધર્મના પદ સ્વીકારતાં એમને જે પદ સંપૂર્ણ જૈન પરિભાષા સાથે સંલગ્ન લાગ્યું કે પછી જેમાં જૈન વિચારણાનો ભાર વધુ લાગ્યો અને જેમાં પુનરાવર્તન પણ લાગ્યું તે પદને તેમને બાકાત કર્યા છે, પણ તેની નોંધ લીધી નથી.

બીજુ એક એ પણ યાદ રાખવું ઘટે કે ગાંધીજીનો જૈન ધર્મ સાથેનો સંવાદ શ્રીમદ્‌ને કારણે વધુ દઢ બન્યો અને તેને કારણે તેઓ અન્ય કેટલાંક પદોથી વિમુખ રહ્યા એમ પણ બન્યું છે.

આ પેપરનો ત્રીજો ભાગ અર્થાત્ ગાંધીજીની સમગ્ર વિચારણામાં જૈનધર્મ કઈ રીતે ગૂંથાયો અને વ્યવહારામાં તેમણે તેને કઈ રીતે

પ્રસ્તુત કર્યો છે.

ગાંધીજીની ધર્મવિચારણા વ્યક્તિગત કર્તવ્યમાંથી, સત્યપાલનના પ્રયત્નમાંથી શરૂ થાય છે. ધીમે ધીમે સ્વધર્મનું શોધન કરી જગતના સનાતન નીતિ-નિયમોનો આધાર લઈ વિશ્વધર્મ સુધી વિસ્તરે છે.

ધર્મદર્શનમાં વ્યક્તિ જીવનના સામાન્ય પ્રશ્નોથી શરૂ કરી, સમષ્ટિના કલ્યાણ સુધીના પ્રશ્નો સમાયા છે. વ્યક્તિગત આચારધર્મથી શરૂ થતી આ સાંકળ તેની પરંપરાને અંતે અમૂર્ત પરમતત્ત્વના નિરૂપણ સુધી પહોંચે છે. સમગ્ર ધર્મવિચારણાની સંકલનામાં ક્યાંય વિરોધ કે વિસંવાદ નથી. વ્યક્તિગત આચારધર્મનું સ્વભાવિક પરિણામ સામાજિક શાંતિ અને માનવનું અંતિમ કલ્યાણ છે. કેન્દ્રોત્સર્ગી પદ્ધતિએ વિસ્તરતું ચિંતન, કેન્દ્રસ્થ જીવનની શક્તિ, શુદ્ધિ અને અનુભવોમાંથી ગતિ મેળવી વિસ્તરે છે. તેમની ધર્મદષ્ટિનો વ્યાપ અનેક ધર્મોને ચેતનવંતા બનાવે છે અને તત્કાલીન પરિસ્થિતિમાં ધર્મની સ્થૂળ વિચારણાનો વ્યાપ વધારી શુદ્ધ, સ્પષ્ટ અને સમર્થ બનાવે છે.

ધર્મના બે રૂપ હોય છે, સંપ્રદાય કોઈ પણ હોય પણ એક છે બાહ્ય ધર્મ અને બીજો આંતરિક ધર્મ. ધર્મના બાહ્ય સ્વરૂપને આપણે ધર્મ ક્લેવર કહીએ તો આંતરિક રૂપને ધર્મચેતના કહે છે.

ધર્મનો આરંભ, વિકાસ અને પ્રચાર મનુષ્ય જાતિમાં જોવા મળે છે. મનુષ્ય માત્ર, દેહ કે માત્ર ચેતન નથી. એ સચેતન દેહરૂપ છે, એ જ રીતે ધર્મનું પણ ચેતનરૂપ ક્લેવર હોય છે. ચેતનાની ગતિ, પ્રગતિ અને અવગતિ – ક્લેવરના આધાર વગર અસંભવિત છે. ધર્મચેતના પણ બાહ્ય આચાર-રીતિ-રિવાજ, રૂઢિ-પ્રણાલી વગેરે ક્લેવર દ્વારા ગતિ, પ્રગતિ અને અવગતિને પ્રાપ્ત કરે છે.

ધર્મના જીવંત હોવાનું કારણ એનું ક્લેવર છે. નિષ્પ્રાણ દેહ સડીને પોતાનું અસ્તિત્વ ગુમાવી બેસે છે. જ્યારે કોઈ સંપ્રદાય ચેતનાહીન બને છે ત્યારે તેનું ક્લેવર પણ નિષ્પ્રાણ થઈ જાય છે.

જૈન પરંપરા પોતાના પ્રાચીન સમયથી અત્યાર સુધી જીવિત છે. જ્યારે જ્યારે એનું ક્લેવર દંભ અને રોગ્રસિત થાય છે ત્યારે એની ધર્મચેતનાનું કોઈ વ્યક્તિના માધ્યમે સ્પંદન પ્રગટ થાય છે. પાર્શ્વનાથ તીર્થંકર પછી મહાવીર પ્રભુરૂપે આ સ્પંદન તીવ્ર રીતે પ્રગટ થયું હતું.

ધર્મચેતનાના બે મુખ્ય લક્ષણ – (૧) અન્યનું ભલું કરવું (૨) અન્યનું ખરાબ ન કરવું.

આ હકાર અને નકાર રૂપે સાથે ચાલે છે. જેમ ધર્મચેતના વિશેષ, એમ એનું સ્પંદન ઉત્કટ એમ જ બંને વિધિ-નિષેધ રૂપે પણ સક્રિય બને છે.

જૈન પરંપરામાં આ બંને લક્ષણ અસાધરણરૂપે વ્યક્ત થાય છે. જૈનધર્મમાં જૂના સમયથી આજ સુધી જોઈ શકીએ છીએ કે તેઓ આરંભથી જંતુ અને સૂક્ષ્મજીવોની અહિંસા અંગે જાગૃત હતા. જેના વિકાસમાં મહાવીરકાલીન સમયમાં ઘણું વિચારાયું – અંતે એનું શ્રેય વીરપ્રભુને અવશ્ય મળે છે.

કોઈપણ સત્પુરુષ અને સૂક્ષ્મદર્શી ધર્મપુરુષ પોતાના જીવનમાં ધર્મચેતનાનું ગમે તેટલું સ્પંદન કેમ ન કરે પરંતુ તે વ્યક્ત થાય છે સમકાલીન અને દેશકાલીન આવશ્યકતાને પૂરી કરવાના પ્રયત્નમાં. આપણે એ પણ જાણીએ છીએ કે મહાવીરે બધાનું ભલુ કરવા અને કોઈને તકલીફ ન દેવાની વાત, પોતાના જીવનકાર્ય દ્વારા અનેકવાર પ્રગટ કરી હતી. મનુષ્ય જાતિ એ સમયે, જાતિભેદ, અસ્પૃશ્યતા, સ્ત્રીની લાચારી અને યજ્ઞમાં થતી હિંસા જેવી ખરાબીનો સામનો કરી રહી હતી. તેમની ધર્મચેતના આ અન્યાયને સહન ન કરી શકી. એમની કરુણાવૃત્તિએ એમને અપરિગ્રહી બનાવ્યા. એમની અપરિગ્રહીતા એ એમની પાસે ઘર, વસ્ત્રો બધું જ છોડાવ્યું.

એમની કરુણાવૃત્તિએ એમની પાસે અનેકોના ઉદ્ધાર કરાવ્યા. આ છે મહાવીરનું ધર્મચેતનાનું સ્પંદન. પરંતુ મહાવીરના સમય પછી આ ધર્મચેતના મંદ પડી – ધર્મચેતનાનો વિસ્તાર થયો. પરંતુ ધર્મની ચેતનાનું સ્પંદન મંદ પડી ગયું.

જેમ પાણી ઓછું થાય અને નીચે માટીમાં તિરાડ પડે તેમ ધર્મ પરંપરા/ક્લેવરમાં અનેક ટુકડાઓ પડ્યા, વિભક્ત થયા અને મિથ્યા અભિમાનને કારણે તેમની વચ્ચે વિગ્રહ વધ્યો – ધર્મચેતનાનું જે મુખ્ય કાર્ય હતું તે ગૌણ થયું. હવે ધર્મમાં વિગ્રહ વધવા માંડ્યો. ઊંચ-નીચના ભેદ દૂર કરવાની વાત તો કરી પણ બ્રાહ્મણ પરંપરાના પ્રભાવથી બચી ન શક્યા.

યજ્ઞ હિંસાને કારણે પશુ-પક્ષીના હિંસા અટકી પણ અપરિગ્રહ ટકી ન શક્યો. અપરિગ્રહના પાલનમાં સ્વાવલંબી જીવન ટકાવી ન શક્યા અને એને માટે ગૃહસ્થની મદદ અત્યંત આવશ્યક બની.

સાથે એવા ગૃહસ્થો પણ મળ્યા જેને જૈનધર્મની ચેતનાને રક્ષવાનો પ્રયત્ન કર્યો.

ગયા શતકમાં એક એવી માન્યતા પ્રવર્તતી હતી કે કુટુંબ, સમાજ, ગામ, રાષ્ટ્ર વગેરે સાથે સંબંધ ધરાવનાર પ્રવૃત્તિ સાંસારિક, દુન્યવી અને વ્યવહારિક છે. આવી આર્થિક, ઔદ્યોગિક અને રાજકીય પ્રવૃતિમાં ન તો સત્ય સાથ આપે છે કે ન અહિંસા કાર્ય કરે છે અને પરિગ્રહ વ્રત પણ કાર્યશીલ બનતું નથી. લોકોએ એવું ધારી લીધું હતું. આ ધર્મના સિદ્ધાંત સાચા કહેવા છતાં એનું શુદ્ધપાલન શક્ય નથી. એના પાલન માટે વનવાસ કે સંસારત્યાગ એ જ માર્ગ છે અને એવો ઉપદેશ પ્રવર્તમાન થયો કે સાચા ધર્મના પાલન માટે ઘર, કુટુંબ અને સમાજની જવાબદારી છોડવી રહી.

આમ એક તરફ ગૃહસ્થ પરની પરાવલંબીતા વધી તો બીજી તરફ સમાજમાં યોગ્ય મૂલ્યોનો વિસ્તાર યોગ્ય રીતે થયો નહીં.

આ બધાની વચ્ચે ગાંધીજીએ ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવી- સત્ય, અહિંસા અને અપરિગ્રહનો નાદ જણાવ્યો. જેને જૈનસમાજની પણ કાયાપલટ કરી.

જૈન લોકોના મનમાં સત્ય અને અહિંસા પર વિશ્વાસ હતો પણ પ્રયોગ કરતાં આવડતો નહોતો – જે ગાંધીજી શીખવે છે, ગાંધીજીએ આ બે પ્રયોગોને રાષ્ટ્રવ્યાપી બતાવ્યા અને જનસમાજને તેમના પ્રયોગો પર વિશ્વાસ પણ બેસવા માંડ્યો.

જૈન ગૃહસ્થોને ત્યાં સ્ત્રીના કર્મ્યને વિસ્તારીત કર્યું અને જૈન શ્રાવકની સ્ત્રીઓ જે બહાર આવવા વિચારી નહોતી શકતી. તેમને બહાર લાવ્યા. પહેલા જૈન સમાજમાં એમ મનાતું કે સ્ત્રી સાધ્વી બનીને પણ મુક્તિ નહીં પામી શકે, એવી બંધિયાર માન્યતાના સમાજમાં એમને સ્ત્રીઓએ બહાર લાવવાનું કાર્ય કર્યું. જૈન સમાજ બહુ જ ઝડપથી અસ્પૃશ્યતાના દોષમાંથી પણ બહાર આવી ગયો.

બીજું જે નિષ્ક્રિય નિવૃત્તિની ધૂન, જૈન સમાજના મન પર લાગી ગઈ હતી, તે પણ તેમને દૂર કરી.

જૈન સમાજને જેના પર સૌથી નવલુ ગર્વ છે તે અનેકાન્તની વિચારણાનો પ્રયોગ પણ ગાંધીજીએ કરી બતાવ્યો. એમને જે રીતે અનેક ધર્મમાંથી પસંદ કરી, સમન્વય કરી બતાવ્યો, આશ્રમ ભજનાવલીમાં અનેક ધર્મના એક પદો સમાવિષ્ટ છે તે જોઈ શકીએ છીએ કે, અનેકાંતનો પ્રયોગ એ એમની મોટી સફળતા છે.

બ્રહ્મચર્ય એ સંસારી જીવનમાં રહીને પણ શક્ય છે. એનો સફળ પ્રયોગ કરી બતાવ્યો.

રાત્રિભોજનનો ત્યાગ, વિવિધ તપોમાંથી જે ઓજસ પ્રગટવું જોઈએ એના ઓજસની ઝાંખી કરાવી.

ગાંધીજીના ઉપવાસ કે પછી રાત્રિભોજનનો ત્યાગ આરોગ્યની દૃષ્ટિએ મહત્ત્વનો છે.

ધર્મની ચેતના પ્રગટાવવામાં ગાંધીજી સફળ રહ્યા. જે ભાવના માત્ર સાહિત્યિક કે શબ્દો પૂરતી સીમીત બની ગઈ હતી, તેને ગાંધીજીએ સાક્ષાત્ કરી બતાવી. ગાંધીજીની આત્મકથા અને બીજી કેટલીક જગ્યાએથી એમનો રાજચંદ્ર પ્રત્યેનો ભાવ બહુ જ સ્પષ્ટરૂપે જોવા મળે છે.

'મારા જીવન પર શ્રી રાયચંદભાઈનો એવો સ્થાયી પ્રભાવ પડ્યો છે કે 'હું એનું વર્ણન કરી શકતો નથી. હું કેટલાંય વર્ષોથી ભારતમાં ધાર્મિક પુરુષની શોધમાં છું પરંતુ એમના જેવા ધાર્મિક પુરુષ હજુ સુધી મેં જોયા નથી કે જે રાયચંદભાઈની હરિફાઈમાં આવી શકે.'

એમનામાં રાગ, વૈરાગ્ય અને ભક્તિ હતા. ઢોંગ, પક્ષપાત કે રાગ-દ્વેષ નહોતા. એમના લેખ અંગ્રેજી તત્ત્વજ્ઞાનીઓની અપેક્ષાએ વિચક્ષણ, ભાવનામય અને આત્મદર્શી છે. યુરોપના તત્ત્વજ્ઞાનીઓમાં હું ટોલ્સટોયને પ્રથમ શ્રેણીના વિદ્વાન સમજુ છું. પરંતુ રાયચંદભાઈનો અનુભવ એ બંનેથી પણ ચઢેલો હતો.

એમણે એમ પણ કહ્યું કે 'રાયચંદભાઈના ગાઢ પરિચયથી હિન્દુ ધર્મમાં મને શંકા પેદા થઈ તેનાં નિવારણમાં મદદ કરનાર રાયચંદભાઈ હતા.'

ગાંધીજી શ્રીમદ્‌ની વૈરાગ્ય જીવન શૈલીથી પ્રભાવિત હતા. એમની રાગરહિત દશા, વૈરાગ્યલક્ષીતા એમને પ્રભાવિત કરતી હતી. 'અપૂર્વ અવસર'ની કડીઓમાં વૈરાગ્ય ઝળકી રહ્યો હતો.

શ્રીમદ્‌ની જયંતિ વિશે (૧૫.૧૧.૨૧)ના રોજના પ્રચનમાં કહ્યું કે, 'દયાધર્મ કવિશ્રીના જીવનમાંથી શીખ્યો છું.' એ ધર્મનું તેમની પાસેથી મેં કુંડા ભરીને પાન કર્યું છે. તેઓ ઘણીવાર કહેતા કે ચોપાસથી કોઈ બચ્છી ભોંકે તે સહી શકું પણ જગતના જૂઠ અને પાંખડની સામે સહન નથી થતું.'

તેમના જીવનની સાદાઈ તેમને સ્પર્શી ગઈ હતી. શ્રીમદ્‌ના લખાણો વિશે તેઓ કહેતા કે એ અનુભૂતિની ભાષા છે અને બધાને તે નહીં જ સમજાય – તેમાં કૃત્રિમતા નથી.

શ્રીમદ્દે જે ધર્મને આત્માનો ગુણ કહ્યો તેને ગાંધીજી પણ એ જ રીતે સમજ્યા છે.

ગાંધીજીમાં એક બહુ જ મહત્ત્વની બાબત જોવા મળે છે ધર્મકુશળ લોકો વ્યવહાર કુશળ નથી હોતાં, તે બાબતે રાયચંદભાઈએ મિથ્યા સિદ્ધ કરી બતાવી. પોતાના વ્યવહારમાં, વ્યવસાયમાં તેઓ સાવધાનીથી વર્તતા અને ધર્મભાવ સાથે વર્તતા.

શ્રીમદ્‌ના જીવનમાંથી તેઓ અનંત તપશ્ચર્યા શીખ્યા – અનંત તપશ્ચર્યાને કારણે ચૈતન્યની આરાધના કરતાં શીખ્યાં.

પોતાના વ્યાખ્યાનમાં તેમણે શ્રીમદ્‌ના જીવનમાંથી ચાર બાબત શીખવા અંગે ભાર મૂકવો.

(૧) શાશ્વત (આત્મા) વસ્તુમાં તન્મયતા.

(૨) જીવનની સરળતા.

(૩) સમસ્ત વિશ્વ સાથે એકસરખી વૃત્તિથી વ્યવહાર.

(૪) સત્ય અને અહિંસામય જીવન.

કોઈ પણ બાબત ભલે તે ગમે તેણે રજૂ કરી હોય, પરંતુ બુદ્ધિ અને અનુભવના સંદર્ભમાં તેની ચકાસણી કરવી એ સોનેરી નિયમ છે – ગાંધીજી

ગાંધીજી ઊંડા ધાર્મિક ચિંતક હતા. તેઓ હિન્દુ, ખ્રિસ્તી અને જૈન ધર્મથી સારા એવા પ્રમાણમાં પ્રભાવિત થયા હતા; છતાં પણ તેમની ધાર્મિકતા તમામથી આગવી હતી. ઈશ્વરમાં શ્રદ્ધા રાખવી એ સ્પષ્ટપણે તેમના વિચારોનો પાયો હતો. ઈશ્વર આદિમાં વ્યક્તિ અભિપ્રેત હોવાથી તેમણે તે શબ્દના બદલે શાશ્વત સિદ્ધાંત સર્વોચ્ચ ચેતના અથવા તો પ્રજ્ઞા, વૈશ્વિક સત્તા, ઊર્જા, આત્મા કે પછી શક્તિ

જેવા શબ્દોનો ઉપયોગ કરવાનું પસંદ કર્યું હતું.

તેમણે ઘણા લાંબા સમય સુધી એવું કહ્યું હતું કે 'પરમેશ્વર એ જ સત્ય છે' તેમાં એવા બે અર્થ અભિપ્રેત હતા કે સત્ય એ ઈશ્વરના ઘણા ગુણધર્મોમાંનો એક ગુણધર્મ છે તથા તાર્કિક રીતે ઈશ્વરનો ખ્યાલ સત્યના ખ્યાલ કરતાં પહેલાં અસ્તિત્વમાં આવ્યો છે. પરંતુ ૧૯૨૫માં તેમણે આ કથનને ઉલટાવી નાખ્યું હતું અને કહ્યું કે સત્ય એ જ પરમેશ્વર છે.

આ કથનને ગાંધીજી પોતાની સૌથી વધારે અગત્યની શોધ ગણતાં હતા. તેમણે એવું વિચાર્યું હતું કે તેમણે જેવું વર્ષોથી ચિંતન કર્યું હતું તેને આ સ્પષ્ટ મતે ચોક્કસ સ્વરૂપ આપ્યું છે.

તેમણે પરમેશ્વરના ખ્યાલ કરતાં સત્યના બાબતે પ્રથમ ક્રમ આપ્યો. જે સૌથી મોટું પગલું હતું. જેના મૂળ શ્રીમદ્‌ના પગલે ચાલતા મહાવીરમાં જોવા મળે છે.

❑ **ડૉ. સેજલ શાહ**
સંપર્ક : +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨
sejalshah702@gmail.com
સંપર્ક સમય : સાંજે ૪ થી ૭

પ્રબુદ્ધ જીવન ન મળ્યું હોય તો તુરંત સંપર્ક કરો :
(૧) sejalshah702@gmail.com
(૨) પ્રવીણભાઈ સોલંકી : ૯૮૬૯૫૦૩૦૭૨
મેલમાં તમારો ગ્રાહક નંબર અને સરનામું જરૂર લખશો.
પ્રબુદ્ધ જીવન સામયિકનું કાર્ય તંત્રીના નિવાસસ્થાનેથી થતું હોવાને કારણે પત્રવ્યવહાર, લેખ મોકલવા, પુસ્તક મોકલવા આદિ નીચેના સરનામે જ મોકલવું.
**સરનામું** : ૧૦/બી, ૭૦૨, અલીકા નગર, લોખંડવાલા કોમ્પલેક્ષ, આર્કુલી રોડ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.

**વિશેષ તંત્રીલેખ :**

## સમયાધીન

**કા**ળ વિપરીત છે. રોજેરોજ મૃત્યુના સમાચાર આપવાની નિયમિતતા મોબાઈલ જાળવે છે. વય કોઈ પણ હોઈ શકે, સ્થળ પણ કોઈપણ. મોટેભાગે એક જ કારણ, કોરોનાની બિમારી અને મૃત્યુ. છેલ્લા કેટલાંક સમયમાં તો મૃત્યુએ તો માઝા મૂકી છે, શરમ મૂકી છે. શ્રધ્ધા કસોટી એ ચડી છે. પણ શરીરે ચાલ્યા કરવાનું છે. બહારથી અકબંધ રહીને. આંગળીના વેઢા ઓછા પડે એટલા સમાચાર મળી ચૂક્યા છે અને હજી કેટલા મળશે? આ બધાની વચ્ચે નિયમિતતા ચૂકાતી નથી, કર્તવ્ય ચૂકવાની પરવાનગી નથી. ભયના આ સામ્રાજ્યમાં આપણે સહુ જીવી રહ્યા છીએ, કંપારી સતત અનુભવાય છે, હજી શું થશે? કાલે શું થશે? મારું કયું અંગ વિખૂટું પડશે!

તોય ભૂખ લાગે છે, તરસ છૂટતી નથી. જીવન અને મૃત્યુની આ સંવિક્ષણ વચ્ચે જીવવું એટલે શું! મારી આજુબાજુ અઢળક ચિત્રો દોરેલા કેન્વાસો ઉડી રહ્યા છે. ડરથી કંપિત થયા વગર એક વર્ગ માનવતા કાજે ઉભો થયો છે અને અઢળક લોકો સહાય કાર્યમાં મચી પડ્યા છે, ઓક્સિજન, પ્લાઝમા, અન્ન, નાણા, દવાનો પુરવઠો પૂરો પાડવા દિવસ-રાત જીવાડવાના, માનવ થવાના પ્રયત્નો, આશા બરકરાર રખાવે છે.

બીજી તરફ ડૉક્ટરો સફળતા અને અસફળતા વચ્ચે રોજેરોજ જુદા જ માનસિક પરિતાપમાં જીવી રહ્યા છે. તેમને અઢળક ફોનો આવે છે, દવા, વેક્સિંગ, હોસ્પિટલની ડિરેક્ટરી બની ગયા છે, દિવસ-રાત જાત-જાતના પડકાર છે. તેઓ ભૂલી ગયા છે, પરિવાર અને ઘરનું સરનામું.

નાના ઘરોમાંથી અઢળક લોકોના અવાજો બહાર સંભળાય છે, બાળકોની સ્કૂલો, ઓફિસો, રસોડાના વાસણો, રસ્તા પરની બધી ભીડ ઘરોમાં વર્તાય રહી છે. ઘરમાં પર ભટકાય છે, માણસો, અહંકાર, સંઘર્ષો. બપોરના સમયમાં પોતાની મરજીનું જીવી લેતી ગૃહણી હવે ગૂંગળાય છે, ઘરની દિવાલોને આટલો લાંબો સમય સાથે જીવવાનીઆદત નથી. દિવાલો પર અવાજના ચિત્રો દોરાયા છે. વર્ષો પછી કદાચ તેના પર સંશોધન થશે. બદલાયેલા સમયના નિશાનો વર્ષો સુધી રહેવાના. આ સમયે હૃદય પર જે અંકિત સ્મરણો આપ્યા છે તે પણ સદા રહેવાના. મૃત્યુનો ભય અને ચહેરો પણ સ્મૃતિપટ રહેશે. માનવજાતિની ટકી રહેવાની લડાઈ અને જીજીવિષાનો અનુભવ અને લાચારીની નિયતી પણ યાદ રહેશે. નાણાં હોવા છતાંની પરવશતાનો અનુભવ આ સમયે આપ્યો છે. આ સમયે માનવજાતિને, વિકાસને પ્રશ્નો પૂછીને તેની પરવશતાનો પણ અનુભવ આપ્યો છે. ૧૭મી માર્ચ ૨૦૨૦થી લોકડાઉનની આરંભાયેલી પરિસ્થિતિ આજે બીજા લોકડાઉનમાં આવીને અટકી છે. હજી આપણે પુરા મુક્ત થયા નથી. વિશાળ દેશના બધા જ નાગરિકોને વેક્સીન પૂરું પાડવું અને સહુ કોઈને સુરક્ષિત કવચમાં લાવવા, એ જનહિતનું કાર્ય સમાંતરે ચાલે છે. શ્રધ્ધા અને પરમ્પરા અને મૂલ્યો, આપણા કવચ પણ છે, એને આધારે આ સમય તરી જવાનો છે પણ આ સમય ભૂલવાનો નથી. આ સમય જીવનનો પાઠ બને, તે પણ જરૂરી. પ્રબુદ્ધ વાચકો સમતા રાખજો, ધીરજ ધરજો, આપણે આ સમયને પણ પાર કરી જશું. હજી સ્વપ્નની ટેકણ લાકડીએ થોડાં વર્ષો તરી જવા આપણા સહુના બાવડા મજબૂત છે, ખમીર મજબૂત છે. આપણો વિશ્વાસ મજબૂત છે.

# મારો અસબાબ – ૨

# અંતિમ વેળાએ અમૃત

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

*પદ્મશ્રી કુમારપાળ દેસાઈની કલમે 'મારો અસબાબ' શ્રેણીનું પ્રબુદ્ધ જીવનમાં અવતરણ એ અત્યંત પ્રસન્નતાની ક્ષણ છે. ઘણા વખતથી ઇચ્છા મનમાં હતી કે શ્રી કુમારપાળભાઈ પોતાના જીવનનો અસબાબ લખે, ખોલે અને આપણને વહેંચે.*

*કુમારપાળભાઈ વિષે ભરપૂર લખાયું છે, તેમને પોતે પણ ઘણાં લોકો વિષે લખ્યું છે. પણ છતાં તેમની સ્વ-કલમે તેમની વાત આવે, તેની મજા જ જુદી રહેવાની. પિતા જયભિખ્ખુ વિષે તેમને ઘણું લખ્યું પણ માતા વિષે પ્રમાણમાં ઓછું. 'મારો અસબાબ'ના પહેલા જ લેખમાં માતા વિષે કેવું સરસ સંવેદનશીલ ચિત્ર મળે છે. સ્મરણમાં અંકિત અનેક પ્રસંગો આ શ્રેણીમાં ઉઘડવાના છે. કુમારપાળભાઈ વિશ્વકોશના વડલા હેઠે બેસીને એક પછીએ એક રંગોને સ્મરણમાંથી ઉલેચી, શબ્દરૂપ આપશે, જીવન ચિત્ર આકારશે અને પ્રબુદ્ધ જીવન સામયિકને પોસ્ટ કરશે અને એ શબ્દ-ચિત્રો દર મહિને પ્રગટશે, અહીં.*

*આપણા સહુના આંગણે કુમારપાળ દેસાઈનો અસબાબ ધીરે ધીરે ખુલશે. જીવનસામગ્રીમાંથી એકએક રોચક પ્રસંગો મળશે. અઢળક પ્રસંગોની દાબડી ખોલશે. આ દાબડીમાં અનેક લોકો સાથેની તેમની મુલાકાતો, તેમના જીવનના રંગો અને કંઈકેટલુંયે રહેવાનું. જેમને ખૂબ જાણીએ છીએ અને છતાં તેમના વિષે કેટલું બધું નથી જાણતા, તેની અનુભૂતિ આ લેખોમાંથી હવે થવાની છે. ભરપૂર જીવેલા, જીવનને ઉત્સવ સમજીને માણતા કુમારપાળ દેસાઈના જીવનનું એક અનોખું ચિત્ર એટલે જ 'મારો અસબાબ'. અસબાબ શબ્દનો અર્થ થાય છે – સામગ્રી, રાચરચીલું, સરંજામ, સરસામાન. કુમારપાળ દેસાઈને પદ્મશ્રી કુમારપાળ દેસાઈ બનાવનાર સામગ્રીની રોચક , સ્મરણમાં રહેલી નોંધ છે, જે ખુલી રહી છે અને આપણને પ્રવેશ મળી રહ્યો છે, તેમના જીવનના એ ખંડમાં. તેઓ આપણને નવેરસોનું પાન કરાવશે.*

*આ લેખમાળા વર્ષોની સાધના પછી મળી છે, પહેલા શ્રી ધનવંતભાઈ શાહે કરી અને પછી મેં તપ કર્યું. પણ અત્યંત વ્યસ્તતા વચ્ચે કુમારપાળભાઈ પાછળ ઢકેલતા રહ્યા. અઢળક સંસ્થાઓ સાથેનું જોડાણ, ખૂબ કામ અને રોજેરોજ મળવા આવતા મિત્રો-પરિચિતો અને સાહિત્ય પ્રેમીઓ, આ બધા વચ્ચે નવું બંધન તેઓ લેવા ઇચ્છતા જ નહોતા. હાલના વિપરીત સંજોગોમાં ઓનલાઈન પ્રવૃત્તિનું ભારણ પણ એટલું જ વધ્યું હતું. પણ છેવટે 'પ્રબુદ્ધ જીવન' અને વાચકો પ્રત્યેના તેમના લગાવ અને સ્નેહની જીત થઈ. અને હવે દરમહિને આપણને મળશે કુમારપાળ દેસાઈના જીવનકથાના રોચક અને અનુભૂતિસભર પ્રસંગો. તો ચાલો, પ્રબુદ્ધ વાચકો, માણીએ અને મળીએ* ***આપણા સહુના પ્રિય એવા કુમારપાળ દેસાઈને 'મારો અસબાબ' રૂપે.***

*તમારો પ્રતિભાવ સર્જકને લખવાનું ચૂકતા નહીં. લેખના અંતે સરનામું આપેલું છે.*

**૧**૯૬૯ની ચોવીસમી ડિસેમ્બરની સાંજની પ્રત્યેક ક્ષણ આજેય ચિત્તમાં એટલી જ તાદશ છે. આજે પણ સાંજે ઘેર બેઠો હોઉં, ત્યારે અસ્તાચળની ઉદાસી મન પર ગમગીનીની છાયા લીંપી દે છે.

કેટલીક ઘટનાને કાળ ભૂંસી શકતો નથી કે સમય ભુલાવી શકતો નથી. ચિત્ત પર એ એવી અંકિત થઈ ગઈ હોય છે કે એની નાનીશી સ્મરણ-રેખાનું સ્મરણ થતાં આપોઆપ એ ભૂતકાલીન ઘટનાના પળેપળનાં આઘાત-પ્રત્યાઘાતનાં દશ્યો સ્મૃતિની ઊંડી ગર્તામાં બહાર આવીને મનઃપ્રત્યક્ષ થઈ જાય છે. પાંચ-પાંચ દાયકા વીતી ગયા હોવા છતાં એ ઘટના ચિત્તની આંખ સામેથી જરાય અહીં-તહીં ખસી નથી અને એની દશ્ય-રેખાઓ મનમાં સહેજે વિલાઈ નથી.

એ સાંજે મારા પિતા (સાહિત્યકાર જયભિખ્ખુ) પર હાર્ટઍટેકનો ગંભીર હુમલો થયો અને બે-ત્રણ મિનિટમાં તો એવો ધરતીકંપ સર્જાયો કે અમે બહુ એ અકલ્પ્ય ઘટનાથી દુઃખ-વેદનામાં ઘરબાઈ ગયા.

અકળ મૃત્યુને તો કોણ કળી શક્યું છે? જેણે એમ કહ્યું કે હું કળી શકું છું અને એ ઘડી કહી શકું છું, એય ભાગ્યે જ કળી શક્યા છે. આમ તો 'જયભિખ્ખુ'નો દેહ રોગનું ઘર બન્યો હતો. છેલ્લાં પંદર વર્ષથી ડાયાબિટીસ હોવા છતાં તેમણે મોજથી મીઠાઈ ખાધી ને અન્યને ભાવથી ખવડાવી હતી. પિસ્તાળીસથી વધુ વર્ષથી આંખો નબળી હતી. દસ વર્ષથી બ્લડ પ્રેશર રહેતું હતું. છેલ્લે બે વર્ષથી કિડની પર પણ થોડી અસર થઈ હતી. પગે સોજા રહે, ક્યારેક

કબજિયાત કે કફ થઈ આવે, આમ છતાં ઇચ્છાશક્તિના બળે પોતીકી મોજ-મસ્તીથી રહેતા હતા. પોતાની રોજનીશીમાં અવસાનના એક મહિના પૂર્વે રોગોની લાંબી સૂચિ આપીને નોંધે છે,

'મનમાં ખૂબ મોજ છે, જિંદગી જીવવાની રીતે જિવાય છે.'

'જિંદગી જાત્રા જેવી, રાજા મહારાજા જેવી, શ્રીમંત-શાહુકાર જેવી ગઈ છે, તેથી પાછળ સહુએ હસતે મોઢે રહેવું.'

એમણે લખી રાખેલા વિદાય સંદેશનું અંતિમ વાક્ય છે, 'સહુએ અગરબત્તી જેવું જીવન જીવવું.'

આવાં દર્દો ધરાવનારનું મૃત્યુ સામાન્યતઃ દીર્ઘ અને દર્દભરી બીમારી બાદ થતું હોય છે, પણ કોણ જાણે કેમ જયભિખ્ખુ એમના આગવા મિજાજથી મિત્રોને અને પરિવારજનોને કહેતા કે મારું મૃત્યુ એકાએક જ થશે. અરે! વહેલી સવારે તમે અખબાર ખોલશો અને જાણ થશે કે તમારા આ મિત્રએ વિદાય લીધી છે! વિદાય લેતાં પૂર્વે મારા સ્વજન તરીકે મને તમારી પ્રેમાળ ઉપસ્થિતિ મળશે નહીં.

આવું શા માટે કહેતા હશે? કદાચ એવું પણ હોય કે ખુમારી અને મિજાજથી જિંદગી જીવનારા આ સર્જકને લાંબી બીમારીની લાચારી પસંદ ન હોય. પિતાની સમૃદ્ધિમાંથી એક પાઈ પણ ન લેનાર અને વેપારને ખોળે માથું મૂકીને જીવતા સમાજમાં કલમને ખોળે માથું મૂકીને ખુમારી અને સ્વમાનથી જીવનાર જયભિખ્ખુને મૃત્યુ વેળાએય કોઈ લાચારી ખપતી નહોતી.

અમને સહુને તો ઘણી વાર કહેતા કે હું જાતે પાણીનો પ્યાલો પીતો હોઉં, તે રીતે આખરી વિદાય લઈશ. કોઈ પાણી પાય અને મારે પાણી પીવું પડે એવું ઓશિયાળાપણું સહેજે ન પરવડે. એમની આવી વાત સાંભળીને ઘણી વાર મીઠો ઝઘડો પણ કરતાં અને કહેતાં પણ ખરાં કે શું અમે બધા એવા છીએ કે તમારી સેવા ન કરીએ? પણ જેમ જીવનમાં એમણે એમનું ધાર્યું કર્યું, એ જ રીતે મૃત્યુમાં પણ પોતાનું ધાર્યું જ કર્યું!

૧૯૬૯ની ચોવીસમી ડિસેમ્બરની એ સાંજે એમને ફ્લ્યૂનો ૧૦૨ ડિગ્રી તાવ હતો; અમે બધાં એમના લેખન-ખંડમાં બેઠાં હતાં. કહ્યું કે કૉફી પીવી છે. કૉફી આવતાં મારી માતાએ કહ્યું, 'લાવો, હું તમને પિવડાવું.' એમણે ચોખ્ખી ના પાડી. કોઈના ટેકા વિના જાતે પલંગ પર બેઠા અને રકાબીમાં કૉફી લઈને નિરાંતે પીધી. એ પછી પથારીમાં જરા આડા પડ્યા કે મૅસિવ હાર્ટઍટેક આવ્યો. તરત ડૉક્ટર આવ્યા, મસાજ કર્યું, પણ કશું કારગત ન નીવડ્યું.

અમારા સહુને માથે તો ધોળે દિવસ વીજળી પડી! ખરે બપોરે મધરાત થઈ. એકાએક કોઈ ડુંગર માથા પર તૂટી પડે અને એ ડુંગરની શિલાઓ સતત નીચે ગબડતી હોય એવો અનુભવ થયો. મેં માત્ર છત્રછાયા સમા પિતા જ ગુમાવ્યા નહોતા, બલ્કે એક જિગરજાન મિત્રે એકાએક હાથતાળી આપી દઈને પળમાં છેતરીને વિદાય લઈ લીધી હોય, તેમ લાગ્યું!

આવે સમયે હું સતત ગમગીન રહેતો હતો. રોજ બેસીને 'જયભિખ્ખુ'ની સાથે ભોજન લેવાનું હોય, આથી ટેબલ પર બેસું કે સઘળી સ્મૃતિઓ સળવળી ઊઠે! હું જમ્યા વિના જ ઊભો થઈ જતો.

બે દિવસ પછીની એક સાંજે હું ઉદાસ બેઠો હતો. મારી માતા મારી પાસે આવ્યાં અને હિંમતથી કહ્યું, 'તું સિંહનું સંતાન છે. તું આમ કાયર ન થા. મને જો, હું કેટલી હિંમત રાખું છું. તું જાણે છે કે મને એમને માટે કેટલું બધું હતું, પણ હવે હું મારા દીકરા પર નજર રાખીને જીવું છું.'

માતાની હિંમત જોઈને હું ચકિત થઈ ગયો. વાત સાવ સાચી હતી.

હકીકતમાં હું વિચારતો હતો કે મારી માતા તો કેટલી બધી નોંધારી થઈ ગઈ! એના જીવનનું કેન્દ્ર જ નહીં, કિંતુ જીવનસર્વસ્વ પળમાં હરાઈ ગયું હતું. પણ આ વિષદ વેળાએ સંતાન અને પરિવારને કાજે એમણે અડગ ધૈર્ય દાખવ્યું. પિતાની એવી ઇચ્છા કે એમના મૃત્યુ વખતે કોઈ રડે નહીં. એમણે એ જ દૃઢતા રાખીને એમની ઇચ્છાનું એમના મૃત્યુ પછી પૂર્ણ રૂપે પાલન કર્યું.

મારા પિતાનું અવસાન થયું ત્યારે મારા મામા હૉસ્પિટલમાં હતા. એમણે અમદાવાદના વિખ્યાત આંખના ડૉક્ટર શ્રી મદનમોહન પરીખ પાસે મોતિયાનું ઑપરેશન કરાવ્યું હતું. એ જમાનામાં મોતિયાના ઑપરેશન પછી અઠવાડિયું હૉસ્પિટલમાં ચત્તાપાટ સૂઈ રહેવું પડે. કાળા ડાબલા જેવાં મોટાં ચશ્માં પહેરવાં પડે. આંખની ખૂબ સંભાળ લેવી પડે. ઉધરસ કે છીંક ન આવવી જોઈએ. એમને આ સમાચાર મળે તો સાહજિક રીતે જ પોતાના બનેવીના અવસાનના આઘાતથી રડવા લાગે. તો હંમેશને માટે દૃષ્ટિ ગુમાવવાનો ભય હતો. એમને આ સમાચાર મળે નહીં, તે માટે અમે સહુએ એમની ચોપાસ પહેરો ગોઠવ્યો હતો.

હૉસ્પિટલમાં મારાં મામી મળવા આવનારને પહેલેથી જ સૂચનાં આપતા કે આ માઠા સમાચાર અંગે એક શબ્દ પણ બોલશો નહીં. દૈનિક પત્ર પણ એમને મળે નહીં. કદાચ કોઈ વાંચી સંભળાવે અને જાણ થઈ જાય તો! મારા પિતાના અવસાન બાદ ત્રણેક દિવસે મામાને ઘેર લાવ્યા. હવે એમને આ અકાળ અવસાનના કારી આઘાત સમા સમાચાર કહેવા કઈ રીતે? બહેન પરનો વજ્રાઘાત ભાઈ પર કેટલો બધો દુઃખદ નીવડે? કોણ સમજાવે? કોણ સાંત્વના આપે? ઘણા સંબંધીઓ અંગે વિચારણા થઈ. છેવટે મારી માતાએ

એમને સમજાવવાનું માથે લીધું. મામાની પાસે જઈને સ્વસ્થતાથી ધીરે ધીરે સઘળી વાત કરી. મામા લાગણીનો ઊભરો ઠાલવે તે પહેલાં એમને અટકાવતાં મારી માતાએ કહ્યું, 'ભાઈ, રડશો નહીં. રડશો તો મરનારને દોષ લાગશે. બનવાનું હતું તે બની ગયું છે.'

અને આ રીતે એક મહાસંકટમાંથી અમે મુક્ત થયાં. આમેય મારા પિતા એમની હિંમત અને સાહસ માટે આસપાસના સમાજમાં જાણીતા હતા. જાનનું જોખમ વહોરીને એમણે અસામાજિક તત્ત્વોને ઝડપવામાં કે ખુલ્લાં પાડવામાં ક્યારેય પાછી પાની કરી નહોતી. મારા પિતાનું સાહસ સામાજિક કાર્યોમાં પ્રગટ થયું, તો મારાં માતાના ધૈર્ય અને હિંમત કુટુંબવ્યવહારની કપરી ગૂંચો ઉકેલતી વખતે જોવા મળ્યાં.

મારી માતા વિશે વિચારું છું ત્યારે મને એમની દઢ હિંમત કરતાં એમનું અપાર વાત્સલ્ય વધુ સ્પર્શી જાય છે. માતાને વાત્સલ્યનું રૂપ કહ્યું છે અને આજે પણ મને સતત પ્રશ્ન થાય છે કે મારી માતાનું વાત્સલ્ય માત્ર મને જ સાંપડ્યું છે? ના, મારા મસિયાઈ ભાઈ કિશોરભાઈ દોશી અમેરિકાના હ્યુસ્ટનમાં બાયપાસ સર્જરી કરાવતી વખતે ઇચ્છા રાખે કે માશી એ સમયે હાજર રહે તો સારું. ઇંગ્લૅન્ડ વસતા મારા કાકાના દીકરા ડૉ. શરદ દેસાઈને સૌથી વધુ ખબર પૂછવાની આતુરતા મારી માતાની રહેતી હતી. આવી જ રીતે જ્યાં જોઉં છું ત્યાં મારી આસપાસના મિત્રો, સ્નેહીઓ અને સગાંઓનું હૃદય આજે ય મારી માતા પાસેથી પ્રાપ્ત થતાં વાત્સલ્યથી ભરપૂર છે. આ વાત્સલ્ય પર મારા એકલાનો અધિકાર છે? ના, એ સહુ કોઈ પર વાત્સલ્યની વર્ષા કરનારાં માતા હતાં!

૧૯૯૦માં એને 'બુલિસ પેમ્પીગૉઇડ' નામનો સ્કીનનો યાતનાભર્યો રોગ થયો. શરીર પર દાઝ્યા હોય, તેવા મોટા ફોલ્લા થાય, અસહ્ય પીડા થાય. સ્થૂળ શરીરને કારણે ચાલવાની વાત તો દૂર રહી, પણ બેસવાનીય મુશ્કેલી પડવા લાગી. આવે સમયે પ્રસિદ્ધ સ્કીન સ્પેશિયાલિસ્ટ ડૉ. સી. એફ. શાહ એમને તપાસવા આવ્યા, મારી માતાએ ખૂબ શાંતિથી એમની સાથે દર્દ અંગેની સઘળી માહિતી આપી. ડૉક્ટરને આશ્ચર્ય થયું કે આટલું બધું ગંભીર દર્દ અને ચહેરા પર આટલી બધી શાંતિ! વાણીમાં આટલું બધું વહાલ! એમણે નીકળતી વખતે કહ્યું, 'ભાઈ, કેટલાંક દર્દી ડૉક્ટરને શીખવે છે. તમારા માતુશ્રીની શાંતિ અને સમતામાંથી અમારે શીખવા જેવું છે.'

લગભગ છ મહિના સુધી એમની માંદગી ચાલી. એ સમયે અનિવાર્ય એવા અધ્યાપનકાર્ય સિવાય ક્યાંય બહાર ગયો નહીં. પર્યુષણપર્વ સમયે સિંગાપોર જૈન સોસાયટીમાં પ્રવચનો આપવા જવાનું હતું. એને માટે મારા મિત્ર અને સિંગાપોરના જૈન સમાજના અગ્રણી શ્રી નગીનદાસ દોશીએ વારંવાર અતિ આગ્રહ કર્યો અને પ્રત્યેક સમયે મારે ક્ષમાયાચના જ કરવી પડી! દાનવીર શ્રી દીપચંદભાઈ ગારડીને મારી માતાની બીમારીની જાણ થઈ. એ મુંબઈથી ખબરઅંતર પૂછવા માટે ખાસ આવ્યા અને જતી વખતે એકત્રિત થયેલા પરિવારને એમણે કહેલા એ શબ્દો આજેય સ્મરણમાં છે. એમણે કહ્યું,

'તમને બધાને સેવા કરવાનો મહાપુણ્યનો અવસર મળ્યો છે.'

ધીરે ધીરે માતાનો જીવનદીપ બુઝાતો જતો હતો અને એક દિવસ મને એમની પાસે બોલાવ્યો. બારણું બંધ કરવાનું કહ્યું. મને થયું કે જરૂર, કુટુંબની સંભાળ અંગે કોઈ અંગત વાત કરવાની હશે, ત્યારે એમણે કહ્યું, 'મારે કોઈની સંભાળ તને સોંપવાની નથી. આપણા કુટુંબના બે યુવાન છોકરાઓ પર આપત્તિ આવી હતી અને એમના પરિવારને જાળવવાની જવાબદારી મેં તને સોંપી હતી તે તો તેં નિભાવી છે. હવે મારે તને એક વાત કહેવાની છે.'

'કહો',

એમણે કહ્યું, 'મારે તને ત્રણ શીખ આપવાની છે. એક એ કે 'સારું જોજે.''

આ જગતમાં ઘણા કાંટા જીવનમાં ચુભાતા હોય છે, પરંતુ એને ભુલીને સઘળે ગુલાબ જોજે. શુભ દૃષ્ટિથી તને સોહામણું જગત મળશે. બીજી વાત એ કે 'સૌનું જોજે'. પોતે સુખી હોય તેટલું પૂરતું નથી. પરિવારજનો સુખી હોય અને આસપાસના સ્વજનો સુખી હોય, તેને માટે પ્રયત્ન કરજે અને ત્રીજું 'ઊંચું જોજે.' જે કંઈ પ્રાપ્ત થયું હોય, એનો મિથ્યા ગર્વ કે અભિમાન કરવાને બદલે તારાથી વધુ ઊંચી પ્રાપ્તિ કે સિદ્ધિ મેળવનારને નમ્રતાથી જોજે અને તે પામવા પ્રયત્ન કરજે. બસ! મારી આ ત્રણ વાત છે.

છ મહિનાની લાંબી માંદગીમાં સ્વસ્થતાથી દર્દની વેદના પચાવનારી માતાએ ૧૯૯૦ની પહેલી મેએ વિદાય લીધી, પણ એમનો વિદાય સંદેશ એ મને આગમસૂત્રો, ઉપનિષદો કે શ્રીમદ્ ભગવદ્ગીતા કરતાંય વધુ જીવનકલા શીખવી ગયો. એમણે આપેલી કોઠાસૂઝ, વિષમ પરિસ્થિતિ વચ્ચે શાંતિથી ટકી શકવાનું બળ, વિરોધો વચ્ચે માર્ગ કાઢવાની શક્તિ અને પરોપકાર અને પ્રસન્નતાથી જીવવાનાની એમની દૃષ્ટિ આજેય અદૃષ્ટ માર્ગદર્શન આપે છે!

પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર, લેખક જયભિખ્ખુના પરમ મિત્ર હતા અને જયભિખ્ખુ અને ધીરુભાઈ ઠાકરના કુટુંબ વચ્ચે ઘરોબો હતો. આથી જયભિખ્ખુ અને જયાબહેન બંનેના સ્નેહને પામનારી ડૉ. ધીરુભાઈ ઠાકરની પુત્રી હિના નીતિન શુકલ મને હંમેશાં કહે છે : 'તમે બાલાકાકા(જયભિખ્ખુ)નું જીવનચરિત્ર લખ્યું,

પરંતુ તમારે જયાકાકીનું જીવનચરિત્ર લખવું જોઈએ.'

પણ ક્યાંથી લખી શકું? જેમ જેમ જીવન વ્યતીત થાય છે, તેમ તેમ એમણે આપેલી સમજનાં નવાં પુષ્પો નિહાળું છું.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં અમારા આદરણીય સહયોગી એવા ગુજરાતનાં પ્રસિદ્ધ લેખિકા ધીરુબહેન પટેલ ઘણી વાર કપરા સંજોગોને શાંતિથી ઉકેલવાની મારી રીત જોઈને મને સવાલ કરે છે કે આ આવડત તમને મળી ક્યાંથી? ત્યારે હું જવાબ આપું છું 'મારી માતા પાસેથી'. એ હસતાં હસતાં કહે છે, 'મને તમારી માનો એક ફોટો આપો ને!'

જે ફોટોએ જીવન આપ્યું અને એથીય વધારે જીવનકલા શીખવી, એ હૈયાસરસો ચાંપી રાખેલો ફોટો હું તમને કઈ રીતે આપી શકું? (ક્રમશઃ)

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૪૦ ૧૯૯૨૫

**સરનામું :**

ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ

રમેશ પાર્કની બાજુમાં, વિશ્વકોશ માર્ગ,

ઉસ્માનપુરા, અમદાવાદ

# આનંદઘનજીનાં પદો

**ડૉ. નરેશ વેદ**

ઈસ્વીસન બારમી સદીથી આરંભાતું મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય કવિગણ, કાવ્યાદર્શન, ક્વનવિષયો, કાવ્યસ્વરૂપો અને કાવ્યબાનીની દષ્ટિએ ખૂબ નોંધપાત્ર છે. દેશ આખાના મધ્યકાલીન સાહિત્યમાં એ આગવી ભાત પાડે છે. આ સાહિત્યમાં નરસિંહ, મીરાં, અખો, પ્રેમાનંદ, શામળ, દયારામ, ભાલણ, નાકર, વિષ્ણુદાસ, વિશ્વનાથ જાની જેવા કેટલાંય જૈનેતર કવિઓની માફક હેમચંદ્રાચાર્યજી, મેરુતુંગજી, શાલિભદ્રસૂરિજી, વિજયસેન સૂરિ, વિનયચંદ્રજી, જિનપદ્મસૂરિ, રાજશેખરસૂરિજી, જયશેખરસૂરિજી, સોમસુંદરસૂરિજી વગેરે અનેક જૈન કવિઓનો મોટો ફાળો છે. મધ્યકાળના આ બધા જૈન કવિઓમાં આનંદઘનજીની કાવ્યરિદ્ધિ સાહિત્યના ભાવકોને પ્રસન્ન કરી મૂકે એવી છે.

શ્રી આનંદઘનજીના જીવન વિશે પ્રમાણભૂત વિગતો ખાસ મળતી નથી. એમના વિશે જે દંતકથાઓ પ્રચલિત થયેલી છે, એ મુજબ એમનો જન્મ આજના રાજસ્થાનમાં આવેલા રાજપૂતાનામાં સત્તરમી સદીમાં શ્વેતામ્બર સંપ્રદાયના જૈન પરિવારમાં થયો હતો. એમના જન્મવર્ષ વિશે જુદા જુદા મતો વિદ્વાનો ધરાવે છે. એ બધાને લક્ષમાં લેતાં એટલું કહી શકાય કે એમનો જન્મ સન ૧૬૨૪ પહેલાં થયો હતો; સંભવતઃ સન ૧૬૦૩ અથવા ૧૬૦૪માં. એમનું અવસાન રાજસ્થાનના મેડતામાં ૧૭મી સદી દરમ્યાન જ થયું હતું. સંભવતઃ મેડતાના વિખ્યાત કવયિત્રી મીરાંબાઈ પછી લગભગ ૧૫૦ વર્ષ પછી એમની જીવનક્વન યાત્રા ચાલી હશે. એમનું સાંસારિક નામ લાભાનંદ હતું. એમણે ક્યારે કોની પાસેથી દીક્ષા ગ્રહણ કરી હતી, એ જાણવા મળતું નથી. દીક્ષા લીધા પછી એમને નવું નામાભિધાન મળ્યું હતું. મૂળે તો તેઓ તપાગચ્છના હતા, પરંતુ એ ગચ્છના સાધુઓની તપશીલમાં એમના વિશેનો ઉલ્લેખ મળતો નથી. તત્કાલીન સાંપ્રદાયિક સંકુચિતતાઓથી વાજ આવી જઈને એમણે સંપ્રદાય છોડી દીધો હતો, ત્યાર બાદ તેઓ કોઈપણ સંપ્રદાયના વાડા કે તડામાં જોડાયા વિના એક પરિવ્રાજક સાધુ તરીકે જીવ્યા હતા. એ દરમ્યાન એમણે અધ્યાત્મ અને યોગનું જ્ઞાન કોની પાસેથી મેળવ્યું હતું તેની કોઈ વિગતો પણ જાણવા મળતી નથી. કદાચ સત્તરમી સદીના જૈનેતર કવિ અખાની માફક 'ગુરુ થા તારો તુજ' એવો સંકલ્પ કરી તેઓ પણ આત્માનું જ્ઞાન પામવા જાતે મથ્યા હોય. કઠોર સાધના તથા ઉગ્ર આત્મનિરીક્ષણ અને પૃથક્કરણ કરતાં કરતાં તેઓ સ્વ-રૂપ સાથે અનુસંધાન સાધનાર અવધૂત યોગી થયા હશે, એવું અનુમાન કરી શકાય છે. થોડો સમય તેઓ માઉન્ટ આબુ ખાતે અને થોડો સમય જોધપુરમાં રહ્યાનાં સંદર્ભો મળે છે, ત્યાં તેઓનો મેળાપ યશોવિજયજી મહારાજ સાથે થયો હતો. એમનાં જ્ઞાન સાધનાથી પ્રભાવિત થઈ યશોવિજયજી મહારાજે એમના વિશે એક અષ્ટપદીની રચના કરેલી હતી, તેમ એમની 'ચોવીસી' ઉપર ભાષ્ય પણ લખ્યું હતું. એમના દેહવિલયનું વર્ષ પણ ચોક્કસપણે કહી શકાતું નથી. કોઈ વિદ્વાન તેઓ સન ૧૬૭૩ અથવા ૧૬૭૪માં અવસાન પામ્યા હશે એમ કહે છે. સન ૧૬૯૪ પહેલાં એમનું દેહાવસાન થયું હશે એટલું તો ચોક્કસપણે કહી શકાય છે.

એમના જીવન વિશે આટલી વિગતો જોયા પછી એમના ક્વન વિશે વાત કરીએ તો એમની પાસેથી સાહિત્યિક રચનાઓ બે મળી છે. એ છે : (૧) 'આનંદઘન ચોવીસી' (૨) 'આનંદઘન બહોતરી',

એમના પહેલા ગ્રંથમાં ચોવીસ તીર્થંકરો પૈકી બાવીસ તીર્થંકરો વિશે નિરૂપણ થયેલું છે અને એમના બીજા ગ્રંથમાં એમનાં પદોનો સંચય છે. એમની પદરચનાઓથી આકર્ષાઈને કચ્છના, મૂળ તો વેપારી પણ આત્મપ્રત્યય વડે સ્વાનુભૂતિ સંપન્ન થયેલા ખીમજીબાપા (ખીમજીભાઈ વાઘજીભાઈ વોરા) એ વર્ષો સુધી આનંદઘનજીનાં પદો એકઠાં કરી, એમના પર મનન-ચિંતન-વિમર્શણ કરીને અત્યંત માર્મિક નોંધો તૈયાર કરી હતી. એ એમણે પંન્યાસપ્રવરશ્રી મુક્તિદર્શનવિજયજીને સોંપીને, એને પુસ્તકાકારે પ્રગટ કરી, એનો પ્રચાર અને પ્રસાર કરવા વિનંતી કરેલી. એનો સ્વીકાર કરીને એ મહારાજશ્રીએ આ પદો ઉપર પહેલાં ચાતુર્માસિક પ્રવચનો આપ્યાં હતાં અને પછી 'પરમ પદદાયી આનંઘન પદદેહ' એ નામે, પોતાનાં અને અન્યનાં ભાષ્યો સાથે બે ખંડમાં ગ્રંથસ્થ કર્યાં હતાં. શ્રી શ્રેયસસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘે એ પ્રગટ કર્યા છે. તેમાં કુલ ૧૧૦ પદો છે, એમાંથી બે પદો શ્રી આનંદઘનજીના હોવા વિશે શંકા ઉત્પન્ન કરે છે, તેથી એમના ૧૦૮ પદો આપણા આસ્વાદ અને અવબોધનો વિષય બન્યાં છે. આ ગ્રંથો પ્રગટ થયાં એ પૂર્વે શ્રી મોતીલાલ કાપડિયાજીએ પણ આ કવિનાં પદોનાં બે સંકલનો પ્રગટ કર્યાં હતાં.

સામાન્ય રીતે મધ્યકાલીન જૈન કવિઓએ પોતાની અભિવ્યક્તિનાં માધ્યમ રૂપે પ્રબંધ, ચરિત, ફાગુ, રાસા અને પદ્યવાર્તા જેવાં સાહિત્ય-સ્વરૂપ પસંદ કર્યાં હતાં. પરંતુ મધ્યકાળના આ કવિ આનંદઘનજીનું પ્રિય કાવ્યસ્વરૂપ પદનું રહ્યું છે.

આ પદોમાં ક્વનવિષય છે સ્વયંને પામવાનો એટલે કે આત્મા સાથે સંધાણ કરવાનો. એમાં નવાઈ પામવા જેવું નથી, કેમકે એમનું સમગ્ર જીવન પણ આત્મતત્ત્વને પામવા માટેની મથામણનું જ હતું. એમને આ જગતની કોઈ વ્યક્તિ કે વસ્તુમાં આસક્તિ ન હતી. સંસાર સાથેના કોઈ અધ્યાસો (associations) ન હતા. આપણે સૌ તો અધ્યાસો, અભિનિવેશો અને આસક્તિઓના વિશ્વમાં જીવીએ છીએ. પરંતુ એમને તો થાવું હતું આનંદમય સત્યલોકના વતની. સામાન્ય રીતે માણસ સંસારમાં આ-રક્ત અને આસક્ત હોય છે. પરંતુ જેમને આતમધન પામવું હોય તેમણે આ આરક્તિમાંથી વિરક્તિ અને આસક્તિમાંથી નિરાસક્તિમાં જવાનું હોય છે, એ વાત કવિને બરાબર સમજાઈ ગયેલી. એટલે 'જે ખરેખર મારું પોતાનું છે અને જે ત્રિકાળે છે તે જ તત્ત્વ મને કેમ મળે?' એવી એક માત્ર લગનીથી એમણે પહેલા ઘરબાર છોડી જૈનશાસન નિર્દિષ્ટ ત્યાગમાર્ગ સ્વીકાર્યો હતો અને પછી સંપ્રદાયવાદનો પણ ત્યાગ કરી પરિવ્રાજકનો જંગલનો માર્ગ સ્વીકારી એકાંકી બનીને સાધના કરી હતી. એમને એ વાતની પતી જ પડી ગયેલી કે માટી બદલ્યા વિના મર્મની ઝાંખી થતી નથી. એટલે એમણે માટી બદલવાનો ઉપક્રમ કર્યો હતો. અભાવના મરુદેશમાંથી સ્વ-ભાવની કુંજઘટામાં વિચરવાનો ઉદ્દેશ હોવાથી એમણે પોતાની યોગ અને અધ્યાત્મ સાધના વડે ભોગની રમણભૂમિને આનંદ ઉપભોગની અમરાઈમાં પલટી હતી. દુર્લભ એવા મનુષ્યાવતારને તેઓ એળે જવા દેવા માગતા ન હતા. તેથી એમનાં પદોમાં પોતાના સાધનાકાળ દરમ્યાન આત્મપ્રાપ્તિના તલસાટ અને તરફડાટમાં થયેલી અનુભૂતિનાં સંવેદનો નિરૂપાયાં છે. બીજી રીતે કહીએ તો એમણે યોગ અને અધ્યાત્મક્ષેત્રે વિકાસ કરતાં જે જે ભાવસ્થિતિઓ અનુભવી હતી એ અનુભૂતિઓનું આ પદોમાં નિરૂપણ થયેલું છે.

આ પદોમાં નિરૂપ્યમાણ ભાવસંવેદનાઓ મુખ્યત્વે ચાર વિષયોની છે : (૧) અધ્યાત્મને લગતી (૨) યોગને લગતી (૩) વૈરાગ્યને લગતી અને (૪) પ્રાર્થનાઓ.

**અધ્યાત્મભાવની રચનાઓ :**

'સુહાગણ જાગી', 'અવધૂ નટ નાગર કી બાજી', 'મેરે ઘટ ગ્યાન ભાનુ ભયો ભોર', 'આજ સુહાગન નારી અવધૂ', 'નિશાની કહાઁ બતાવું રે', 'અવધૂ અનુભવ કલિકા જાગી', 'અવધૂ નામ હમારા રાખે', 'અબ હમ અમર ભયે', 'મેરે પ્રાન આનંદઘન', 'ચેતન શુદ્ધ આતમકું ધ્યાવો', 'તુમ જ્ઞાન વિભો ફૂલી વસંત', 'મેરે એ પ્રભુ ચાહીએ' વગેરે અધ્યાત્મભાવની રચનાઓ છે.

**યોગવિષયક રચનાઓ :**

'આતમ અનુભવ રસિક હો', 'આતમ અનુભવ ફૂલકી નવલી કોઉ રીત', 'દુલહ નારી તું બડી બાવરી', 'વારે નાહ સંગ મેરો', 'તું જાગે ચિત્ર લ્યા ઉરે વહાલા', 'ઠગોરી ભગોરી લગોરી જગોરી' વગેરે યોગવિષયક ભાવ રજૂ કરતાં પદો છે.

**વૈરાગ્યભાવની રચનાઓ :**

'ક્યા સોવે ઉઠ જાગ રે', 'રે ઘરિયારી બાઉ રે', 'જીય જાને મેરી સફલ ધરીરી', 'આશા ઔરન કી ક્યા કીજે', 'અવધૂ વૈરાગ બેટા જાયા' વગેરે વૈરાગ્ય ભાવની રચનાઓ છે. આવો વિરહ ભાવ પ્રગટ કરતી અન્ય રચનાઓ છે : 'જોઉં તારી વાટડી', 'મુને મહારો કબ મિલસે જાન મેલૂ', 'ક્યારે મુને મિલસે મહારો સંત સનેહી', 'અવધૂ ક્યા માગુ ગુજાહીન', 'મિલાયી આન મિલી વો રે', 'પિયા બીનુ શુદ્ધ બુદ્ધ ભૂલી હો', 'પિયા લીન નિશદિન ઝૂરું', 'કંચનવરણો નાહ રે મને કોઈ મિલાવો', 'ભાદુંકી રાતી કાતિસી વહે', 'પ્યારે આય મિલો કહાઁ

ચેતે જાત', 'પિયા બીન સુધબુધ ખૂંદી હો', 'પ્રીતકી રીત નહીં હો, પ્રીતમ', 'ભોલે લોગા હું રડું તુમ ભલે હાંસા', આ વિષયની રચનાઓની સંખ્યા જોતાં જ ખ્યાલ આવશે કે એમનો આ પદોમાં ઘૂંટાતો મુખ્યભાવ વિરહનો છે. પિયુ મિલનની ઝંખના, ધમના, તલસાટ, વલોળાટ, પીડા ઉત્કટ રૂપે એમાં નિરૂપાઈ છે.

મિલન ભાવની રચનાઓ અહીં અપવાદ રૂપે જ છે. જેમ કે, 'મન સા નટ નાગર સૂં મેરી હો!', 'સુહાગણ જાગી અનુભવ પ્રીત', 'અવધૂ રામ રામ જગ ગાવે', 'મીઠડો લાગે કંતડો ને ખોટો લાગે લૉક' વગેરે. મીરાંનગરના આ કવિ પણ મીરાંની માફક સંયોગશૃંગાર કરતાં વિરહના વિપ્રલંભ શૃંગારના ભાવને વધારે ઘૂંટે છે.

**પ્રાર્થનાઓ :**

'વ્રજનાથ સે સુનાથ વિહા, હાથોહાથ વિકાયો', 'રામ કહો રહેમાન કહો કોઉ', 'પ્રભુ તો સમ અવર ન કોઈ', 'નિરાધાર કેમ મૂકી, શ્યામ મુને', 'મનુ પ્યારા મનુ પ્યારા રિષભદેવ મનુ પ્યારા', 'હું તો પ્રણમું સદ્‌ગુરુ રાયા રે', 'મેરે એ પ્રભુ ચાકીએ નત્ય દરસન પાઉં' – આર્ત અને આર્દ્ર હૃદયથી થતી પ્રાર્થનાઓ છે.

જે ખરેખર પોતાનું છે અને જે ત્રણેય કાળમાં શાશ્વત છે તેવું આત્મસત્ય ક્યારે મળે એ એમનું મુખ્ય ધ્યેય હોવાથી જેમ જેમ સમય વીતતો જાય છે તેમ તેમ એમની અધીરાઈ વધતી જાય છે, પોતાની જાતને ઠપકો આપી સન્નદ કરતા જાય છે, એમને વિયોગની પીડા તીવ્રતર થતી અનુભવાય છે. ઉત્કટ વૈરાગ્ય ભાવ જાગતાં એ યોગસાધનામાં બાવરી બની મગ્ન થઈ જાય છે અને જ્યારે આત્માનો અનુભવ થાય છે ત્યારે પોતાનામાં જ્ઞાનોદય કેવો થયો, કેવો આહલાદક અનુભવ થયો, જેથી પોતે સુહાગણ થયા, પ્રાણ આનંદઘન થયો અને પોતે અમર થઈ ચૂક્યા – એવાં બધાં ભાવસંવેદનો રૂપકાત્મક ભાષામાં આ પદોમાં પ્રગટ થયા છે.

પોતાનાં આ ભાવસંવેદનોને અભિવ્યક્ત કરવા એમણે એક પ્રધાન રૂપક ખપમાં લીધું છે. એ રૂપક છે સુમતિ, કુમતિ અને ચેતનનું. ચેતન આત્મા કુમતિ એટલે અશુદ્ધ ચેતનામાં અનુરક્ત થઈ શુદ્ધ ચેતનરૂપ સુમતિને છોડીને કુમતિને ત્યાં ચાલ્યો ગયો છે. કુમતિ તેને અનેક પ્રકારના સાંસારિક વ્યામોહોમાં રોકી રાખે છે, તેથી સુમતિ એને સ્વઘેર પરત આવવા વિનંતી કરે. સુમતિ જાણે છે કે ચેતનરૂપ આતમરામ કુમતિને ત્યાં ભોગનિદ્રામાં ડૂબી ગયો છે. તેથી 'ક્યા સોવે ઊઠ જાગ બાઉ રે' / અંજલિજલ જ્યું આયુ ઘટત હૈ / દેત પહોરિયા ધરિય ધાઉ રે' કહીને એને જગાડવાની ચેષ્ટા કરે છે. કાળ ખોબામાંથી સરકી જતાં જળની જેમ સરકતો રહે છે, ઘડિયાળ કાળના ડંકા મારે છે, આયુષ્ય પ્રતિક્ષણ ઘટતું જાય છે. આ જાગ્રતિ તે આત્મજાગ્રતિ છે. એ કેવળ શાસ્ત્રબોધથી પમાય નહીં; અનુભવથી પમાય. એવો અનુભવ સાધનાના પુરુષાર્થ વડે જ પ્રાપ્ત થાય. પરંતુ એ માટે મોહનિદ્રામાંથી જાગીને સક્રિય થવું પડે. આ જિંદગી મરણ લગણ કેવળ ચાર દિનની છે. એટલે પુદ્‌ગલભાવમાં ડૂબેલા જીવને કવિ ચેતવે છે : 'પુદ્‌ગલ કા ક્યા વિશ્વાસા', 'પાની તેરા બુંદબુંદા, દેખત હી છીપ જાયેગા' પાણીના પરપોટા જેવું જીવન તો ક્ષણભંગુર છે.

પ્રિયતમ આતમરામ અશુદ્ધ ચેતનારૂપ કુમતિની ચુંગાલમાં એવો ફસાયો છે કે પોતાના મૂળ સ્વભાવને ભૂલીને જડ થઈ ગયો છે. સ્વભાવને ભૂલીને વિભાવમાં ડૂબ્યો છે. આતમસુખને બદલે દેહસુખમાં ગરકાવ થયો છે. એ જોઈને સુમતિ અત્યંત દુઃખી છે. એની વિરહ દશા મીરાંબાઈ જેવી ઉત્કટ છે. એ ક્યારે પાછો આવે એની પ્રતિક્ષા કરતી મીરાંબાઈ જેમ ગાતી હતી; 'દિન ગીનત ગીનત અંગુલિરેષ ગઈ ઘીસ', એવી જ અવસ્થા સુમતિની છે. દીર્ઘકાળના વિયોગથી તે અત્યંત દુઃખી છે, પોતાને નિરાધાર મૂકીને ચાલ્યા ગયેલા પતિને મનોમન વિનંતી કરી એ કહે છે – 'નિશદિન જોઉં તારી વાટડી / ઘેર આવો ઢોલા / મુજ સરીખી તુજ લાખ હૈ / મેરે તું હી અકેલા' / એના ચિત્તમાં વિરહાગ્નિ જલી રહ્યો છે. હોળીના ખૈલેયાઓ તો એક રાત્ર હોળી પ્રગટાવે, જ્યારે આનેતો

'ફાગુન ચાચર એક નિશા/ હોરી સીરગાની હો/
મેરે મન સબ દિન જરે/ તનખાખ ઉડાની હો/'

એનો એક માત્ર પ્રશ્ન છે – 'મુંને મારો કબ મિલશે મન મેલુ'. એની આર્દ્રહૃદયે પ્રાર્થના છે – 'ચેતન શુદ્ધા-તમકુ ધ્યાવો' અને જ્યારે શુદ્ધ આતમરામ જાગીને સ્વઘેર પરત ફરે છે ત્યારે જે ભાવાનુભવ થાય છે ત્યારની સુત્રતિનો ભાવઉછાળ જુઓ – 'મેરે ઘટ જ્ઞાન ભાનુ ભયો ભોર/ ચેતન ચકવા ચેતન ચકવી/ ભાગો વિરહ કો સોર'. કવિકાન્તે 'ચક્રવાક મિથુન' નામક કાવ્યમાં ચકવા-ચકવીની જે મનઃસ્થિતિ વ્યક્ત કરી છે, તેનું અહીં સ્મરણ થઈ આવે છે.

અજ્ઞાનની નિશા દૂર થતાં, જ્ઞાનભાનુ પ્રકાશતાં અંતરમાં જે પ્રકાશ પથરાયો, અંતરમાં આનંદના જે ઓઘ ઉછળ્યા તેનું રૂપકમિશ્રિત નિરૂપણ જુઓ – 'સુહાગણ જાગી અનુભવ પ્રીત/ નિંદ અનાદિ અગ્યાન કી મીટ ગઈ નિજ રીત' દીર્ઘકાળ પછી પ્રિયતમનો પુનઃ સંગ પામેલી સોહાગણના અંતરની અનુભૂતિ કેવી સૂક્ષ્મ હોય? એનું કથન કે વર્ણન કેવી રીતે થઈ શકે? અંતરની ગહન અનુભૂતિમાં

અન્યોને શરીક કરવાનું કામ ઘણું દુષ્કર હોય છે. છતાં એ અકથ્ય અને અનિર્વચનીય અનુભૂતિને કવિ કેવી રીતે વાચા આપે છે તે જુઓ –

'કણ દીખાઉ ઓરકું, કણ સમજાવું ભોર
લીર અચૂક હૈ પ્રેમકા/ લાગે સો રહે કોર'.

કવિને આ રીતે રૂપકોમાં વાત કરવાનું વિશેષ ફાવે છે. 'આતમ અનુભવ, રીત વરવી' પદમાં મોરના રૂપકથી, 'ખેલે ચતુર્ગતિ ચોપાટ' પદમાં ગંજીયાના રૂપકથી અને અનેક પદોમાં મમતા અને સમતાના રૂપકો કવિએ ખપમાં લીધાં છે. મોટી વહુ સમતાની, નાની વહુ મમતાને મારી હઠાવવાની વાત 'અણ જોવાતાં લાખ, જોવે તો એકે નહીં' એ પદમાં દેરાણી-જેઠાણીના રૂપકથી સુંદર રીતે રજૂ કરી છે. સમતાની સખી સુમતિની વાત 'અરી મેરો ન હેરી અતિવારો' પદમાં કેવી સુચારુ ઢબે પ્રગટ થઈ છે!

આ પદોનો આરંભ જે પંક્તિઓથી થાય છે તે કુતૂહલપ્રેરક અને દિલચશ્પ હોય છે. જેમ કે, 'ક્યા સોવે ઊઠ જાગ રે બાઉ', 'રે ધરિયારી બાઉ રે મત ધરિયે બજાવે', 'આજ સુહાગન નારી અવધૂ', 'અવધૂ અનુભવ કલિકા જાગી', 'અબ હમ અમર ભયે' વગેરે પદોનો આરંભ જુઓ.

કવિની કાવ્યબાનીમાં રાજસ્થાની અને વ્રજ બોલીઓનો સંકર આહ્‌લાદકરૂપે પ્રગટ થયો છે. જેમ કે, 'અનુભવ નાથકું ક્યું ન જગાવે/ મમતા સંગ સો પાય અજાગજ, થન તે દૂધ દુહાવે', 'નાથ નિહારો આપ મતાસી, પંચક શઠ સંચક શી રીતે?', 'પરમ નરમ મતિ ઑર ન આવે', 'આતમ અનુભવ રીતિ વરીરી, મોહ બનાને નિજરૂપ નિજરૂપ/ તિચ્છન રુચિકર તેગ ધરીરી', 'મનસાનટ નાગર સૂ જોર હો/ નટ નાગર સૂ જોરી સખી હમ', 'મીઠડો લાગે કંતડો, ખાટો લાગે લોક' તો જાણે વ્રજભાષાની જ રચના ન હોય!

વળી, આ પદોમાં વર્ણાનુપ્રાસ અને આંતરપ્રાસની સુંદર છટાઓ છે. જેમ કે, 'સાયક લાયક નાયક પ્રાન કો પહારીરી'/ 'કાજર કાજ ન લાજ બાજ'. 'ઈન્દ્ર ચંદ્ર નાગેન્દ્ર મુનીન્દ્ર ચલે', 'કેવલ કાલ કલાકલે, વે તું કમલ ન પાવે', 'અમલ કમલ વિકચભયે ભુતલે', 'ખાટપાટ તજી લાખ ખટાઉં, અંત ખાખમેં લેટે', 'ઠગોરી ભગોરી લગોરી જગોરી' વગેરે પદો જુઓ.

આ પદરચનાઓમાં અલંકરણ પણ કેટલું સહજ અને સુંદર હોય છે જુઓ – 'મૈં તો પિયુ સે ઐસી મિલી આલી, કુસુમ વાસ સંગ જૈસે', 'નિસિ અંધારી મુહિ હસરે, તારે દાંત દિખાય/ ભાદો કાદો મેં કિયો પ્યારે, અસુઅન ધાર વહાય', 'તનુ સુધ ખોય ઘૂમત મન ઐસે, માનું કછુ કઈ ખાઈ ભંગ'.

કવિએ મારવાડી કવિઓની જેમ કેટલાંક પદોનો આરંભ સુંદર અને અર્થપૂર્ણ સાખીઓથી કર્યો છે, જે રચનામાં પ્રવેશવાનું માર્મિક દ્વાર બને છે. જુઓ –

'આતમ અનુભવ રસિકો કો, અજબ સુન્યો વિરતંત
નિર્વેદી વેદન કરે, વેદન કરે અનંત'
'જગ આશા જંજીરકી, ગતિ ઉલટી કુલ મોર,
જકર્યો ધાવત જગત મેં, રહે છૂટો ઈક ઠોર'.
'આતમ અનુભવ ફૂલ કી, નવલી કોઈ રીત,
નાક ન પકરે વાસના, કાન ગ્રહે ન પ્રતીત'.
'કુબુદ્ધિ કુબજા કુટિલ મતિ, સુબુહિ રાધિકા નાહી
ચોપટ ખેલે રાધિકા, જીતે કુબસા હારી'
'રાસ શશી તારા કલા, જોસી કોઈ ન જોસ,
રમતા સુમતી કબ મિલે, ભગૈ વિરહા સોસ'.
'અણ જોવતાં લાખ, જોવે તો એકે નહીં,
લાધી જોબન સાખ વહાલા વિણે એળે ગઈ'.

જેમ સાખીઓ રચવાની એમને ફાવટ છે તેમ દુહાબદ્ધ રચનાની પણ એમને ફાવટ છે, જુઓ –

'સોદા અગમ હૈ પ્રેમકારે, પરખ ન બૂઝે હોય,
લે દેવાહી ગમ પડે ત્યારે, ઔર દલાલ ન હોય'.
'દો બાતાં જીવ કી કરો રે, મેટો મન કી આંટ
તન કી તપન બુઝાઈયેં પ્યારે, વચન સુધારસ છાંટ'.
'નેક નજર નિહારિયે, ઉજર ન કીજે નાથ,
તનક નજર મુજરે મિલે પ્યારે, અજર અમર સુખ થાય'.
'પ્રેમ જહાઁ દુવિધા નહીં રે, મમેટ કુશહિત રાજ,
આનંદઘન પ્રભુ આય બિરાજે, આપ હી સમતા સેજ'.

સુમતિ-કુમતિ વચ્ચે, સુમતિ અને મન વચ્ચે, પ્રિયતમ અને પ્રિયતમા વચ્ચે સંવાદ છટા ગોઠવવાની, તેમ જરૂર પડ્યે ચિત્રો ઉપસાવવાની પણ આ પદકવિ પાસે સુંદર શક્તિ છે એનો પરિચય અનેક પદોમાં થાય છે. પ્રકૃતિનાં તત્ત્વોનો પોતાના ઉદિષ્ટ ભાવના ઉદ્દીપન માટે વિનિયોગ કરવાની કવિની શક્તિ પણ છાની રહેતી નથી. ભલે આ કવિમાં સામાજિક ચેતનાનો ઉદ્‌ગાર નથી, તેમ સાંપ્રદાયિક સંકુચિતતા પણ નથી. પરંતુ અનુભૂતિનું સૌંદર્ય અને અભિવ્યક્તિનું સામર્થ્ય ઘણું છે, એમણે આ રચનાઓ કવિ થવાના કોઈ ઉદ્દેશથી નથી કરી. આ પદોમાં એમની સ્વયંસ્ફુરિત અનુભૂતિઓનું પ્રાગટ્ય છે. એમની અનુભવ અને અનુભૂતિની પ્રબળતા એટલી

બધી છે કે એમને પ્રગટ કરવા માટે એમને શબ્દો શોધવા જવું પડ્યું નથી. અનુભૂતિ જ પોતાને અનુરૂપ વાણીસ્વરૂપ લઈને અવતરે એવું થયું છે.

કવિની આ પદરચનાઓ ગેય સ્વરૂપની છે, એ વિવિધ રાગ રાગિણીઓમાં ઢળાયેલી છે. આનંદઘનજીને શાસ્ત્રીય રાગતાલનું પણ સારું જ્ઞાન હશે. એમની, અપવાદો બાદ કરતાં, મોટાભાગની રચનાઓ જુદા જુદા રાગોમાં છે. એમાં એટલું બધું વૈવિધ્ય છે કે કવિ તરફ આપણને અહોભાવ થઈ આવે. એમણે આ પદો આશાવરી, કલ્યાણ, કાફી, કેરવો, કાનડો, ગોડી, ટોડી, જયજયવંતી, દીપક, ધમાલ, ધન્યાશ્રી, નટ, પ્રભાતી, મારુ, મારુ જંગલી, માલકૌસ, રામગ્રી, રમત, વસંત, વેલાવલ, શ્રીરાગ, સામેટી, સારંગ, સોરઠ વગેરે રાગતાલમાં પદબદ્ધ કરેલાં છે. બધા રાગઢાળમાં એમને ફાવતો અને પ્રિય રાગ આશાવરી જણાય છે. એમની આ પદરચનાઓ જૈન મંદિરોમાં ગવાતી રહે છે.

એમની આ રચનાઓમાં મૂળ તત્ત્વને પામવાની ઝંખના, એ માટેનો તલસાટ, સાંસારિક મિથ્યાત્વમાંથી મુક્ત થવા માટેની લાલસા અને પુરુષાર્થ અને એવો શુદ્ધાત્મા પ્રાપ્ત થતાં અનુભવાતી આહ્‌લાદકતાની ઉજાણી કરતી ઉજ્જવળ વાણી છે. આ રચનાઓમાં એમની અનુભવજ્યોતિ, જ્ઞાનજ્યોતિ અને આતમજ્યોતિનો ઉજળો પણ શીતળ પ્રકાશ છે. એમાં આરત છે, અનુનય છે અને દીનતા પણ છે. અન્ય જૈન તેમ જૈનેતર કવિઓમાં દેખાતી અવળવાણી, કટુવાણી કે ઉપદેશવાણી નથી. એક આત્મશોધકની સાધનાયાત્રા દરમ્યાનની મનોદશાઓ અને ભાવસ્થિતિઓનું અધિકૃત અંકન છે. આ પદો દ્વારા એમની ભક્ત, જ્ઞાની, વૈરાગી અને યોગીના સમવાય સ્વરૂપની એમની મુદ્રા ઊપસે છે. કવિ અખાની ઉક્તિ – 'ભાઈ ભક્તિ એવી પંખીણી, જેને જ્ઞાન વૈરાગ્ય બે પાંખ છે', એ વચનોનો આ પદોમાં પૂરો અહેસાસ થાય છે. જૈન સાહિત્ય સામાન્યતઃ બોધપ્રદાન છે. એમાં સાંપ્રદાયિક આચારવિચારનું મહદંશે નિરૂપણ છે. પરંતુ આનંદઘનજીની રચનાઓ આ પરંપરાથી જુદી પડે છે. આ પદોમાં તો આત્મઓળખ, આત્મદર્શન અને આત્મસિદ્ધિના સર્વોચ્ચ આનંદનો નિર્વ્યાજ ઉદ્‌ગાર છે. એમાં તમિસ્ર બળોના પરિહાર બાદ પ્રગટેલા વૈરાગ્નિમાંથી પ્રગટ થયેલા શુદ્ધ જ્ઞાનોદયના પરિણામે લાધેલી ઊર્જસ્વી (sublime) વાણી છે. એમની આ પદરચનાઓમાં આપણી સનાતન પ્રાર્થનાનો પૂર્ણરૂપે થતો આવિષ્કાર જણાય છે. આપણી હંમેશની જે પ્રાર્થના છે –

અસત્યો માહેંથી પ્રભુ પરમ સત્યે તું લઈજા,
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈજા,
મહા મૃત્યુમાંથી અમૃત સમીપે નાથ તું લઈજા,
તું હીણો હું છું, તુજ દરશના દાન દઈજા.

યોગ, વૈરાગ્ય અને અધ્યાત્મને પંથે સંચરતાં ઉગ્ર પુરુષાર્થ વડે એમણે જે સાધના કરી હતી, તેના સુફળરૂપે એમને જે કેવળીનું અમૃત અને મૃત્યુને પરાજિત કરતું અમરત્વ પ્રાપ્ત થયેલું તેનું આ પદોમાં અનુપમ ગાન છે.

એક જ શતકમાં, એક જ પ્રદેશમાં પ્રગટેલા મીરાં અને આનંદઘનજી જેવાં બે સમર્થ કવિઓમાંથી મીરાંને તો ભારતભરમાં ખ્યાતિ અને સ્વીકૃતિ મળી હતી, આનંદઘનજીમાં પણ ઈયત્તા અને ગુણવત્તાની દૃષ્ટિએ એટલું જ સામર્થ્ય હોવા છતાં મીરાં જેવી ખ્યાતિ અને સ્વીકૃતિ એમને મળી નહીં એમાં આપણું પ્રમાદીપણુ અને અભ્યાસદારિદ્ય કારણભૂત છે. બાકી આનંદઘનજી પણ નરસિંહ, મીરાં, અખા અને કબીર જેવા અક્ષય રસના કવિ છે, એની પ્રતીતિ આ પદો કરાવે છે. સાહિત્યના અભ્યાસીઓ એનો વધારે ને વધારે આસ્વાદ અને અવબોધ કરે એવો અનુરોધ કરવાની ઇચ્છાને હું રોકી શકતો નથી.

✦ ✦ ✦

સંપર્ક : ૦૯૭૨૭૩ ૩૩૦૦૦

## 'અકાલ પુરુષ' અંગે સુધારો

'પ્રબુદ્ધ જીવન' એપ્રિલ-૨૦૨૧ના અંકમાં 'અકાલ પુરુષ'ના લવાજમ ભરવા અંગેની જે વિગત મૂકાઈ છે, તેમાં કેટલીક વિગતમાં શરતચૂકથી ભૂલ રહી ગઈ છે. વિગત નીચે મુજબ છે.

સુશીલ ટ્રસ્ટ (Sushil Trust), ખાતા નં. 90480100000060 બેન્ક ઓફ બરોડા, નિલપર (Bank of Baroda, Nilpar), IFSC No. BARB0DBNILP છે. બેન્ક રસીદ કે અન્ય વિગત મોકલવા માટે વોટ્સએપ નં. 9408723970 છે. અન્ય વિગતો તે અંકમાં આપ્યા મુજબ છે.

# અવળચંડી અંધતા

**પૂ. આચાર્યશ્રી વિજયપૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

જીવમાત્ર મોહાંધ હોવાથી એને સંસાર ઉપર અતિરાગ છે. આ એકજાતનો અંધાપો હોવા છતાં મોહાંધને આ સંસારમાં બધું જ સારું-સૌન્દર્યસભર ભાસતું હોય છે. આ 'અંધતા' એવી તો અવળચંડી અને અળવીતરી છે કે, સંસારનું સ્વરૂપ જેવું છે, એવું એ જોવા દેતી જ નથી, અને એ મોહાંધતાના માધ્યમે સંસાર જેવો દેખાય છે, અસલમાં આ સંસાર એવો હોતો જ નથી! અંધતા આમ તો સારું-નરસું કંઈ જ જોવા ન દે. પણ આ મોહાંધતા મિથ્યાદર્શન કરાવીને દૃષ્ટાનું સત્યાનાશ વાળી દેતી હોય છે. જે ચીજ જેવી હોય એવી જ ન દેખાય, તો હજી એટલું નુકસાન ન થાય, પણ એ ચીજ વિપરીત 'સ્વરૂપે' દેખાય, તો તો ધનોતપનોત નીકળી જવામાં શું બાકી રહે? દા.ત. સામે પડેલું દોરડું નહીં જોઈ શકનારો અંધ હજી એના ઉપયોગથી વંચિત રહી જાય. પરંતુ સામે ગુંચળું વાળીને પડેલો સાપ જેને દોરડાં રૂપે દેખાય, એ તો આવા વિપરીત દર્શનના વિપાકરૂપે અકાળ-મૃત્યુનો જ ભોગ ન બને શું? કારણ કે સાપને એ દોરડું સમજીને હાથમાં પકડવા જાય, ત્યાં જ એ સાપનો ફૂંફાડો એના સૌ વર્ષને પળવારમાં પૂરા કરી નાખ્યા વિના રહે ખરો?

એક સુભાષિત સંસારવર્તી જીવોની મોહાંધતાને એવા સાદા-સરળ શબ્દોમાં છતાં અસરકારક રીતે રજૂ કરે છે કે, જે અવિચારી હોવાથી જેને બધું સારું સારું જ ભાસિત થાય છે, એની નજરમાં જ આ સંસાર સારો લાગે છે. બાકી પરમાર્થ-દષ્ટિથી તો આ સંસારમાં કશું જ સારું નથી.

જ્ઞાન તો આત્માનો સ્વભાવ છે. જે ચીજ જે સ્વરૂપ ધરાવતી હોય, એનું એ સ્વરૂપમાં દર્શન થવું, આને તો જીવનું સ્વરૂપ-પરિચાયક એક લક્ષણ ગણવામાં આવ્યું છે. સ્વચ્છ દર્પણમાં જેમ આસપાસની વસ્તુઓ પ્રતિબિંબિત થતી જાય, એમ જીવનના જ્ઞાન-દર્પણમાં સંસાર પ્રતિબિંબિત થતો રહે, એની સામે કોઈ વાંધો-વિરોધ ન જ હોય, જે કોઈ વાંધા-વિરોધને યોગ્ય ગણાય એવી વાત છે, તે તો એક એ જ છે કે, એ સંસાર-દર્શનમાં જીવના અંગત રાગ-દ્વેષ ભળવા ન જોઈએ. આપણામાં સંસાર પ્રતિબિંબિત થાય, એમાં તો જ્ઞાનીઓને કશું અજુગતું લાગવા જેવું શું હોય? અરીસામાં પ્રતિબિંબિત થતા ચિત્રોને કોઈ અવરોધી શકે ખરું? પણ આપણે સંસારનાં ચિત્રો દર્પણની જેમ ઝીલતા નથી, પણ કેમેરાની જેમ ઝીલીને અંતરમાં સુસ્થિર કરવાપૂર્વક એમાં રાગની લાલાશ અને દ્વેષની કાળાશ પૂરતા રહેતાં હોઈએ છીએ, આની સામે જ જ્ઞાનીઓનો વિરોધ છે. બાકી દર્પણમાં જેમ વસ્તુનું પ્રતિબિંબ ઝીલાય અને એ વસ્તુ દૂર થતા પ્રતિબિંબ કોઈ જાતની અસર મૂક્યા વિના અદશ્ય થઈ જાય, એ રીતે આપણા જ્ઞાનદર્પણમાં સંસાર ઝીલાતો અને વિલાતો હોત, તો આ રીતે માત્ર ઝીલાતો સંસાર આપણું કશું જ અહિત કરી શકવા સમર્થ ન બનત. પરંતુ જે દર્પણની જેમ ઝીલાવો જોઈએ, એ સંસારને આપણે કેમેરાની જેમ માત્ર ઝીલતા જ નથી, પણ કેદ કરી લઈએ છીએ, અને એ વસ્તુ સામેથી વિદાય થઈ જાય, પછી પણ લાંબા સમય સુધી એ ચિત્રાંકનોને રાગના લાલ રંગથી રંગતા અથવા દ્વેષની કાળાશથી કલંક્તિ કરતા રહેવા દ્વારા રાગીદ્વેષી બનીને આપણું જ અહિત નોતરતા રહીએ છીએ. જે સંસારથી સાવ અલિપ્ત જ રહેવા જેવું છે, એને કોઈ રંગારાની જેમ આપણે રંગતા જ રહીએ, આની સાથે જ્ઞાનીઓ તો કઈ રીતે સંમત થઈ શકે?

સંસાર જેવો છે, એવો જ આપણે જોતા નથી, પણ કલ્પનાની કાચે જેવો આપણને મનપસંદ છે, એવા સ્વરૂપમાં આપણે સંસારને કલ્પીએ છીએ. માટે સંસારનું થતું દર્શન આપણા કાળજાને રાગી અથવા દ્વેષી બનાવી જાય છે. આ બંનેની અસરો જીવલેણ નીવડે એવી હોવાથી, એની અસરમાંથી મુક્ત થવાના ઉપાય આ સુભાષિતના માધ્યમે શોધી કાઢીને એ ઉપાયની ઉપાસના કરવાથી આપણે આપણા અહિતને દૂર હડસેલી શકીશું અને હિતની હેલી માણી શકીશું. સુભાષિતનો એ સંદેશ ખૂબ જ માર્મિક છે કે, સંસારમાં કશું જ સુંદર નથી, પણ વિચારક બન્યા વિના જ ઉપલક નજરે જોઈ લઈને જ આપણે સંસાર પર સુંદરતાનો સિક્કો લગાવી દેતા હોઈએ છીએ. બાકી જો ખરેખર વિચારક બનાય, તો સંસારમાં કશું જ સુંદર ન લાગે.

ખરી રીતે તો સુંદરતાની છાપ કોઈ વસ્તુ પર ત્યારે જ લગાડી શકાય કે, એમાં ત્રૈકાલિક સુંદરતા ઘટી શકતી હોય. કોઈ ચીજનો માત્ર વર્તમાનકાળ જ સૌન્દર્યસભર હોય, પણ એનો ભૂતકાળ અને ભવિષ્યકાળ જોવો પણ ન ગમે તેવો હોય, તો એ વસ્તુ પર માત્ર વર્તમાનકાલીન સુંદરતાના આધારે જ 'સૌન્દર્ય'નો સિક્કો લગાવી દેવો કેટલો યોગ્ય ગણાય? સંસારમાં ડગલે ને પગલે સુંદરતાનો સિક્કો અને મનોહરતાનું પત્તું મારતા રહેનારા માવજીભાઈઓ આવી ભીંત જેવી ભારેખમ ભૂલના ભોગ બનતા રહેતા હોય છે, એમ જરાક

ઊંડાણથી વિચારીશું, તો સ્પષ્ટ રીતે લાગ્યા વિના નહીં રહે.

અંતરમાં ઊભરાતી રાગ-દ્વેષની લાગણીઓ જ ઉપલક નજરે સારીનરસી ગણાતી વસ્તુઓનાં દર્શને બહાર વ્યક્ત થતી હોવાથી કોઈ ચીજ પર 'સુંદર' તો કોઈ પર 'અસુંદર'નો સિક્કો મારતી જોવા મળે છે. આની સામે લાલબત્તી ધરતા જ્ઞાનીઓ કહે છે કે, કોઈ સૌન્દર્ય કાયમી નથી, એમ કોઈ અસુંદરતા પણ શાશ્વત નથી. સુંદરતાને અસુંદરતામાં પલટાતા વાર લાગતી નથી, તો અસુંદરને પણ પુરુષાર્થ દ્વારા સુંદરતામાં પલટાવી શકાય છે. માટે એવો સાર તારવી શકાય કે, સંસારમાં કશું જ સુંદર નથી. કારણ કે અતીત-વર્તમાન-ભવિષ્ય : આ ત્રણે કાળમાં ટકે એવું સૌન્દર્ય ધરાવતી કોઈ જ પૌદ્ગલિક ચીજનું આ સંસારમાં અસ્તિતત્વ જ નથી. આ સનાતન સત્યને બુદ્ધિમાં બંધબેસતું બનાવવા જરા વિગતવાર વિચારણા કરીએ :

આ વિચારણા દૃષ્ટાંત તરીકે એક ફેશનેલબ પોશાક-પહેરવેશને નજર સમક્ષ રાખીને કરીએ : જોતાની સાથે જ પસંદ પડી જાય, એવા પોષાક પરના પ્રેમને વધુ પ્રગાઢ થતા રોકવો હોય, તો વિચારકની અદાથી વિચારવું કે, હાલ ભલે આ પોષાકને જોઈને હું ખુશખુશાલ બની જતો હોઉં, પણ આનો ભૂતકાલીન પર્યાય કપાસરૂપે હતો, જે ધૂળમાં રગદોળાતો હતો અને ભવિષ્યનો પર્યાય ચિંથરા તરીકેનો હશે, એની પર હું નજર ઠેરવવા પણ રાજી નહીં હોઉં. આમ આ બે પર્યાય પર જો હું પસંદગી ઉતારી શકું એમ ન હોઉં, તો માત્ર વર્તમાનકાલીન પર્યાય પર જ પસંદગી ઉતારીને રાજી થવું. એ કેટલું યોગ્ય ગણાય? આની પર હું વધુ મોહ કરીશ, તો આને જરાક પણ બગાડનાર પ્રત્યે મારા મનમાં ગુસ્સાના ઘરનો કેવો ધમધમાટ પેદા થશે! એક જડના મોહ ખાતર પોષાકને બગાડનાર ચેતન પર ગુસ્સો ઉતારવો શું યોગ્ય ગણાય?

આ રીતે જાતને પોષાક પાછળ પાગલ બનતી અટકાવવામાં પોષાકના ભૂતકાળ અને ભાવિકાળ સંબંધી વિચારણા ખૂબ ખૂબ ઉપકારક નીવડશે. આ વિચારણા કદાચ મોહાવેશને સાવ મૃતપ્રાયઃ ન બનાવી શકે, તોય એના વેગમાં તો જરૂર રૂકાવટ લાવી જ શકશે, છેવટે મોહાવેશ ઓસરી ગયા બાદ મનમાં આવા મોહ બદલ પશ્ચાત્તાપ તો જરૂર જગાડી જ જશે. ભાવતી વાનગીની કલ્પના આવતા જ મોહ ઉછાળો મારવા લાગી જતો હોય, તો વિચારવું કે, બીજ વવાયા બાદ ઘઉંની આસપાસ ખાતર નાખવામાં આવ્યું, એ કેટલું બધું જુગુપ્સનીય હતું, વાનગીનો, વર્તમાનકાળ ભલે મનમોહક રહ્યો, પણ પેટમાં ગયા પછી આ જ વાનગી થોડાંક કલાકો બાદ અશુચિમાં ફેરવાઈ જશે, ત્યારે એની પર નજર ઠેરવવાય હું તૈયાર હોઈશ ખરો? આવી તલસ્પર્શી વિચારણા વાનગી તરફના મોહને મોળો તો જરૂર પાડી જ જશે.

આ રીતે કોઈ ચીજ પર વધુ પડતી જુગુપ્સા જાગતી હોય, તો વિચારવું કે, આ પૂર્વેના પર્યાયને મેં કાળજાની કોરની જેમ ચાહ્યો છે, એ પળોને યાદ કરીને મારે હવે આની પર વધુ જુગુપ્સા શા માટે કરવી જોઈએ. સારાનરસા કોઈપણ પદાર્થ અંગે આ રીતે ત્રણેકાળના સંદર્ભપૂર્વક પરીક્ષણ-નિરીક્ષણ કરવામાં આવે, તો તરણા જેવા તુચ્છ એ પદાર્થના માધ્યમે રત્નસમાં કીમતી આપણા અંતરમાં રાગદ્વેષનો જે ભીષણ સંગ્રામ ખોલાવાની અંતિમ અણી પર હશે, ત્યાં જ 'યુદ્ધવિરામ'ની ઝંડી લગભગ ફરી ગયા વિના નહીં જ રહે.

ખાવું-પીવું, પહેરવું-ઓઢવું, બોલચાલ, મકાનદુકાન, સારીનરસી ચીજો : આ બધાને નિમિત્ત બનાવીને આપણે આપણા મનને સંકલ્પ-વિકલ્પોની પ્રચંડ રણભૂમિમાં ફેરવી નાખતા હોઈએ છીએ, આવા સર્વનાશક સંગ્રામથી જાતને ઉગારી લેવા પ્રસ્તુત સુભાષિત ઢાલનું કર્તવ્ય અદા કરતાં જે વૈચારિકસ્તર તરફ આંગળી ચીંધી જાય છે, એ આંગળીચીંધણા સમક્ષ નજરને સતત સજાગ રાખવા મથીશું, તો સંસાર જ અસાર છે, કેમકે એમાં કશું જ સુંદર નથી. જેના ત્રણે કાળમાં સુંદરતા વ્યાપ્ત હોય, એવી કોઈ જ ચીજ સંસારમાં જોવા ન મળતી હોય, પછી સંસારને સુંદર કઈ રીતે મનાય? આવા ભાવના સુભાષિતના ધ્વનિમાં આપણો ધ્વનિ પણ ભળી જવા પામશે, પછી તો સાચા સૌન્દર્યની શોધમાં નીકળી પડેલી આપણી નજર સિદ્ધશિલા સિવાય બીજે ક્યાંય સ્થિર નહીં જ થાય, એમ છાતી ઠોકીને આપણે કહ્યા વિના રહીશું ખરા?

✦ ✦ ✦

## સંગીતમય સ્વાગત

કેટલાંક વિવેચકો રવીન્દ્રનાથ ટાગોરની ગદ્યમય કવિતાશૈલીની ટીકા કરતાં. જોકે પછીથી એમને પ્રતીતિ થતી કે ગદ્યકવિતામાં પણ માધુર્ય હોય છે.

૧૯૩૯ના ડિસેમ્બરમાં ક્રિસમસનો તહેવાર આવતો હતો. કવિને ત્યાં સાંજે દીનબંધુ એન્ડ્રુઝ પધારવાના હતા. એમણે આગલે દિવસે સવારે મૈત્રેયી દેવીને પોતાની ઈસુ વિષેની ગદ્ય-કવિતા શોધી રાખવાનું કહ્યું. મૈત્રેયી દેવીએ કવિતા કાઢી આપી. શીર્ષક હતું. 'માનવપુત્ર'. ટાગોરે કવિતાને સૂરમાં ઢાળી. તેઓ કુશળ સંગીતજ્ઞ પણ હતા. બીજે દિવસે ગાયિકા ઈન્દુલેખા ઘોષ પાસે આ ગીત ગવડાવ્યું, ત્યાં તો એન્ડ્રુઝ આવી પહોંચ્યા અને 'ગુરુદેવ' કહી ભેટી પડ્યા.

✦ ✦ ✦

# શરણાગતિ

## પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મ.સા.

**શ**રણાગતિ એટલે પોતાના ઈષ્ટ, આરાધ્ય પ્રતિ અનન્ય શ્રદ્ધા, ભક્તિ, Dedication, જ્યાં ભક્તિ છે ત્યાં વિભક્તિ હોતી નથી.

ભક્તિના નવ સોપાન છે, જેને નવધા ભક્તિ કહે છે. તે આ પ્રમાણે છે. **શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય** અને **આત્મનિવેદન**. અહીં આપણે દાસ્યભાવ અંગે વિચારીએ.

જૈન-અજૈન પરંપરામાં દાસ્યભાવના અનેક ઉદાહરણો છે, તે પૈકી કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રચાર્ય વિરચિત વીતરાગ સ્તોત્રનો ૧૭મો પ્રકાશ મોખરે છે. જેમાં શરણાગતિની પરાકાષ્ઠા પ્રગટ થાય છે.

તે ઉદ્‌ગારો આ પ્રમાણે છે :

यावन्नाप्नोमि पदवीं, परां त्वदनुभावजां ।
तावन्मयि शरण्यत्वं, मा मुञ्च शरणं श्रिते ।।

(પ્રકાશ. ૧૭/૮)

પ્રભો? જ્યાં સુધી આપની કૃપાથી – અનુગ્રહથી પ્રાપ્ત થનારી, ઉત્કૃષ્ટ એવી મોક્ષપદવીને હું પામું નહીં ત્યાં સુધી આપની શરણાગતિમાં રહેલાં મને આપ છોડશો નહીં અર્થાત્ આપની કૃપાદૃષ્ટિ રહેમનજર રાખશોજી અને તે પછી સમગ્ર વીતરાગસ્ત્રોતના સારાંશરૂપે ગ્રંથની સમાપ્તિમાં શરણાગતિનો જે ભાવ વ્યક્ત થયો છે તે તો ચરમસીમાએ છે. પોતાના આરાધ્યદેવ પ્રતિ દાસ્યભાવનો સ્વીકાર કરતાં આચાર્ય શ્રીના ઉદ્‌ગારો તેમના જ શબ્દોમાં જોઈએ :

तब प्रेष्योऽस्मि, दसोऽस्मि, सेवकोऽस्म्यस्मि किंकर: ।
ओमिति प्रतिपद्यस्व, नाथ! नात: परं ब्रुवे ।।

(પ્રકાશ. ૨૦/૮)

હે મારા નાથ? હું તમારો ખેપિયો – સંદેશવાહક છું, દાસ છું, કિંકર, નોકર, સેવક (Servitor) છું. હવે આપ મારો 'હા' (Yes) કહીને – સ્વીકૃતિ આપીને સ્વીકાર કરો, બસ, પ્રભો? આથી વધારે હું કાંઈ જ કહેતો નથી (માંગતો નથી).

આ શરણાગતિનું અનુસરણ કરતાં આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકર સૂરિજી **કલ્યાણ મંદિર** સ્તુતિમાં પણ આ જ કહે છે.

यद्यस्ति नाथ! भवदंघ्रिसरोरुहाणां
भक्ते: फलं किमपि संतति संचिताया:
तन्मे त्वदेक शरणस्य शरण्य: भूया:
स्वामी त्वमेव भुवनेत्र भवान्तरेपि ।।

(શ્લોક-૪૨)

હે સ્વામિન્! જો આપના ચરણકમલની – ચિરસંચિત ભક્તિનું જે કાંઈપણ ફળ હોય તો હે નાથ, આપનું એક માત્ર શરણ મને મળે. આ લોક કે પરલોકમાં પણ આપ જ એકમાત્ર મારા શરણદાતા છો. આપ જ મારા શરણાગત વત્સલ છો.

અહીં શ્લોકમાં किमपिનો પ્રયોગ થયો છે, તે તો શરણાગતિની ચાવી-Key છે, આપની સેવાના ફળરૂપે પછી તે ચક્રવર્તીની પદવી હોય કે ઈન્દ્રનું સિંહાસન હોય અથવા મોક્ષનું સુખ હોય – પરંતુ હું તો આપણી શરણાગતિને જ પ્રાથમિકતા આપીશ. કારણ એનાથી બધું જ મેળવી શકાય છે. આશ્ચાર્ય શ્રીની બુદ્ધિમત્તા – દૂરદર્શિતાનો આપી વિશેષ પરિચય શું હોઈ શકે?

શરણાગતિના સંદર્ભમાં વાચક, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજના ઉદ્‌ગારો તેમના પાર્શ્વનાથ પ્રભુના સ્તવનમાં શબ્દસ્થ થયા છે.

મેરે સાહિબ તુમ હિ હો, પ્રભુ પાસ જિણંદા,
ખિજમતગાર ગરીબ હું, મેં તેરા બંદા (૧)

મેં ચકોર કરું ચાકરી, જબ તુમ હિ બંદા,
ચકવાક મેં હુઈ રહું, જબ તુમહિ દિણંદા (૨)

સ્તવનની પાંચ કડીમાં ભક્તિનો જે ભાવ પ્રગટ થયો છે તેમાં –

ચકોર પક્ષ અને ચંદ્રમા,
ચકવાક અને સૂર્ય,
ભ્રમર અને કમળ
ઈન્દ્ર અને મયૂર

સાગર અને સરિતા (River), નદી જેવાં રૂપક-અલંકારો પ્રયોજ્યાં છે અને પ્રાંતે "વાચક યશ (જશ) કહે દાસકું દીજો પરમાનંદા" કહીને ભક્ત-હૃદય ભાવવિભોર બની જાય છે.

મીરાંબાઈ પણ આવી જ માંગણી યાચના કરે છે.

ગિરધારી, મને ચાકર રાખોજી, ચાકર રહેશું,
બાગ લગાશું, નિત ઉઠી દર્શન પાશું.
વૃંદાવન કી કુંજ ગલી મેં ગોવિંદ કે ગુણ ગાશું. (૧)

ચાકરી મેં દર્શન પાઉં, સુમિરન પાઉં ખરચી,
ભાવ-ભગતિ જાગીરી મેં પાઉં, તીનો બાતો સરસી. (૨)
મીરાં કે પ્રભુ હૃદય રહોજી ધીરા. મને ચાકર રાખોજી.

નવધા ભક્તિમાં દાસ્યભાવનો પ્રકાર સમજવા માટે અહીં એક રૂપક-દૃષ્ટાંત જોઈએ.

આપણે અહીં એક એવા ગુરુ-શિષ્યની વાત કરવી છે. જેમાં એક શિષ્યે બે ગુરુ માન્યા હતા; બંને સમર્થ, તેમાં એક અદ્વૈતવાદી અને બીજો દ્વૈતવાદી.

એકવાર અદ્વૈતવાદી ગુરુએ શિષ્યને પ્રભુના સાક્ષાત્કારનો મંત્ર આપ્યો અને કહ્યું 'सोहं' सोहंનો જાપ કરજે – સમજાવ્યું કે આત્મા એ જ પરમાત્મા છે – અલગ નથી. કારણ અદ્વૈતવાદમાં દ્વૈતને સ્થાન નથી, શિષ્યે સ્વીકારી લીધું.

પરંતુ જ્યારે તે પોતાના બીજા દ્વૈતવાદી ગુરુ પાસે ગયો ત્યારે તેમણે શિષ્યને કહ્યું, મંત્રના આદિ અક્ષરમાં 'दा' ઉમેરીને જાપ કરજે એટલે તેણે 'दासोहं' 'दासोहं'નો જાપ કરવા માંડ્યો.

પરંતુ જ્યારે અદ્વૈતવાદી ગુરુને ખબર પડી ત્યારે તેણે કહ્યું, ભલે એમ કર – તારા મંત્રની આગળ स ઉમેરીને જાપ કરજે હવે શિષ્યે सदासोहं सदासोहं જપવા લાગ્યો.

વળી પાછો તેના બીજા દ્વૈતવાદી ગુરુ પાસે આવ્યો તો ગુરુએ કહ્યું : હવે તું તારા મંત્રમાં दा ઉમેરીને જાપ કરજે એટલે શિષ્યે ગુરુની વાત માની લીધી અને 'दासदासोहं' 'दासदासोहं'નો મંત્ર ગણવા લાગ્યો.

આ રૂપક દૃષ્ટાંત દાસ્યભાવને સમજવાનું ઉત્તમ ઉદાહરણ છે, दासोहंથી જ सोहंની યાત્રા પૂર્ણ થાય છે. ક્રમશઃ સોપાન ચઢીને પરમાત્વ તત્ત્વને પામી શકાય છે.

જ્યાં સુધી Ego – અહંકારનું વિસર્જન ન થાય ત્યાં 'सोहं' સુધી પહોંચી શકાતું નથી પછી તે અભિમાન પદ, પ્રતિષ્ઠા, પૈસો કોઈપણ હોય – તેમજ માન કષાયને જીતવા માટે પણ પ્રભુ પ્રતિ દાસ્ય ભાવ તેમાં સહાયક બને છે.

નવધા ભક્તિમાં અંતિમ ત્રણ સોપાન – દાસ્ય, સખ્ય અને આત્મ નિવેદન શરણાગતિ માટે આવશ્યક છે.

* **દાસ્યભાવ** સૌને સુલભ એવો ભક્તિયોગ છે.

* **સખ્ય** એ પ્રેમલક્ષણા ભક્તિ છે.

* **આત્મ નિવેદન**, પ્રભુ સમક્ષ પોતાના પાપો-દોષોની કબૂલાત સ્વીકાર Confession રૂપ છે.

પ્રભુભક્તિમાં શરણાગતિનું સવિશેષ મહત્ત્વ છે. આવી જ આરાધ્ય દેવશ્રી અરિહંત પરમાત્માને શરણે જવા માટે જુદા જુદા વિશેષણો – બિરૂદોથી પણ નવાજવામાં આવ્યા છે જેમ કે – **મહામાહણ, મહાગોપ, મહાનિર્યામક, મહાસાર્થવાહ, તિણ નિર્યામક મહાણોરે, વૈદ્ય ગોપ આધાર, દેવચંદ્ર સુખ સાગરૂરે, ભાવ ધરમ દાતાર.** (૧૦) – શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ

सिद्धे सरणं पवज्जामि, साहू शरणे पवज्जामि ।
केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि ।।

જૈન શ્રમણ-શ્રમણીઓ રાત્રિએ શયનપૂર્વે અખંડ રીતે પાઠ કરીને પછી જ નિદ્રાધીન થાય છે તેમજ ગુરુ ભગવંતોના મુખેથી चत्तारि मंगलंનો પાઠ શ્રવણ કરવાની પરંપરા આજે પણ છે.

**પંચસૂત્ર**માં પણ ચતુઃશરણની વાત છે ચતુઃશરણરૂપ શરણાગતિનો અભિગમ પાછળનો આશય, રહસ્ય કે તેના વૈજ્ઞાનિક કારણની અહીં ચર્ચા કરી છે. તેમજ ક્રમશઃ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તેના ઉત્તરોત્તર કારણ – સાધન પણ બતાવ્યા છે મૂલપાઠ :

एअस्स णं वुच्छित्ति, सुद्ध धम्माओ ।
सुद्ध धम्मसंपत्ती पावकम्म विगमाओ ।
पावकम्मविगमो तहाभव्वत्ताइ भावाओ ।
तरस पुण बिवागसाहणाणि, तंजहा :
चउसरण गमणं ।
दुक्कड मरिहा ।
सुकडाणासेवणं ।
अओ कायधमिणं ।।

**ભાવાર્થ :**

* આ સંસાર ચતુર્ગતિરૂપ છે.

* તેનો ક્ષય-નાશ શુદ્ધ ધર્મથી થાય છે.

* શુદ્ધ ધર્મની પ્રાપ્તિ પાપ (નિકાચિત) કર્મના ક્ષયથી થાય છે.

* પાપ કર્મનો નાશ તથા ભવ્યત્વ આદિના પરિપાકથી થાય છે.

* તથા ભવ્યત્ત્વનો પરિપાક નીચેના ત્રણ સાધનોથી થાય છે.

* ચતુઃશરણનો સ્વીકાર, દુષ્કૃતની નિંદા, સુકૃતની અનુમોદના.

તથા ભવ્યત્ત્વ એ જૈનદર્શનનો પારિભાષિક શબ્દ છે – એટલે તેને વિસ્તૃત રીતે સમજીએ.

જીવની મોક્ષગમનની યોગ્યતા એ જીવનો અનાદિ પારિણામિક (સ્વ.) ભાવ છે. જેમ આંબાના વૃક્ષ પરથી પડેલી કાચી કેરી જેમ ઘાસ (પરાળ)માં રાખવાથી જલ્દી પાકી જાય છે તેમ આત્માનું તથા ભવ્યત્ત્વપણું પણ – ચતુઃશરણની શરણાગતિ, દુષ્કૃતગર્ણ અને સુકૃતની અનુમોદના – આ ત્રણેનું જો પ્રતિદિન નિયમિત આસેવન કરવામાં આવે તો ભવ્યત્ત્વનો જલ્દી પરિપાક થાય છે, શાસ્ત્રોમાં આને 'નદી-ગોળ પાષાણ' ન્યાય કહે છે.

જીવોની ત્રણ કક્ષા વિભાગ છે – ભવ્ય, અભવ્ય અને જાતિભવ્ય, અભવ્યને બાદ કરતાં ભવ્ય અને જાતિભવ્યનો ઉદ્ધાર નિશ્ચિત છે, પણ કાળ – સમયનું વ્યવધાન ઓછું કરવું હોય તો જ્ઞાનીઓએ તેનો માર્ગ પણ બતાવ્યો છે અને તે છે – શરણાગતિ.

આ લેખને અંતે પૂર્વાચાર્ય વિરચિત સ્તવનોમાં દાસ્ય, સખ્ય અને આત્મનિવેદનરૂપ ભક્તિનાં કેટલાંક ઉદાહરણો (મુક્તકો) આ મુજબ છે :

**દાસ્યભાવ :**

તુમ હો સાહિબ, મૈં હું બંદા,
યા મત દીયો વિસારી,
શ્રી નય વિજય વિબુધ સેવક કે
તુમ હો પરમ ઉપકારી –
જગત ગુરુ ઋષભદેવ હિતકારી.

– શ્રી નય વિજય

પ્રભુ છો ત્રિભુવનનાથ, દાસ હું તાહરો,
કરુણાનિધિ અભિલાષ અછે મુજ એ ખરો,
દેવચંદ્ર જિનરાજ, જગત્રય આધાર છો.

– શ્રીમદ્ દેવચંદ્રજી

**સખ્યભાવ :**

બાળપણે આપણ સસનેહી
રમતા નવ નવ વેશે,
આજ તુમે પામ્યા પ્રભુતાઈ
અમે સંસાર નિવેશે,
પ્રભુજી, ઓલંભડે મત ખીજો.

– કવિ મોહન વિજય (લટકાળા)

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો
ઓર ન ચાહું કંત,
રીઝ્યો સાહિબ સંગ ન પરિહરે
ભાંગે આદિ અનંત.

– શ્રી આનંદઘનજી

**આત્મનિવદેન :**

રાજર્ષિ પરમાર્હત શ્રી કુમારપાલ ભૂપાલ વિરચિત ૩૩ શ્લોકોમાં સંસ્કૃતિભાષામાં રચાયેલા ''આત્મનિંદા દ્વાત્રિંશિકા'' અથવા વર્ધમાન જિન દ્વાત્રિંશિકા સ્તોત્ર દુષ્કૃતગર્હા ગર્ભિત આત્મ નિવેદન રૂપ છે.

રત્નાકર પચ્ચીશી બહુ જ ગવાતી પદ્ય રચના છે. સંસ્કૃત પરથી તેનો ગુજરાતીમાં પદ્યાનુવાદ થયો છે.

સુણો શાંતિ જિણંદ સોભાગી, હું તો થયો છું તુમ ગુણ રાગી,
તુમે નિરાગી ભગવંત, જોતાં કિમ મળશે તંત ૧.
હું તો ક્રોધ કષાયનો ભરીયો, તું તો ઉપશમ રસનો દરિયો, હું અજ્ઞાને આવરિયો તું તો કેવળ કમલા વરીયો. (કુલ પદ્ય-૧૦)

– કવિ ઉદયરભજી

પ્રાંતે પરમાત્માને પ્રાર્થના :
अन्यथा शरणं नास्ति, त्वमेव शरणं मम: ।
तस्मात् कारुण्य भावने, रक्ष रक्ष जिनेश्वर: ।।

✦ ✦ ✦

સંપર્ક : ૯૯૨૦૩ ૭૨૧૫૬


| ભારત માટેના લવાજમના દર | | પરદેશ માટેના લવાજમના દર | |
|---|---|---|---|
| ✦ વાર્ષિક લવાજમ | ₹ ૩૦૦ | ✦ 1 વર્ષનું લવાજમ | $ 30 |
| ✦ ત્રણ વર્ષનું લવાજમ | ₹ ૭૫૦ | ✦ 3 વર્ષના લવાજમ | $ 80 |
| ✦ પાંચ વર્ષનું લવાજમ | ₹ ૧૨૫૦ | ✦ 5 વર્ષના લવાજમ | $ 130 |
| ✦ દસ વર્ષનું લવાજમ | ₹ ૨૫૦૦ | ✦ 10 વર્ષના લવાજમ | $ 250 |

વાર્ષિક લવાજમ આપશ્રી **$** (ડોલર)માં મોકલાવો તો **$** પાંચ બેંક ચાર્જિસ ઉમેરીને મોકલશો.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : બેન્ક ઑફ ઈન્ડિયા A/c No. 003920100020260. IFSC:BKID0000039**

**ફોરેન ડોનેશન માટે : કોટક મહિન્દ્રા બેંક A/c No. 5213133880. IFSC:KKBK0000957**

**SWIFT Code: KKBKINBB**

# યોગ એટલે પોતાની જ પૂર્ણતા મેળવવાનો વ્યવસ્થિત પ્રયાસ

**તત્વચિંતક વી. પટેલ**

જેમને આ જીવનમાં જ પોતાનામાં રહેલ અવિવેક, અજ્ઞાન, મિથ્યાદર્શન વગેરેથી મુક્ત થવું છે અને પૂર્ણ થવું છે. તમામ પ્રકારના સંશયથી મુક્ત થવું છે, વિશાળતા સ્થિર થવું છે. અને અભયી બની અમૃતમય જીવન જીવવું છે, ને પોતાની જ પરમ ચેતનમાં સ્થિર થવું છે અને જાગૃતિપૂર્વક વર્તમાનમાં જીવન જીવવું છે. જેમને રાગદ્વેષ, અહંકાર, આસક્તિ, મોહ, માયા, વાસના, કામના વગેરે તમામ પ્રકારના કલેશોથી મુક્ત થવું છે. જેમને કર્મના વિપાકોથી મુક્ત થવું છે અને જીવનમાં પૂર્ણતા પ્રાપ્ત કરવી છે અને અમૃતમય જીવન ઉપલબ્ધ કરવું છે, તેમને માટે યોગ એક અમૂલ્ય ખજાનો છે, યોગ એ દર્શન પણ છે અને જીવન જીવવાની અમૃતમય કળા પણ છે. યોગ એટલે ચિત્ત વૃતિ નિરોધ. યોગ એટલે જીવાત્માને પરમાત્મા સાથે જોડતું પરમતત્વ તે માટે કરવી પડતી આંતર સાધના તેનું નામ યોગ એમ પણ કહી શકાય. આમ યોગ એ માનવ જીવનમાં આધ્યાત્મિક તમામ આશયો સિદ્ધ કરવા માટે અને ઈન્દ્રિયાતીત અનુભવ પ્રાપ્ત કરવા માટે જે વિવિધ આધ્યાત્મિક સાધના પદ્ધતિઓ છે, તે બધી જ યોગ નીચે સમાવેશ થઈ જાય છે.

આપણે શરીર રૂપી નથી, શરીર એ તો માત્ર ઉપરનો એક પોપડો જ છે, આપણે આત્મસ્વરૂપ છીએ, આ આત્મા એ જ પરમ સત્ છે, આત્માને જાણવા અને આત્મામાં સ્થિર થવા માટે યોગની સાધના અસરકારક છે. આમ આત્માનો જે ધર્મ મોક્ષ છે, એ જ પરમ પરમાત્મા સાથે મિલન છે. આ તેમાં સંલગ્ન થવું એકત્વ થવું તેજ મુખ્ય હેતુ એટલે ઉપાદાન કારણ અને તે પણ વગર વિલંબે સાધનાનું ફળ આપનાર તે યોગ છે. આમ જૈનોનો તપ માર્ગ, બુદ્ધનો ધ્યાન માર્ગ, પતંજલીનો યોગમાર્ગ એ ત્રણેનું ધ્યેય એક જ છે. મોક્ષની ઉપલબ્ધિ, તે યોગ દ્વારા સિધ્ધ થાય છે.

શાબ્દિક અર્થમાં જોવા જઈએ તો યોગ એટલે જોડવું, આ જોડાવું એટલે પરમ સત્ સાથેનું સાયુજ્ય, એકત્વ પ્રસ્થાપિત કરવું. આમ આત્માની જાગૃતિ દ્વારા આંતરિક અને ઉચ્ચત્તર માનવની પરમ ચેતનામાં પ્રવેશ માટેની આત્મિક સત્ય સ્વરૂપ પદ્ધતિ એવો અર્થ યોગનો થાય. આમ તેનો મુખ્ય હેતુ, પરમ સત્ય સાથે એકત્વ સાધવું છે. પરમ સત્ય સાથે એકત્વ પ્રસ્થાપિત કરવું અને તેના સર્વોપરી મૂલ્ય શોધવાનો છે અને પામવાનો હેતુ છે, ઉદ્દેશ છે.

આમ માણસનું આખું જીવન જ યોગ છે. આ યોગ એટલે પોતાની જ અપૂર્ણતામાંથી મુક્ત થઈ, તમામ પ્રકારના સંશયથી મુક્ત થઈ એકત્વ પ્રાપ્ત કરી પૂર્ણતા મેળવવા માટે વ્યવસ્થિત પ્રયત્ન કરવો તેનું નમ યોગ અને આ માટે આંતર સાધના કરવી, અને પોતાના વ્યક્તિત્વને વિરાટ વિશ્વ પરમ ચૈતન્ય અને પરાત્પર સચ્ચિદાનંદ જોડે એક કરવું, તેનું નામ યોગ છે. આ યોગનો અંતિમ ધ્યેય અને ઉદ્દેશ સંશયથી મુક્ત થવું છે, વિશાળ થવું છે, પરમ સત્ય થવું છે. આમ સર્વ પ્રકારે, સર્વરીતે, સંપૂર્ણપણે સર્વ પ્રકૃતિ અને તેના સ્વરૂપો સાથે એકતાં સિદ્ધ કરવી તેનું નામ યોગ. આમ યોગ એ જીવનના અમૃત પામવાનું અંતિમ લક્ષ છે.

આ લક્ષ એટલે પોતાની જાતને, પોતાના સ્વભાવને, પોતાના સ્વધર્મને, પોતાના આત્માને, પોતાના સ્વ-સ્વરૂપને, પોતાના જ પરમ સત્‌ને જાણવું અને તેમાં સ્થિર થઈ પોતાના પરમ સત્ય વિષે સભાન બની જીવનનું અમૃત પ્રાપ્ત કરવું અને તમામ સંશયથી મુક્ત થવું અને પરમ સત્ય સાથે એકત્વ પ્રાપ્ત કરવું તેનું નામ યોગ. આમ યોગની સિદ્ધિ એ માત્ર મૂળ સ્વરૂપે અમૃત મય એક નૂતન નવો જન્મ છે.

આ યોગની સાધના દ્વારા માણસ પોતાના સામાન્ય મનોમય અને સ્થૂળ જીવનમાંથી બહાર આવીને એક ઉચ્ચતર અમૃતમય આધ્યાત્મિક ચેતના અને મહત્તર તથા દિવ્યત્તર પરમ સતતામાં નવો અમૃતમય જન્મ લેવો તેનું નામ યોગ. આમ, માણસનો એની જ પોતાની વૈયક્તિક પરમ ચેતનાનો, દિવ્ય પરમચેતના સાથે સંબંધ થવો એ જ યોગનું સાર તત્વ છે, આજ યોગ સાધનાનું સુફળ છે.

આ યોગનો હેતુ આ દુનિયામાંથી અને આ જીવનમાંથી સ્વર્ગ કે નિર્વાણ પ્રત્યે ભાગી છૂટવાનો પ્રયત્ન નથી, પરંતુ પોતાની જ પરમચેતના અને પોતાના અસ્તિત્વનું ઉચ્ચતર અવસ્થા સાધીને તેમાં સ્થિર થઈને અમૃતમય જીવન સાધવાનો, અને અમૃતમય જીવન જીવવાનો છે.

આમ યોગ સાધનામાં વ્યક્તિના પોતાના જ લાભાર્થે જ પરમાત્માના સાક્ષાત્કાર અને અનુભૂતિનો અનુભવ અને સ્થિરતા

માત્ર વ્યક્તિગત હેતુ જ સિદ્ધ કરવાની અપેક્ષા કે આશા કે તૃષ્ણા રાખવામાં આવતી નથી, પણ પરમની વિશાળતા ધારણ કરી, પરમ વિશાળતામાં સ્થિર થઈને અમૃતમય જીવવું એ એક પ્રકારે વૈશ્વિક સિદ્ધિ છે, પણ સાધક આ વિશ્વથી પર નથી. આ છે યોગનો હેતુ અને ઉદ્દેશ.

આમ, યોગ દ્વારા જીવનના તમામ સંશયોથી મુક્ત બની, વિશાળતા ધારણ કરી, અમૃતમય જીવન જીવવું તે ઉદ્દેશ છે, આ ઉદ્દેશ અને હેતુ સિદ્ધ કરવા માટે એક વ્યવસ્થિત સુનિશ્ચિત પ્રક્રિયા નક્કી કરી લેવામાં આવી છે, તે છે યોગ.

આ યોગનો ધ્યેય અને ઉદેશ સર્વાંગી રીતે સંપૂર્ણ છે અને તેનો હેતું પરમચેતના અને પ્રકૃતિનું સર્વાંગ સંપૂર્ણ રૂપાંતરણ છે. પરિવર્તન છે. આ એક આધ્યાત્મિક સાહસ યાત્રા છે. આ યાત્રાનો હેતુ અને ઉદ્દેશ માત્ર ને માત્ર આત્મસિદ્ધિ, આત્મવિલોપન નહીં, પણ તમામ પ્રકારના જીવનના સંશયથી મુક્તિ અને પૂર્ણતાનો પંથ છે. અમૃતનો માર્ગ છે, પરંતુ આત્મત્યાગ નથી. આત્મા સાથેનું જોડાણ છે. પરમ સત સાથે એકત્વ છે. પરમજ્ઞાનમાં સ્થિરતા છે. પરમનો અર્થ છે, જે શાશ્વત છે. જે અજન્મા છે, તે અને તેની સાથે જોડાણ અને એકત્વ. આમ યોગ સાધના ત્રણ ફળની પ્રાપ્તિ છે, જેમાં કેવળ જ્ઞાનની પ્રાપ્તિ શૈલેશીકરણ અને મોક્ષ પ્રાપ્તિ. આ સાધનાની સિદ્ધિ, એટલે પરમમાં સ્થિર થવું છે, આવો યોગ રસ્તા પર કે જાહેરમાં થઈ શકે જ નહીં, જે થાય છે તેને ને યોગ સાધનાને કાંઈ જ લાગતું વળગતું નથી, એટલી સ્પષ્ટતા સાથે યોગ એટલે પરમ સાથેનું જોડાણ સિદ્ધ કરવું એકત્વ થવું અને જીવનના તમામ સંશયથી મુક્તિ, તેનું નામ યોગ, જેને પૂર્ણ શુદ્ધતા અને પૂર્ણતા તે છે યોગ.

✦ ✦ ✦

સંપર્ક : sarujivan39@gmail.com, અમેરિકા

## ઉપભોક્તાવાદની ઉપજ એટલે 'વિવિધ ડે'ના ઉજવણી

**મુનિ પ્રીતદર્શનવિજય મહારાજ સાહેબ**

**તો જાણો તેની પાછળનો સત્ય ઇતિહાસ શું છે?**

**ભા**રત નામથી ઓળખાતો આ આર્યાવર્તનો ભૂખંડ અનાદિકાલથી સંસ્કૃતિ પ્રધાન વિવિધ ધર્મોની માન્યતાથી ભરપુર છે. તેમાં પણ દરેક માન્યતાના કેન્દ્રમાં આત્મા-પરમાત્મા-મોક્ષતત્ત્વની જ પ્રધાનતા રહેલી છે. ક્યાંક પણ અનાત્મવાદ–અધર્મ કે વિકૃતિનો અવકાશ જ નથી. તેમાં પણ તે તે ધર્મોમાં કે જીવનવ્યવહારોમાં ઉજવાતા પર્વો કે તહેવારો સંસ્કૃતિ અને ધર્મશાસ્ત્રોની મર્યાદાથી નિયંત્રિત હતા. પરંતુ છેલ્લા ૨૯ વર્ષથી ભારત સરકારે કરેલું આર્થિક ઉદારીકરણરૂપી વાવાઝોડું ત્રાટક્યું. તેની સાથે બહુરાષ્ટ્રીય કંપનીઓ (M.N.C.) વિદેશી ચેનલો, અમર્યાદિત ઉપભોગ માટેના મોબાઈલ વગેરે સાધન-સામગ્રીનો તો રાફડો ફાટી નીકળ્યો. માત્ર તેનાથી ન અટકતા સાથોસાથ પશ્ચિમી, અનાર્ય, વિકૃત, વિલાશી વિચારધારા અને જીવનશૈલીએ પગપેસારો કરી અનાદિ સુરક્ષિત ભારતીય સંસ્કૃતિ, મૂલ્ય, મર્યાદા, પરંપરા અને અસ્મિતાના મૂળિયા હચમચાવી દીધા છે.

જગતની તમામ સજીવસૃષ્ટિ સુખ કે આનંદ ને ઇચ્છે છે અને તે મેળવવા જ પ્રયત્નશીલ રહે છે. તે કાંઈ ગુન્હો નથી, પણ તેના માધ્યમો નીંદનીય કક્ષાના બને ત્યારે ગડબડ ઊભી થાય છે. તેની સાબિતી આ બધો 'ડે'ની ઉજવણી છે, અને તેમાં પાછું મલ્ટિનેશનલ કંપનીઓને કમાણી માટે માર્કેટ મળતા વધુ બળ અને પ્રોત્સાહન મળ્યું. તેથી જ ઉપજાવી કાઢેલા અર્થહીન તહેવારોનું આપણી ભોળી પ્રજા આંધળું અનુકરણ કરી અધ:પતનના માર્ગે ઘસડાઈ રહી છે. તે દુ:ખદ બીના છે. આ સત્ય મારા મનના તરંગ કે કપોલકલ્પિત નથી. પણ પીટર અને સ્ટર્ન્સ નામના અંગ્રેજ લેખકો એ પોતાની ''કન્ઝ્યૂમરિઝમ ઇન વર્લ્ડ હિસ્ટરી : ધ ગ્લોબલ ટ્રાન્ફોર્મેશન ઓફ ડીઝાયર'' નામક પુસ્તકમાં કબુલ કરી આ બધા કાવતરા પર્દાફાશ કર્યા છે. પીટર જણાવે છે કે 'ઉપભોગની ચીજો સાથે જન્મદિવસ ઉજવણીનો વિચાર એ નવીન શોધ હતી. ૧૯૦૦મી સદી પછી માત્ર ઉપભોક્તાવાદને આગળ ધપાવવાના ઉદ્દેશ્યથી તહેવારો શોધવા લાગ્યા.' 'શોધાવા લાગ્યા' આ શબ્દ પ્રયોગ જ જાહેર કરે છે કે પૂર્વે ન હતાં. પરંતુ ઊભા કરવામાં આવ્યા. ઉદાહરણ તરીકે ઇતિહાસ તપાસીએ તો જણાય છે કે સૌ પ્રથમ અમેરિકામાં ૧૮૩૦માં દસકામાં ક્રિસમસની ભેટો આપવાની શરૂઆત થઈ. જે ૧૯મી સદી આવતા સુધીમાં ખૂબ મોટું સ્વરૂપ ધારણ થઈ

ગયું. શરૂઆતમાં ભેટો (ગિફ્ટ) ખરીદીને એકબીજાને આપવી તે પારિવારીક લાગણીનું માધ્યમ હતું. અને તેની સાથે પોતાના ઈષ્ટદેવ ઈશુખ્રિસ્તના જન્મની પણ ખુશાલી જોડાયેલી હતી. પણ તે ઉદ્દેશ ક્યાં? અને વર્તમાનમાં થતી ૩૧ ડિસેમ્બરની નાઇટની છેલ્લીકક્ષાની ઉજવણી ક્યાં? કેટલું અધઃપતન કેવું નગ્ન પ્રદર્શન?

હવે વાત કરીએ ૧૪ ફ્રેબુઆરીના 'વેલેન્ટાઈન્સ ડે'ની ઉજવણીની. જે સૌ પ્રથમ બ્રિટનમાં ૧૮૫૫માં કોમર્શિયલ કાર્ડ આપવા દ્વારા શરૂ થયો હતો. તે સમયે ભારત બ્રિટિશરોનું ગુલામ હોવા છતાં બચી જવા પામ્યું હતું. અને ૧૩૫ વર્ષ બાદ ૧૯૯૨માં ઉદારીકરણના નામે (પાયે) ભારતમાં ઘુસ્યો. અને હવે તે ક્યાં જઈને અટક્યું છે? તે મારે જણાવવાની જરૂર નથી. આ આંધળા અનુકરણવાદે ભારતીય યુવાધનને ગેરમાર્ગે દોરી ભ્રષ્ટ કરવામાં બાકી રાખ્યુ નથી. બીજું ઉદાહરણ અન્ના જાવિર્સ નામની અમેરિકને ૧૯૧૪માં શુભ ભાવનાથી 'મધર્સ ડે'ની ઉજવણી શરૂ કરાવી. પછી M.N.C. એ તેને જે રીતે વેપારીકરણનું માધ્યમ બનાવી પવિત્ર ભાવનાની જે રીતે ક્રૂર મજાક ઉડાવી તે જોઈ જાવિર્સનું હૃદય દ્રવી ઊઠ્યું અને ૧૯૨૩માં પોતે જ તે તહેવારનો વિરોધ કર્યો. પણ હવે તેના હાથમાં દર્દ અને દુઃખ સિવાય કશું ન હતું.

સૌથી મહત્વની વાત. ભારતમાં મોટાપાયે જે દૂષણ ઘૂસ્યુ છે કે જેના ચેપથી ઘણા સંતો-મહંતો કે અમૂક ધર્મો પણ બચી શક્યા નથી. અને તે છે 'બર્થ ડે પાર્ટી' સૌ પ્રથમ ભારતીયો ખ્રિસ્તી તારીખ ને નહીં, પરંતુ તિથિને મહત્વ આપે છે. અને તિથિ પ્રમાણે જ સાચો જન્મદિવસ આવે છે, અને તે વૈજ્ઞાનિક પણ છે. મનુષ્યના જીવન પર તિથિની જ અસર રહેલી છે. અરે પોતાના ગણાતા ઈષ્ટદેવોના જન્મની ઉજવણી દા.ત. પ્રભુરામ તો રામનવમી, કૃષ્ણ ભગવાન તો જન્માષ્ટમી (શ્રાવણ વદ ૮), પ્રભુ મહાવીર – ચૈત્ર સુદ ૧૩, વીર હનુમાનજી ચૈત્રી પૂનમ વગેરે તિથિએ ઉજવીએ છે. અરે સદ્ગુરુના જન્મ વગેરે પવિત્ર દિવસોની ઉજવણી જોઈ લો. જ્યારે પશ્ચિમી અનુકરણવાદથી આપણે કેટલું ઉલટુ કરીએ છે, આપણી સંસ્કૃતિ કે જેના પાયામાં સંસ્કારો છે જેમાં જન્મદિવસાદિ શુભ દિવસે વડીલોને પગે લાગી પવિત્ર અને દીર્ઘાયુ જીવનની માંગણી, તિલક દ્વારા બહુમાન, મંદિરે દેવદર્શન, સદ્ગુરુઓનો સત્સંગ, જરૂરતમંદને યથાયોગ્ય દાન, પાંજરાપોળમાં અબોલ પશુઓને કંસાર, ગોળ, ઘાસ ખવડાવવું વગેરે અનેક શુભ પ્રવૃત્તિનો આજે અદશ્ય થઈ રહી છે. ખરેખર આ રીતે વિકૃત પ્રકારે જન્મદિવસની ઉજવણી તો નવા સેંકડો જન્મોની પરંપરા સર્જનારી, દુઃખો લાવી આપનારી છે. આમાં અજ્ઞાનતા અને પાગલપન સિવાય બીજું કશુ તથ્ય કે બુદ્ધિમત્તા મને જણાતી નથી. અરે સૌથી દુઃખકારક ઘટના તો એ છે કે આ બધા ઈમ્પોર્ટ તહેવારો તો સ્વતઃ જ ભ્રષ્ટ હતા અને અહીં આવી પ્રજાને ભ્રષ્ટ કરી પણ અહીંના પ્રાદેશિક, વ્યવહારિક લગ્નો વગેરે અને ધાર્મિક પ્રસંગો, તહેવારો અને પર્વોને પણ અભડાવવાનું બાકી નથી રાખ્યું. ચાહે નવરાત્રિ (લવરાત્રિ) હોય કે ગણપતિજી, જન્માષ્ટમી હોય કે રક્ષાબંધન, હોળી હોય કે દિવાળી, જૈનોના પર્યુષણ હોય કે તપના થતા પારણાની હોટેલોમાં થતી પાર્ટી, અરે કસમ ખાવા પૂરતું એકપણ ધર્માનુષ્ઠાન બાકી નથી રાખ્યું જેમાં ઓછા-વત્તા અંશે આધુનિકતા, નાસ્તિકતા, અનાત્મતા કે અજ્ઞાનતાનું ભેળસેળપણું થયું ન હોય. મને તો ચિંતા ધર્મો, સ્થાપકો કે સિદ્ધાંતોની જેટલી છે, તેથી વધૂ ધર્માનુયાયી, ભારતીય પ્રજાની થાય છે કે જે સંસાર સાગર તરવાનું સાધન છે, તેજ ક્યાંક ડુબારનાર બનશે તો તારક તત્ત્વ કોણ બચશે પહેલાં તો ગીતાજીમાં यदा यदाही धर्मस्य... એ વચન દ્વારા શ્રી કૃષ્ણ ભગવાને પુનઃ જન્મધારણ કરવાની વાત કરી હતી. તે વચનપર પણ આ ગર્ભયાતના મહાપાપે આશા રહી નથી. છતાં પ્રભુજીનું વચન છે. તે મિથ્યો ન થાવો. પણ પ્રભુજી પધારી આ દુષ્ટ વિચારધારા જીવનશૈલીને ઉખાડીને ફેંકી પુનઃ સંસ્કૃતિ-ધર્મ-સદાચારની સ્થાપનાના ન કરે ત્યાં સુધી આપણે આ સડાને આગળ વધતો અટકાવવા આ લેખ વાંચ્યા પછી બે સંકલ્પ કરી તેનો ચૂસ્તપણે પાલન કરવાનું છે. (૧) વિદેશી તમામ ડે – તહેવારોને આપણે જીવનમાંથી સંપૂર્ણપણે તિલાંજલી-ત્યાગ. (૨) અને આપણા ભારતીય વ્યવહારિક કે ધાર્મિક પર્વો કે તહેવારોની ઉજવણી આપણી પરાપૂર્વથી ચાલી આવતી પરંપરાની રક્ષા કરવા પૂર્વક, ધર્મશાસ્ત્ર અને સદ્ગુરુને વફાદાર રહી સાચી રીતે કરીએ બસ આટલું કરશો તો મારો પુરુષાર્થ સફળ રહેશે.

*(આ લખાણ દ્વારા કોઈના પણ દિલની ભાવના કે વિચારધારાને ઠેસ પહોંચી હોય તો ક્ષમા ચાહું છું.)*

✦ ✦ ✦

# જૈન ધર્મના પ્રચારક ડૉ. જગદીશચંદ્ર જૈન

આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી

**ક્યા**રેક એવું બને છે કે સાવ સામાન્ય પરિવારોમાં જન્મેલા મનુષ્યો અસાધારણ કાર્ય કરીને પોતાનું જીવન યશસ્વી બનાવી દે છે!

પશ્ચિમ ઉત્તર પ્રદેશના બસેડા ગામના કાંજીમલ જૈનની દવાની નાનકડી દુકાન હતી. તેના ઘરે પુત્રનો તા. ૨૦, જાન્યુઆરી ૧૯૦૯ના રોજ જન્મ થયો. તેનું નામ પાડ્યું જગદીશચંદ્ર અને તેના બે વર્ષ પછી કાંજીમલનું અવસાન થયું. માતાએ પુત્રને ઉછેર્યો. જગદીશ નવમા વર્ષે ગામઠી શાળાનો અભ્યાસ પૂરો કરીને ગુરુકુળમાં ભણવા ગયો. ૧૯૨૩માં વારાસણીમાં સ્યાદ્વાદ જૈન વિદ્યાલયમાં પ્રવેશ મેળવીને જૈન ધર્મ, સંસ્કૃત, વ્યાકરણ, સાહિત્ય, ન્યાયનો અભ્યાસ કર્યો. 'શાસ્ત્રી'ની પદવી મેળવી.

જગદીશચંદ્રની તે સમયે એવી હાલત હતી કે બે રંક ભોજનના પણ સાંસા હતા. આવી કઠીન પરિસ્થિતિમાં પણ તેમણે બનારસ યુનિવર્સિટીમાંથી તત્ત્વજ્ઞાનની માસ્ટરની પરીક્ષા પાસ કરી. તે સમયે આઝાદીનું આંદોલન પૂરબહારમાં હતું. જગદીશચંદ્ર મહાત્મા ગાંધીના પ્રભાવ હેઠળ આઝાદીના આંદોલનમાં જોડાયા. અગ્રણી સત્યાગ્રહી બની ગયા. તે સમયે તેઓ અજમેરની સ્કુલમાં શિક્ષક તરીજે જોડાયા. ત્યાંના પ્રિન્સીપાલે કહ્યું કે, 'તમારે ગાંધી ટોપી પહેરવી નહીં.' જગદીશચંદ્રએ નોકરી છોડી દીધી. દેશ પહેલાં, બીજું બધું પછી!

આમ તેમ ભટકવાનું ચાલું હતું તે દરમ્યાન તેમને કલકત્તાના શાંતિનીકિતનના વિશ્વભારતી વિશ્વ વિદ્યાલયમાં સંશોધન માટે શિષ્યવૃત્તિ મળી. તે સમયે તેમને કલાગુરુ રવિન્દ્રનાથ ટાગોરનું સાંનિધ્ય મળ્યું. જગદીશચંદ્રને લાગ્યું કે જીવનઘડતરનો આ સરસ અવસર છે. ત્યાંથી નીકળીને હિન્દી, સંસ્કૃત અને પ્રાકૃત વિષયના અધ્યાપક તરીકે મુંબઈની કોલેજમાં જોડાયા. ત્યાં તેમણે ત્રીસેક વર્ષ કામ કર્યું. તે સમયે તેમણે સમાજશાસ્ત્રમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. આ સમયે આર્થિક જવાબદારીમાં થોડુંક સમતુલન આવ્યું હતું. કિંતુ સતત આઝાદીની લડાઈ મનને આકર્ષતી હતી. તેમને સત્યાગ્રહનું આંદોલન છોડ્યું નહોતું. ૧૯૪૨માં સત્યાગ્રહમાં ભાગ લેવા માટે તેમને વરલીમાં જેલમાં મોકલવામાં આવ્યા હતા.

તે સમયે તેમણે જૈન ધર્મ વિષે લખવાનું ચાલું રાખ્યું હતું.

ડૉ. જગદીશચંદ્ર જૈન અનેક ભાષાઓ જાણતા હતા. તેઓ સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, શૌરસેની, હિન્દી, બાંગલા, અંગ્રેજી, ડચ, ઋષિ, ચીની, જર્મન વગેરે ભાષાઓના નિષ્ણાત હતા. તેમને થતું હતું કે મારે દુનિયાના દેશોમાં જઈને આ જગતનો મહાન ધર્મ જૈન ધર્મ છે તે સમજાવવું જોઈએ. ભારતીય સંસ્કૃતિ અને જૈન ધર્મનો સૌને પરિચય કરાવવો જોઈએ. તેમને તક મળી અને તેઓ જર્મની ગયા. જર્મનીના કીલ યુનિવર્સિટીમાં તેમણે ચાર વર્ષ સુધી પ્રાકૃતનો અભ્યાસ કરાવ્યો અને જૈન ધર્મ શિખવ્યો. તે સમયે તેમણે અનેક દેશોનો પ્રવાસ કર્યો. તેમણે જર્મની, બ્રાઝિલ, આર્જેન્ટીના, ચેકોસ્લોવાકિયા, રશિયા અને અમેરિકાના દેશોમાં ફરીને જૈન ધર્મ અને પ્રાકૃત ભાષા અંગે વિશિષ્ટ કાર્ય કર્યું.

તેમની અભ્યાસ નિષ્ઠા પ્રશંસા પાત્ર હતી. દુનિયાભરના વિદ્વાનોનું ધ્યાન તેમના તરફ આકર્ષિત થયું હતું. તેમને અનેક એવોર્ડ મળવા લાગ્યા. વિશ્વના પ્રવાસ દરમ્યાન તેમને પોતાનું લેખનકાર્ય અખંડ જાળવી રાખ્યું હતું. તેમણે લગભગ ૮૦થી વધુ ગ્રંથનું આલેખન કર્યું હતું. તેમાંથી કેટલાંક મહત્વના ગ્રંથોના નામ જુઓ. (૧) આચાર્ય મલ્લીશેષ કૃત સ્યાદ્વાદ મજરી (૨) જૈન આગમો મેં ભારત કા ચિત્રણ લેખન (૩) દો હજાર વર્ષ પુરાની કહાનીયાઁ (૪) પ્રાચીન ભારત કી કહાનીયાઁ (૫) સોશ્યલ લાઈફ ઈન એશીયન ઈન્ડિયા એઝ ડીપીક્ટેડ ઈન જૈન કેનન્સ (૬) ભારત કે પ્રાચીન તીર્થ (૭) પ્રાકૃત સાહિત્ય કા ઇતિહાસ (૮) જૈન આગમ સાહિત્યમે ભારતીય સમાજ (૯) જૈન સાહિત્ય કા બૃહદ ઇતિહાસ ભાગ-૧ અને ૨ (૧૦) પ્રાકૃત જૈન કથા સાહિત્ય (૧૧) ધ જૈન વે ઓફ લાઈફ (૧૨) ભારતીય તત્ત્વ ચિંતન (૧૩) રમણીકે રૂપ (૧૪) વાસુદેવ હિન્દી (૧૫) પ્રાકૃત જૈન નેરેટિવ લીટરેચર.

ડૉ. જગદીશચંદ્ર જૈન પ્રતિભા સંપન્ન અને બુદ્ધિશાળી હતા. દેશ-વિદેશમાં તેમની ખ્યાતિ એક ઉચ્ચકોટીના વિચારક તરીકે હતી. તેમણે દેશ-વિદેશમાં પ્રાકૃત ભાષા અને જૈન ધર્મનો પ્રચાર કર્યો તેથી તેમનું સન્માન વધ્યું હતું. તેમણે લખેલા ૮૦ પુસ્તકો અને અનેક સંશોધન પેપર્સ જે તે ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે આધારભૂત સાધન બની ગયા હતા. તેઓ કાયમ માટે મુંબઈમાં રહેવા આવી ગયા હતા.

૧૯૪૮માં એવું બન્યું કે મદનલાલ પાહવાને એકવાર ડૉ. જૈને

આર્થિક મદદ કરી તેથી તેમનો સંબધ વધ્યો. તેમના દ્વારા માહિતી મળી એટલે ડૉ. જૈને ભારત સરકારને વારંવાર ચેતવણી આપી કે ગાંધીજીની હત્યા થશે. મહારાષ્ટ્ર રાજ્યના મુખ્ય પ્રધાન બી. જી. ખેર અને દેશના ગૃહપ્રધાન મોરારજી દેસાઈને તેમણે ચેતવ્યા હતા. પણ તેમની ચેતવણીની હંમેશા અવગણના કરવામાં આવી. ૧૯૪૮ના ૨૦મી, જાન્યુઆરીએ મદનલાલ પાહવાએ સાંજના સમયે બિરલા હાઉસમાં મહાત્મા ગાંધીની પ્રાર્થના સભામાં બોમ્બ ફોડ્યો. પરંતુ તેમાં નિષ્ફળતા મળી. મદનલાલ પાહવાની ધડપકડ થઈ.

આ સમયે પણ ડૉ. જગદીશચંદ્ર જૈને સરકારને વારંવાર વિનંતી કરી કે ધરપકડ કરાયેલા મદનલાલ પાહવાને ઉલટ તપાસમાં ઝડપીને તેણે ઘડેલા કાવતરાની માહિતી મેળવવામાં આવે. પરંતુ આ સમયે પણ સરકારે તેમની વાત ગણકારી નહીં અને તેના દસ જ દિવસ બાદ મહાત્મા ગાંધીની હત્યા થઈ.

જગતભરમાં સનસનાટી ફેલાઈ ગઈ.

તે સમયે લાલ કિલ્લામાં મહાત્મા ગાંધીની હત્યાનો કેસ ચાલુ થયો. તે મુકદમા દરમ્યાન ડૉ. જૈન મુખ્ય સાક્ષી બની ગયા. તેમણે સરકારે દાખવેલી ઉપેક્ષાની ઘોર નિંદા કરી. તે માટે તેમણે બે પુસ્તકો પણ લખ્યા. તેના નામ છે (૧) I Could Not Save Bapu અને (૨) The Forgotten Mahatma.

ડૉ. જગદીશચંદ્ર જૈન પોતાને મળેલી કીર્તિ અને પૈસા માટે પોતાના અભ્યાસને જવાબદાર ગણતા હતા. તેઓ માનતા હતા કે જે વ્યક્તિ અભ્યાસના ક્ષેત્રે આગળ વધે છે તે જીવનમાં કોઈ શ્રેષ્ઠ કાર્ય કરી બતાવે છે. ડૉ. જગદીશચંદ્ર જૈનને હાર્ટની તકલીફ હતી જ. ૨૮ જુલાઈ, ૧૯૯૪ના રોજ તેમને હૃદયનો મોટો હુમલો થયો અને તેમનો સ્વર્ગવાસ થયો. તેઓ જ્યાં રહેતા હતા તે નિવાસ સ્થાનના મુખ્ય રસ્તાને મુંબઈ મ્યુનિસીપલ કોર્પોરેશને તેમનું નામ આપીને તેમની સ્મૃતિ જાળવી રાખી છે. તેમની સ્મૃતિમાં પ્રો. જે. સી. જૈન સ્મારક ટ્રસ્ટની રચના થઈ છે અનેઆ ટ્રસ્ટ ડૉ. જગદીશચંદ્ર જૈનના કાર્યોને આગળ ધપાવી રહ્યું છે, તેમની સ્મૃતિમાં ભારત સરકારના ટપાલ ખાતાએ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ સ્ટેમ્પ બહાર પાડી છે.

એક સાવ સામાન્ય કુટુંબમાં જન્મેલા ડૉ. જગદીશચંદ્ર જૈન પોતાની અભ્યાસ નિષ્ઠાની સાથે જૈનધર્મ વિષે જે કાર્ય કરતા હતા તેને કારણે આવનારા વર્ષો સુધી અભ્યાસીઓ તેમને યાદ કરશે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૬૨૪૬ ૪૦૦૮૬

## શ્રુત જ્ઞાનની આરાધના અને ઈલેક્ટ્રોનિક્સ માધ્યમ

**બકુલ ગાંધી**

**કો**વિડ-૧૯ કોરોનાની મહામારીએ મનુષ્યના જીવનને ગંભીર રીતે ખોરંભી મૂક્યું છે. આજસુધી ૬ કરોડથી વધુ પ્રભાવિત થયા છે અને પંદર લાખથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે અને દરરોજ હજારો લોકોના જીવ ગુમાવવાનો કોઈ અંત દેખાતો નથી. વિશ્વભરમાં લોકોના રોજગાર, વ્યવસાય, ઉદ્યોગો, અર્થતંત્રને ગંભીર રીતે વિક્ષેપિત કરી નુકસાન પહોંચાડ્યું છે. વૈજ્ઞાનિકો આ વાયરસ સામે લડવા માટે અસરકારક રસી વિકસાવવા પર કામ કરી રહ્યા છે. કોવિડ-૧૯ કોરોનાની મહામારીના ચેપથી – સંક્રમિતતાથી તાત્કાલિત બચવા સમયોસમય સરકારો લોકડાઉન જાહેર કરી. ''ઘરે રહો, સલામત રહો'', ''માસ્ક પહેરો'', ''સામાજિક અંતર રાખો'' સલાહ આપતા આવ્યા છે. હતાશા, અસ્વસ્થતા અને ગભરાટ ભર્યા વિકાર જેવી વિવિધ માનસિક સમસ્યાઓ ઉપરાંત, રોગચાળો વિશ્વભરના લોકોના જીવન અને શારીરિક સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમો ઊભો કર્યા છે. આવા કપરા સમયે ધર્મ, સાધ-સંતોની વાણીનો લાભ, સામયિક-પ્રતિક્રમણનું આલંબન રાહત આપનારો શ્રેષ્ઠ ઉપચાર બની રહે છે. આંતરિક જાગ્રતતા કેળવી કર્મ નિર્જરા અર્થે તપ કરવાની તક મળેલ છે. પરંતુ લોકડાઉનમાં ધાર્મિક સ્થળો-ઉપાશ્રય-દેરાસર-તીર્થ ઉપર પણ પાબંદી લાગી છે.

### જૈન ધર્મ પ્રત્યેની આસ્થા અને ઝંખના

કોવિડની તાત્કાલિક સમસ્યા સિવાયનાં સમયની વાત કરીએ. એક બાજુએ વીસ એકવીસમી સદીના ઝડપથી વિકસિત વિજ્ઞાને માનવીને સુખાભાસનો અનુભવ થાય તેવા નિતનવાં સાધનો ઉપલબ્ધ કરાવ્યા છે. તો બીજી બાજુએ વધતી આવક અને સહેલાઈથી હપ્તે મેળવી શકાય તેવી આર્થિક નીતિઓ આવા સુખાભાસનાં સાધનો વસાવવા લલચાવે છે. ઝડપથી બદલતાં યુગમાં શિક્ષકનું માધ્યમ પણ હવે અંગ્રેજી ભાષામાં થઈ ગયું છે. આવા વાતાવરણમાં સામાન્યપણે સંસારી છદ્મસ્થ જીવોનું મન વધારે ને વધારે ચંચળ રહે છે. અનેક પદાર્થોની પ્રાપ્તિ અપ્રાપ્તિ વિશે અનેક ભાવોમાં રમતું

રહે છે. આ મન જેમ જેમ માંકડાની ઉછળે છે તેમ તેમ વિભાવભાવનું બળવાનપણું થતાં કર્મોનો અનેકધા આશ્રવ થતો રહે છે અને જીવોનો સંસાર વધતો રહે છે.

પૂ. સાધુ-સાધ્વીની ધર્મકથા અનેક અપેક્ષાથી સામા જીવને ધર્મમાં સ્થિર તથા દઢ કરવા માટે છે. જે શાસનના શરણે પૂ. સાધુ-સાધ્વી છે તે શાસનનો જયજયકાર ચોમેર થાય, ફેલાવો વધે એવી પ્રવૃતિ ધર્મકથા તથા ધર્મોપદેશ દ્વારા કરવામાં આવે છે. તેથી પૂ. સાધુ-સાધ્વીની પૂર્વસંચિત અનેક કર્મોની નિર્જરા થાય છે અને ભવિષ્યમાં શુભફળ આપનારા કર્મ બંધાય છે. છઠ્ઠા અને સાતમા ગુણસ્થાને વર્તતા મુનિ પ્રબળ શુભ ભાવમાં આજ્ઞાથી પ્રવર્તતા હોવાથી અનેક જીવોને ધર્મસન્મુખ કરી શકે છે. શ્રુતની આરાધનાથી જીવ અજ્ઞાન દૂર કરે છે અને કલેશ પામતો નથી. મહાપુરુષોના ભરેલા વચનો વાંચવા કે સાંભળવા તે પણ શ્રુત કહેવાય છે. સ્થિરતાથી ભરેલી સ્થિતિમાં મુનિ જનસામાન્યને ઉપદેશ આપી પોતાની સ્થિરતા અવિરતપણે મુદ્રાદિ દ્વારા પ્રગટ કરી લોકોને પણ મનને અંકુશમાં રાખવાથી થતાં લાભો વિશદતાથી સમજાવે છે. પરંતુ સાધુ-સાધ્વીના દર્શન અને વાણીનો ધર્મલાભ દરેક સ્થળે દરેક સમયે નથી મળી શકતો. ખાસ કરીને પરદેશ જઈ સ્થાયી થયેલા જૈન શ્રાવકોને.

## ઈલેક્ટ્રોનિક માધ્યમનો સાત્ત્વિક વિકલ્પ

સાધારણ રીતે ટી.વી. અખબાર કે સોશિયલ માધ્યમમાં સતત અસંવેદનશીલ ગંદા રાજકરણ અને ગુનાહિત જગતના જ સમાચારો કે મનોરંજનને નામે અશ્લીલતા છવાયેલા રહેલાં હોય છે. બીજી તરફ આજ ઈલેક્ટ્રોનિક માધ્યમના સદ્‌ઉપયોગથી યુ ટ્યુબ, ઝુમ વિડિયો કે એવા અનેક એપથી સંત દર્શન, સંત વાણી. સામાયિક-પ્રતિક્રમણ, ભક્તિ ગીત-સંગીત કે સ્વાધ્યાય માટે આગમો સહિત હજારો ધાર્મિક પુસ્તકો શ્રોતાઓ સમક્ષ તેઓ ચાહે ત્યાં અને ત્યારે સુવિધાઓ ઉપલબ્ધ થઈ રહી છે. હકીકતમાં આ વર્ષે કોવિડના સમયના લોકડાઉનના સમયે પર્યુષણ દરમ્યાન સામુહિક પ્રતિક્રમણથી વંચિત હોય અને વ્યક્તિગત રીતે પ્રતિક્રમણની ક્રિયા અને પાઠો કંઠસ્થ ન હોય તેને મોબાઈલના વોટ્સઅપમાં ક્રિયા સાથેનું પ્રતિક્રમણ કરવાનો વિકલ્પ ઉપલબ્ધ થયો. It was like blessings in Disguise. જોકે, ઈલેક્ટ્રોનિક મીડિયાનો ઉપયોગ એક ચર્ચાસ્પદ મુદ્દો બની ગયો છે. પાટણ ખાતે ૨૦૧૪માં જ્ઞાનધારા સત્ર ૧૧માં અને તેરાપંથી સંપ્રદાયમાં વીજળી સચેત છે કે અચેત તે વિષયે વિચારો-મંતવ્યો પ્રસ્તુત થયેલાં છે પરંતુ તેની ચર્ચા ન કરતાં, ઈલેક્ટ્રોનિક માધ્યમના ઉપયોગથી થતી એકેન્દ્રિય જીવોની હિંસાથી થતા અતિચારના પ્રશ્નનો વિચાર કરીએ. આ પ્રશ્નને લગતાં વિવિધ પાસાઓનું વિશ્લેષણ કરવાનો પ્રયાસ છે.

## જૈન ધર્મ-મનુષ્ય ભવ-જ્ઞાન

૧. ભગવાન મહાવીર સ્વામીએ લોકને ઊર્ધ્વ. મધ્યમ અને નીચે, એમ ત્રણ વિભાગથી વિભાજિત કર્યા છે. અધોલોકમાં દુઃખની પ્રધાનતા છે. મધ્યલોકમાં સુખ અને દુઃખની મધ્યમ સ્થિતિ છે. ઊર્ધ્વલોકમાં સુખની પ્રધાનતા છે. લોકાતીત સ્થાન સિદ્ધિ સ્થાન-મુક્ત સ્થાન કહેવાય છે. ઊર્ધ્વલોકમાં દેવલોક છે. મધ્યલોકમાં માનવ પ્રધાન છે, અધોલોકમાં નરક છે. મધ્યલોક એ એક એવું સ્થાન છે કે જ્યાંથી જીવ ઉપર અને નીચે બંને જગ્યાએ જઈ શકે છે. નારકી દેવ નથી બની શકતા અને નારકી દેવ નથી બની શકતા.

૨. ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૩ ચતુરંગીય :– આ સંસારમાં પ્રાણીમાત્રને ચાર પરમ અંગો પ્રાપ્ત થવા દુર્લભ છે. (૧) મનુષ્યત્વ, (૨) સધર્મનું શ્રવણ, (૩) સધર્મમાં શ્રદ્ધા અને (૪) સંયમ પરાક્રમ. અત્યંત નિકટના ઉપકારક તથા મુક્તિનાં કારણ હોવાથી મનુષ્યત્વાદિ પરમ અંગ છે. આ ચારે અંગો મોક્ષ પ્રાપ્તિમાં મુખ્ય કારણ છે.

૩. ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨૯ ગાથા ૫૯/૬૧ જ્ઞાન સંપન્નતાથી જીવ સમસ્ત તત્વોનો જ્ઞાતા બને છે. જ્ઞાન સંપન્ન જીવ ચતુર્ગતિ રૂપી સંસાર કાન્તારમાં ભટકતો નથી. જેમ દોરો પરોવાયેલી સોય પડી જવા છતાં ખોવાઈ જતી નથી તેમ શાસ્ત્રજ્ઞાન સહિત જીવ સંસારમાં વિનિષ્ટ થતો નથી. તે જીવ જ્ઞાન, વિનય, તપ અને ચારિત્રના યોગોની અધિક, અધિકતમ ઉપલબ્ધિ કરે છે. તે સ્વ સિદ્ધાંત અને પરસિદ્ધાંતમાં વિશારદ થઈને સર્વને માટે સન્માનીય થઈ જાય છે. જ્ઞાન સંપન્ન આત્મા સંસારમાં રખડતો નથી. જ્ઞાન પ્રકાશરૂપ છે. સાધક ગમે ત્યાં હોય પરંતુ જ્ઞાન પ્રકાશમાં પોતાનો માર્ગ શોધી લે છે. તે મોક્ષમાર્ગથી દૂર થતો નથી. અહીં જ્ઞાન સંપન્ન વ્યક્તિ માટે દોરાથી યુક્ત સોયની ઉપમા આપવામાં આવી છે. દોરો પરોવાયેલી સોય પડી જવા છતાં ખોવાઈ જતી નથી. તેવી જ રીતે જ્ઞાન સંપન્ન સાધક કોઈ પણ સંયોગ, સંગતિ, વિચારણા કે ચર્ચામાં અન્ય દાર્શનિકોના પ્રભાવમાં આવી જતો નથી. તે જ્ઞાન સંપન્ન સાધક પોતાને જિનાજ્ઞામાં સુશિક્ષિત, સુરક્ષિત અને સ્થિર રાખી શકે છે અને ક્યારેય મિથ્યાત્વમાં ફસાતો નથી. શ્રુતજ્ઞાની અભ્યાસ કરતાં કરતાં અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન તથા

વિનય તેમ જ ઉત્કૃષ્ટ ચારિત્રને પ્રાપ્ત કરી લે છે.

૪. આચારંગ સૂત્ર અધ્યયન ૬ ઉ:૨ શતક ૫ આજ્ઞાનું પાલન કરવું એ જ મારો ધર્મ છે. આ લોકમાં ધર્મસાધકો માટે, મનુષ્યો માટે તે ઉત્કૃષ્ટવાદ, શ્રેષ્ઠ સિદ્ધાંત પ્રતિપાદ કર્યો છે. આ સિદ્ધાંત મનુષ્યો જ પાળી શકે છે. આ સિદ્ધાંતમાં સ્થિર થઈ કર્મક્ષયના ઉપાય સ્વરૂપ સંયમમાં રત રહેનાર સાધક કર્મસ્વરૂપને જાણી સંયમ પર્યાય દ્વારા તે કર્મોને દૂર કરે છે. મુનિજીવન દ્વારા કર્મોનો ક્ષય કરે છે.

૫. आणाए मामगं धम्मं :– આ સૂત્રમાં જિનાજ્ઞાની સર્વોત્તમતા સમજાવી છે. પ્રભુ આજ્ઞામાં રહેવું, એ જ મારો ધર્મ છે. આચાર છે. સાધક સંયમ પાલનમાં અથવા કષ્ટો સહવામાં વિચાર કરે કે આ કષ્ટોને સહન કરતાં જિનાજ્ઞામાં રહેવું એ જ મારો મુનિધર્મ છે. સંયમ આચાર છે. વૃતિકારે આ પ્રમાણે અર્થ કર્યો છે. (૧) ચારે બાજુથી જેની જાણ કરાય – બતાવય તેને આજ્ઞા કહે છે. આજ્ઞાથી શાસ્ત્રાનુસાર કે શાસ્ત્રોક્ત આદેશાનુસાર મારા ધર્મનું સમ્યક રીતે પાલન કરીશ. (૨) ધર્માચરણનિષ્ઠ સાધક કહે છે – એક માત્ર ધર્મ જ મારો છે. અન્ય સર્વ પરાયું છે. તેથી હું તીર્થંકરની આજ્ઞાથી તેનું સમ્યક પાલન કરીશ.

ઉપરોક્ત વિશ્લેષણ સમજાવે છે કે ચાર ગતિના ૮૪ લાખ યોનિના જન્મમરણના ફેરામાંથી મુક્તિ મેળવવાનું માધ્યમ મનુષ્યની ગતિ અને ધર્મના જ્ઞાન આવશ્યક છે. જ્ઞાન એ આત્માનો મૂળ ગુણ છે.

આજથી સાધારણ ૨૬૦૦ વર્ષ પૂર્વે તીર્થંકર મહાવીરે અર્ધમાગધી ભાષામાં આપેલી દેશના અર્થને તે સમયના ગણધરોએ અને ગણીપિટક એટલે કે જ્ઞાનના ભંડાર ધારણહાર આચાર્યોએ – શાબ્દિકરૂપ આપ્યું તે આગમ. ગણધર અને ત્યાર બાદના તાત્કાલિત આચાર્યોનું શ્રુતિ અને ધારણ શક્તિનું સ્તર ઘણું ઉચ્ચ હતું. પઠન, સ્વાધ્યાય અને સાધના તપથી આગમમાં નિર્દેશ વિદ્યા હાંસલ કરતાં અદ્‌ભૂત સ્મરણ શક્તિ પ્રાપ્ત રહેતી. ભદ્રબાહુ સ્વામીને બારમાં દૃષ્ટિવાદ આગમ કંઠસ્થ હતું. ૩ થી ૪ હજાર હાથી પ્રમાણ શાહીથી જેટલું લખી શકાય તેટલું મોટા પ્રમાણનું જ્ઞાન આ આગમમાં છે. ચૌદ પૂર્વનો સ્વાધ્યાય માત્ર બે ઘડીના મહાપ્રાણ યોગ સાધનાથી કરી શકાય તે વિદ્યા તેમણે હાંસલ કરી હતી. આવા અનુભવના આધારે અને ગ્રંથસ્થ કરવા જરૂરી તાડપત્રીને લખાણ યોગ્ય કરવાની પ્રક્રિયામાં ઘણાં બધાં જીવોની હિંસા. તાડપત્રી, શાહી અને કલમની પ્રાપ્તિમાં તકલીફો અને અન્ય કારણોને લક્ષ્યમાં રાખતા આગમ ગ્રંથસ્થ કરવાનું વિચારાયું નહતું.

શાસ્ત્રકારોના અનુમાન આધારે સમજાય છે કે ભગવાન મહાવીરનાં નિર્વાણ પછી લગભગ ૧૭૦ વર્ષે ૧૨ વર્ષના લાંબા સમય સુધી ચાલેલી દુષ્કાળની મહામારીની પરિસ્થિતિએ બે જુથો બન્યા. એક જુથ આચારને પ્રાધાન્ય-આચાર ટકશે તો ધર્મ ટકશે અને બીજુ જુથ જ્ઞાનને પ્રાધાન્ય – જ્ઞાનની રક્ષા. જ્ઞાન હશે તો ધર્મ ૨૧૦૦૦ વર્ષ ટકી જશે તેવા વિભિન્ન મત ઉભર્યા. દુષ્કાળની મહામારી બાદ જ્યારે સાધુઓ ભેગા થયા ત્યારે જણાયું કે બારમી દૃષ્ટિવાદ નામનું અંગ કોઈને યાદ નહતું. મહાવીર નિર્વાણ પછી બરાબર ૯૮૦ વર્ષા વિત્યા. એટલે લગભગ નાગાર્જુન અને સ્કંદિલાચાર્યની વાચનાનાં દોઢસો વર્ષા પછી પરિસ્થિતિ ખૂબ જ વિકટ બની ગઈ. સ્મૃતિની દુર્બળતા વધતા લાગી. પુનરાવર્તન કરવામાં ન્યૂનતા આવી ગઈ. તાડપત્રીમાં લખાણ વિષેની ઉપર જણાવેલ ખામીઓ હોવા છતાં આગમનું કંઠસ્થ જ્ઞાનને લેખિત સ્વરૂપ આપવું અનિવાર્ય બન્યું. આ પરિસ્થિતિમાં જ્ઞાન લુપ્ત ન થાય, તેને ટકાવવા, તેની રક્ષા અર્થે આગમ સંકલનાર્થે થયેલ પાંચમી વાચનાના અધ્યક્ષ આચાર્ય શ્રી દેવર્દ્ધિ ગણિ ક્ષમાશ્રમણે વલ્લભીમાં પાંચમી આગમવાચના દ્વારા દરેક પ્રાપ્ત આગમોને સૌ પ્રથમ ગ્રંથસ્થ પુસ્તકારૂઢ બનાવી આગમોને ચિરંજીવ બનાવવાનું ભગીરથ અને સ્તુત્ય કાર્ય હતું. તેમનું નામ જૈન ઇતિહાસમાં સુવર્ણ પૃષ્ઠો પર રેખાંતિક અને અમર છે.

આવી લખાણ સાથેની તાડપત્રીઓને વજનને કારણે વિહારમાં એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવું શારીરિક કષ્ટદાયી અનુભવાતું. એની નકલો સહેલાઈથી બનાવી શકાતી નહતી.

જેમ જેમ સમય પસાર થતો ગયો અને નવી તકનીકીઓ ઉપલબ્ધ થતાં. આગમ પુસ્તકરૂપે સરળ જથ્થાબંધ નકલો છપાવવાનું શરૂ થયું. શ્રુત જ્ઞાનપિપાસુ શ્રાવકોને જ્ઞાન સંવર્ધન અને સ્વાધ્યાય તપ માટે ઉપલબ્ધ થઈ શક્યું. આજે જૈન સાહિત્ય બહુવિધ ભાષાઓમાં છે – પ્રાકૃત (અર્ધમાગધિ), સંસ્કૃત, કન્નડ, તામિલ, મરાઠી, હિન્દી, ગુજરાતી, અંગ્રેજી, જૈન સાહિત્ય માત્ર ધર્મ, આધ્યાત્મિકતા, મંત્ર, સૂત્ર, આગમ સુધી મર્યાદિત નથી પરંતુ વિજ્ઞાન, આધ્યાત્મિકતા જેવા કે ખગોળશાસ્ત્ર, ગણિત, મનોવિજ્ઞાન, જ્યોતિષ, રાજકારણ, આયુર્વેદ, ભૂગોળ, વ્યાકરણ, નીતિશાસ્ત્રની વિવિધ શાખાઓ વિષે ઉપલબ્ધ છે.

ફરીથી, વધુ વૈજ્ઞાનિક વિકાસ સાથે, કમ્પ્યુટર અને મોબાઈલ,

જે શરૂઆતમાં વ્યાવસાયિક અને સામાજિક નેટવર્કિંગ માટે જરૂરી કે ઉપયોગી માનવામાં આવ્યાં હતાં, તેનો કોઈપણ સમયે – કોઈપણ જગ્યાએ શ્રુત જ્ઞાનના ફેલાવવા માટે સાત્ત્વિક વિકલ્પો તરીકે ઉભરી આવ્યા છે. હકીકતમાં, આજે તે આર્ય અને અનાર્ય પ્રદેશોની ભેદરેખ નહીં પણ ફક્ત આર્ય અને અનાર્ય અનુયાયીઓને જોવાનો સમય આવ્યો છે. આજે જૈન ધર્મી પ્રજા ઉચ્ચશિક્ષણ, રોજગાર અને ધંધો કરવા માટે વિશ્વના ઘણાં દેશો-શહેરોમાં પછી તે અમેરિકા, ઇંગ્લેન્ડ, યુરોપિયન દેશો, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર, મલેશિયા, હોંગકોંગ, ગલ્ફ દેશો હોય સ્થાયી થયા છે. મૂળ સંસ્કાર, સંસ્કૃતિ અને જૈન ધર્મ પ્રત્યેની અતૂટ અને ઊંડી શ્રદ્ધા અકબંધ રહેલ છે. પરિણામે આવા અનાર્ય પ્રદેશોમાં પણ પોતાનો અલગ ચોકો ઉભો કરી જૈન ધર્મનું પાલન અને અનુસરણ કરવું અને અભ્યાસ કરવા દેરાસરો અને ઉપાશ્રયોનું નિર્માણ થયું છે. એટલું જ નહીં, ફક્ત એક ઉદાહરણ માટે જાણીએ કે આજે જાપાનમાં જૈન ધર્મ, સંબંધિત બૌદ્ધ ધર્મથી વિપરીત, એક લઘુમતી ધર્મ છે. જાપાનમાં હાલમાં ત્રણ જૈન મંદિરો છે. જેમાં કોબે જૈન મંદિર સૌથી પ્રખ્યાત છે. જાપાનમાં જૈન ધર્મનો વિકાસ થઈ રહ્યો છે. જાપાનમાં ૫૦૦૦થી વધુ વંશીય જાપાની પરિવારોએ જૈન ધર્મને અનુસરતા થયા છે. (વિકીપીડીયા).

### જૈન ધર્મ અને હિંસા મંદ કષાય-તીવ્ર કષાયનો વિષેનો દૃષ્ટિકોણ

જૈમ ધર્મ એકેદ્રિંયથી પંચેદ્રિંય જીવને તેમના ચડતાં ક્રમ પ્રમાણે વેદનાની તીવ્રતા અનુભવે છે તેમ જણાવે છે. એટલે કે મનુષ્ય કે પંચેદ્રિંય તિર્યંચ જીવને પહોંચાડેલ વેદનાના કર્મની તીવ્રતા ઘણી વધુ છે ત્યારે વનસ્પતિ કે એકેદ્રિંય જીવની હિંસા સરખામણીની દૃષ્ટિએ મંદ છે.

એક જીવ પોતાના દેહની શાતા માટે વિકલયત્રની હત્યા કરે તો તેથી અલ્પ બંધ થાય અને તે ખોરાકની અનિવાર્યતા માટે એકેદ્રિંયની હિંસા થાય તો તે સૂક્ષ્મ બંધ થાય. હિંસાઓ જો સમકિત જીવ કે આત્માર્થે આગળ વધેલો જીવ કરે તો તેને અજ્ઞાની જીવ કરતાં ઘણાં વિશેષ કર્મ બંધ થાય છે. તેવી જ રીતે સુવિધાવાળા ક્ષેત્રમાં આવી હિંસા થાય તો મોટા કર્મબંધ આવે અને અસુવિધાવાળા ક્ષેત્રમાં જરૂરિયાતોને કારણે હિંસા થાય તો અલ્પ કર્મબંધ પડે છે. એ જ પ્રકારે જે કાળે અયોગ્ય હોય તે કાળે હિંસા કરવામાં આવે તો બળવાન બંધ થાય અને અનિવાર્ય કાળે આવી હિંસાનું ફળ તેનાથી અલ્પ થઈ જાય.

હિંસાના દોષપણા વિષે તત્ત્વાર્થસૂત્રમાં સમજાવ્યું છે કે "જેથી ચિત્તની કોમળતા ઘટી કઠોરતા વધે અને સ્થૂલ જીવનની તૃષ્ણા લંબાય, તે જ હિંસાનું દોષપણું છે; અને જેથી ઉક્ત કઠોરતા ન વધે તેમ જ પ્રેમાળવૃતિ અને અંતર્મુખ જીવનમાં જરા પણ ખલેલ ન પહોંચે, તે જ હિંસા દેખાવા છતાં તેનું અદોષપણું છે."

આમ હિંસા કરનાર જીવનાં વિવિધ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો વિચાર કરવામાં આવે તો તેના અનંત પ્રકાર થાય છે અને તેમાં હિંસાનો ભોગ બનનાર જીવના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની વિવિધતા ઉમેરવામાં આવે તો હિંસાના અનંતાઅનંત પ્રકારો થઈ શકે છે.

અનેકાંતવાદ એ સત્યના સાપેક્ષતાવાદનો સિદ્ધાંત જગતને બહુમુખી, સતત બદલાતી વાસ્તવિક્તા, વસ્તુસ્થિતિનું ખરાપણું, અસ્તિત્વ, જોનારાનાં તેમ જ જે વસ્તુ જોવે છે તેના સમય, જગ્યા, સ્વભાવ તથા માનસિક્તાના અનુસંધાનમાં અમર્યાદિત દૃષ્ટિબિંદુઓ કે વિચારો વર્ણવે છે. સંપૂર્ણ સત્ય જગતના ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓનો સરવાળો હોય છે. સ્યાદવાદ એટલે કે સાત શક્યતાઓની કલ્પના જૈનોને બીજી ફિલોસોફીની દૃષ્ટિએ સત્ય હોય તે સ્વીકારવાની સહિષ્ણુતા કેળવવામાં સહાયરૂપ થઈ છે.

કમ્પ્યુટર અને મોબાઈલ માનવજાતિ (શ્રીમંત કે ગરીબ, વૃદ્ધ અથવા નાના અથવા બાળક, શિક્ષિત અથવા અભણ)ના જીવનમાં અનિવાર્ય બની ગયા છે. ક્ષેત્ર અને કાળ આધીન દરેક ચીજમાં બદલાવ આવતો રહ્યો છે તેનું આ જીવંત ઉદાહરણ છે. વીતરાગ પ્રભુના વારસના સ્થાયી અને મૂલ્યવાન અંશોને કોઈ પણ રીતે આંચ ન આવે એવી રીતે બદલતા જમાનામાં ટકાવી રાખવા એ સમગ્ર સમાજનું કર્તવ્ય છે. ધર્મના શ્રુત જ્ઞાન સ્વાધ્યાય માટે ઈલેક્ટ્રોનિક્સ માધ્યમનો સાત્ત્વિક વિકલ્પ તરીકે ખાસ કરીને કોવિડ-કોરોના સમયમાં જ્યારે ઉપાશ્રયો-દેરાસરમાં લોકડાઉન છે અથવા જ્યાં અને જ્યારે સાધુ-સંતની પ્રત્યક્ષ ધર્મલાભ શક્ય નથી ત્યારે ભાવરહિતની એકેન્દ્રિય જીવની પ્રાયશ્ચિત સાથેની દ્રવ્ય હિંસા વિષે ચતુર્વિધ સંઘ, સમાજના હિતચિંતકો, વિદ્વજનો સમયની આ સમસ્યા સમજે, પૃથકરણ કરે અને તેના સમ્યગ સમાધાનની વિચારણા કરે તે બહુ જ અગત્યનું છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૧૯૩ ૭૨૯૦૮

# ગુફાઓ અને મંદિરોની જૈન પરંપરા : એક વિસ્તૃત વિશ્લેષણ-૨

ડૉ. રેણુકા પોરવાલ

### જૈન ગુફાઓઃ

ગંત અંકમાં આપણે ગુફાઓના પરિચય અને જૈન શાસ્ત્રોમાં સમાયેલ સંદર્ભો જોયા. તે સમયના રાજામહારાજાઓ સાધુ સંન્યાસીઓની સગવડા સાચવતા હતા માટે આજે પણ ભારતમાં પ્રાકૃતિક ગુફાઓના સાથે તેને કોતરીને વ્યવસ્થિત રીતે તૈયાર થયેલા સંરચનાઓ જોવા મળે છે. જે રોકક્ટ કેવ તરીકે પ્રસિદ્ધ છે. એમાં સૌથી જૂની બિહાર રાજ્યમાં આવેલ બરાબર અને નાગાર્જૂનની પહાડીઓ પરની ગુફાઓ ગણાય છે. આ જોડીયા પહાડો ગયા શહેરથી ઉત્તર તરફ ચોવીસ કિ.મી. દૂર છે.

### બરાબર અને નાગર્જૂનની ગુફાઓ :

અત્યંત આકર્ષક ગ્રેનાઈટના પોલીશથી ઓપતી બરાબર પહાડની ગુફાઓની સંખ્યા ચાર છે – લોમેશ ઋષિ, કરણ ચૌપાર, સુદામ અને વિશ્વકર્મા. તેન સમ્રાટ અશોકે કોતરાવી હતી. એમાં સુદામા ગુફામાં એક શિલાલેખ છે, તદ્નુસાર પિયદાસી, અશોકરાજાએ ૨૧૬ B.C.માં આજિવિકો માટે એ ગુફાનું દાન આપ્યાના ઉલ્લેખ છે. ગુફાના દ્વાર પર અર્ધગોળાકાર તોરણ છે, જેનાં મધ્યમાં અને બને તરફ એક-એક, એ પ્રમાણે ત્રણ સ્તૂપોની વચ્ચે બે-બે હાથીઓ દર્શાવેલ છે. હાથી દ્વારા સ્તૂપ પૂજાનું અંકન શુકનવંતુ ગણાય. જૈન ધર્મ પ્રમાણે આજિવિક ધર્મનો સ્થાપક મંખલી ગોશાલક પોતાના જીવનના અંતિમ સમયે પ્રભુ મહાવીરના સંપ્રદાયમાં ભળી ગયો હતો. આમ આજીવિક ધર્મ કાળક્રમે જૈન ધર્મમાં વિલીન થઈ ગયો એમ અનુમાન કરી શકાય.



નાગાર્જૂનની પહાડી પર ત્રણ ગુફાઓ – ગોપી, બહિયા અને વેદયિકા લેખ યુક્ત છે. જેના અનુસાર અશોકના પ્રપૌત્ર દેવાનુંપિય દશરથે આજીવિક ભદંતોને માટે તે ગુફાઓ તૈયાર કરાવી હતી. આ ગુફાઓ પરનું પોલીશ આજે પણ એવું જ છે. ઈ.સ. પૂર્વ ત્રીજી સદીની મૌર્યકાલીન ઉપરની બંને ગુફાઓની પહેલા સોનભંડારની પ્રાકૃતિક ગુફાઓના નામ આવે છે. આ ગુફાઓ બિહારના રાજગિરિ નગરની વૈભારગિરિ પહાડી પર છે. એક લોકવાયકા મુજબ અહીંની બે ગુફાઓમાં નંદ વંશના રાજાએ ખજાનો છુપાવેલ છે, માટે સોનભંડારની ગુફા કહેવાય છે. આ ગુફામાં પ્રાચીન ચોમુખજી અને બહાર તરફ પદ્માસનમાં જૈન પ્રતિમાઓ કોતરેલ છે. લગભગ આ જ સમયની કુદરતી ગુફાઓ પ્રાચીન કૌશામ્બી નગરની પહાડી પર આવેલ છે. જે આજે કોસમ-પભોસા નામે ઓળખાય છે. આ ગુફાઓ અહિંછત્રાના આષાઢસેન નામના રાજાએ જૈન સાધુઓને રહેવા માટે વ્યવસ્થિત કરાવી હતી. અહીં પદ્મપ્રભુની પ્રાચીન પ્રતિમા પણ છે.

### ઉદયગિરિ અને ખંડગિરિની ગુફાઓ :

ભારતમાં ઉદયગિરિના નામથી બે સ્થળે ગુફાઓ છે –

પ્રથમ સ્થળ – મધ્યપ્રદેશમાં વિદિશાથી ચાર માઈલ દૂર ઉદયગિરિ નામની પહાડી છે, જ્યાં વીસ ગુફાઓમાંથી બે-ત્રણ જૈનાની છે.

બીજ સ્થળ – ઉદયગિરિ નામની બીજી પહાડી ઓરિસ્સામાં ભુવનેશ્વર શહેરથી ચાર કિ.મી.ના અંતરે છે. જ્યાં અઢાર ગુફાઓ સારી સ્થિતિમાં છે અને પાસેની ખંડગિરિ પર ચૌદ ગુફાઓ છે. આ બે નાના ડુંગરો એકદમ નજીક છે, માટે ઉદયગિરિ-ખંડગિરિ શબ્દ સાથે જ વપરાશમાં છે. એના પ્રાચીન નામો કુમાર અને કુમારી પર્વત છે.

ઉદયગિરિની ટેકરી ઉપર રાજા ખારવેલનો શિલાલેખ હાથીગુફામાં છે. અન્ય બે શિલાલેખો વૈકુંઠગુફા અને માણેકગુફાની દિવાલો પર અંકિત છે, જે એની રાણી ધુસીએ લખાવ્યા એવા ઉલ્લેખો છે. અન્ય ગુફાઓમાં વ્યાઘ્રગુફા, સર્પગુફા, જય-વિજય ગુફા, સ્વર્ગપુરી ગુફા, રાણી ગુફા વગેરે છે.

શિલાલેખોની લિપિ બ્રાહ્મી અને ભાષા સંસ્કૃત અને પ્રાકૃત છે. લગભગ પાંચમી સદી પર્યંત શિલાલેખોની લિપિ બ્રાહ્મી રહી ત્યારબાદ જૂની દેવનાગરી લિપિ દાખલ થઈ.

ઈ.સ. પૂર્વે બીજી સદીની આ ગુફાઓ જૈનશાસનમાં ઘણી મહત્વની ગણાય કારણ કે આ સ્થળેથી શિલાલેખમાં જ આગમવાચના કરાવ્યાના ઉલ્લેખ અને ઈ.સ. પૂર્વે ચોથી સદીમાં પ્રતિમા પૂજા થતી હતી એ જાણવા મળે છે.

**ઉદયગિરિ-ખંડગિરિની ગુફાઓમાં અંકિત ઇતિહાસ :**

અહીંની ગુફાઓમાં જૈનોની પ્રાચીન પૂજા પદ્ધતિઓ, ઐતિહાસિક પ્રસંગોની સાથે તે સમયની મૌર્ય સંવત, સંસ્કૃતિ વગેરે દરેક બાબતો નિઃશબ્દ રહી શિલ્પો અને શિલાલેખોના માધ્યમથી આપણી સાથે સંવાદ સાધે છે. અહીંની ગુફાઓના દ્વારો પર રત્નત્રયી, નાગરાજો, હાથીઓ, કમળો, ઉપાસના કરતા દેવદેવીઓ વગેરે ખૂબ કલામય રીતે નિર્મિત થયેલા છે. એક તોરણદ્વાર પર વૃક્ષને અલાયદું કઠેરામાં રાખી તેની પૂજા એક યુગલ કરે છે એવું શિલ્પાંકન છે. આજે પણ શત્રુંજય ઉપર રાયણ વૃક્ષ પાસે થતું ચૈત્યવંદન વૃક્ષપૂજાનો જ એક પ્રકાર ગણાય છે.

ગુફાઓમાં રહેતા સાધુઓની નાની નાની કોટડીઓમાં ધ્યાન સાધના માટે કોતરેલી તીર્થંકરોની પ્રતિમાઓ આધ્યાત્મિકતાનું વાતાવરણ નિર્માણ કરે છે.

**ઉદયગિરિની મુખ્ય ગુફાઓ :**

ખારવેલ શિલાલેખ ઉપરાંત પ્રતિક પૂજા, લક્ષ્મી પૂજા, હાથમાં પૂજાનો સામાન લઈને જતી સ્ત્રી અને વિદ્યાધર વગેરે વિધિવિધાનની પરંપરા અને સંસ્કૃતિને શિલા પર અંકિત કરી સુરક્ષિતતા બક્ષી.

અહીંની રાણીગુફા અને ગણેશ ગુફામાં શ્રી પાર્શ્વનાથના જીવનપ્રસંગનું શિલ્પાંકન જણાય છે. એમના જીવનમાં બનેલ વિશિષ્ટ પ્રસંગનું અવલોકન કરીએ તો જ એ શિલ્પ સમજવામાં સરળ રહેશે. પાસનાહ ચરિયું આદિ ગ્રંથોના ઉલ્લેખ મુજબ એમણે યવનરાજને હરાવીને રાણી પ્રભાવતીને બચાવી હતી, ત્યારબાદ પિતાના સૂચનથી એની સાથે પાણીગ્રહણ કર્યું હતું. દિગંબર આમ્નાય પાર્શ્વકુમારના પાણીગ્રહણની માન્યતાને પુષ્ટિ આપતા નથી. આ ગુફાઓ હાથી, યવનરાજા, કન્યા વગેરે દર્શાવ્યા છે, પરંતુ અન્ય ભૌતિક અને અધ્યાત્મિક તત્વો દર્શાવવા માટે પ્રતિકોની આશરો લીધો છે, માટે ઘણા વિદ્વાનો આ વિશાળ શિલ્પાકૃતિ માટે એકમત નથી.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૮ ૭૭૩૨૭

---

# આત્મશ્લાઘા

**રતિલાલ બોરીસાગર**

**પો**તાની પ્રશંસામાં સદાય રત રહેતા એક મનુષ્યે કહ્યું : અમને આત્મશ્લાઘા વિશે કહો.

તે બોલ્યા : આત્મશ્લાઘા ઘણી ઉત્તમ બાબત છે. આત્મશ્લાઘા મનુષ્યને જીવનની સાર્થકતાનો અનુભવ કરાવે છે, માટે આત્મશ્લાઘા કરતાં તમે કદી સંકોચ અનુભવશો નહીં. ઊલટું, ઉત્સાહથી આત્મશ્લાઘા કરજો. બીજાંઓ તો તમારી પ્રશંસા કરવામાં કંજૂસાઈ કરવાનાં જ છે. માટે તમે માત્ર ઉત્સાહથી જ નહીં, ઉદારતાથી આત્મશ્લાઘા કરજો. જે પોતાનું કલ્યાણ કરી શકતો નથી, એ બીજાંઓનું કલ્યાણ શું કરવાનો ?

આત્મશ્લાઘા આત્માને પ્રસન્ન કરવાનું અમોઘ સાધન છે. આત્મશ્લાઘાથી આત્મા પ્રસન્ન રહે છે. આત્મા પ્રસન્ન રહે એનાથી વધુ આત્માનું કલ્યાણ કરનારી બીજી કઈ બાબત છે ?

બીજાંઓ તમારી પ્રશંસા કરે એની પ્રતીક્ષામાં રહેશો નહીં. બીજાંઓ તમારી પ્રશંસા કરે ન કરે, તમે તો અવશ્ય કરજો. પોતાની પ્રશંસાની બાબતમાં જે માણસ સ્વાવલંબી નથી તેનું કોઈ ભવિષ્ય નથી. આવું જીવન કેવળ વૃથા છે. 'જે પોતાને મદદ કરે છે તેને જ ઈશ્વર મદદ કરે છે' એવી સૂક્તિ તમે સાંભળી હશે. આત્મશ્લાઘા કરીને તમે તમારી જાતને મદદ કરો છો, એવો ભાવ મનમાં રાખજો. તમે આત્મશ્લાઘાનું શ્રવણ કરવા ઈશ્વર તમને શ્રોતાગણ મેળવી આપશે. અને ધારો કે તમારી આત્મશ્લાઘા સાંભળવા માટે શ્રોતાઓનો મોટો પુરવઠો આપવામાં ઈશ્વર નિષ્ફળ જાય તોય હતાશ થશો નહીં. આત્મશ્લાઘામાં શ્રોતાઓની સંખ્યાનું કશું મહત્ત્વ નથી. ઓછામાં ઓછો એક શ્રોતા મળી આવે તો 'મારે એક શ્રોતા બસ થાય' એવું માની આત્મશ્લાઘા માટે એને પૂરેપૂરો ઝપટમાં લેજો. તમારી આત્મશ્લાઘા સાંભળી એ અધમૂઓ થઈ જાય તોય એની દયા ખાશો નહીં. અને છતાં ધારો કે તમને મનુષ્યશ્રોતા ન મળ્યો તો શું થઈ ગયું ? પાળેલાં કૂતરાં સમક્ષ આત્મશ્લાઘા કરજો. આ માટે એક-બે કૂતરાં પાળજો. કૂતરાં પાળેલાં હોય એ એટલા માટે જરૂરી છે કે અજાણ્યાં કૂતરાંમાં સહિષ્ણુતાનો અભાવ હશે તો એ તમને કરડી જશે.

આત્મશ્લાઘા માટે જરૂરી ગુણો તમારામાં ન હોય તો તેથી નિરાશ થશો નહીં. એ ગુણો ન હોય ત્યારે તો આત્મશ્લાઘાની ખાસ જરૂર પડે છે. યાદ રાખો : આત્મશ્લાઘા માટે કિંમત અને ઉત્સાહ – આ બે ગુણોની જ જરૂર પડે છે. પૉઝિટિવ વલણ કેળવો. તમારામાં ફલાણો કે ઢીંકણો ગુણ નથી એમ ન માનો. તમે સર્વગુણસંપન્ન છો એવો આત્મવિશ્વાસ કેવળો. તમારામાં જે ગુણો ન હોય તે છે એમ માનીને ચાલો. તમારી કલ્પનાશક્તિ કામે લગાડો. તમારામાં આત્મશ્લાઘાની વૃત્તિ હશે તો તમારી કલ્પનાશક્તિ અવશ્ય ખીલી ઊઠશે.

આત્મશ્લાઘા માટે કોઈ સીમા નથી. આ સૂરજ માટે કારણે જ પ્રકાશે છે, મારે કારણે જ ચંદ્ર ઊગે-આથમે છે, મારે કારણે જ પૃથ્વી ફરે છે, સમુદ્રમાં ભરતી-ઓટ મારે કારણે જ થાય છે – આવું આવું તમે માની શકો. આવું માનવાથી તમારામાં આત્મવિશ્વાસ કેળવાશે. પણ બીજાંઓ સાથે આવી વાતો કરતી વખતે એની કલ્પનાશક્તિ અને સહનશક્તિ પર વધુ પડતો બોજો આવી ન જાય અને એ લોકો તમને પાગલખાનામાં ધકેલી ન દે એટલી સાવચેતી અવશ્ય રાખવી. પણ તમારા સદ્‌ભાગ્યે અસીમ સહનશક્તિવાળો શ્રોતા કે શ્રોતાઓ મળી જાય તો પછી આત્મશ્લાઘા કરવામાં સહેજે કરકસર ન કરશો.

ઊઠો, જાગો અને આત્મશ્લાઘા કર્યા વગર અટકો નહીં.

(લેખકના પુસ્તક : **'જ્ઞ'થી 'ક' સુધીમાંથી સાભાર)**

# જ્ઞાન–સંવાદ – ૭

## ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી

**સુ**જ્ઞ વાચકગણ,

ગયા અંકમાં લેશ્યામાં દ્રવ્ય લેશ્યાનું સ્વરૂપ જાણ્યું હવે એમાં જ થોડું વિશેષ જાણપણું પ્રાપ્ત કરીએ.

પ્રેક્ષા સાહિત્યમાં મનોવૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં લેશ્યાનું સ્વરૂપ સ્પષ્ટ કરતા કહ્યું છે કે સ્થૂલ અને સૂક્ષ્મ ચેતનાનું સંપર્ક સૂત્ર લેશ્યા છે.

આપણા અસ્તિત્વના કેન્દ્ર ચૈતન્ય (દ્રવ્યાત્મા) છે. આપણા ચૈતન્યની ચારે તરફ કષાયના વલયનાં રૂપમાં કાર્મણ શરીર છે. કર્મથી ઘેરાયેલા આત્મતત્વની જે પણ પ્રવૃત્તિ થશે એણે કષાયના વલયથી પસાર થવું પડશે. ચૈતન્યના અસંખ્ય સ્પંદન નિરંતર કષાયને ભેદીને બહાર આવી રહ્યા છે. આ સ્પંદન જ્યારે સૂક્ષ્મ શરીરથી થઈને બહાર નીકળે છે તો એનું એક સ્વતંત્ર તંત્ર બને છે જે અધ્યવસાય તંત્ર કહેવાય છે.

અધ્યવસાયના અસંખ્ય સ્પંદનોથી એક ભાવધારા બને છે. ભાવતંત્રના માધ્યમથી કર્મવર્ગણાના પુદ્‌ગલ નિરંતર વિપાકરૂપે બહાર આવે છે. અધ્યવસાયની સૂક્ષ્મ પરિણતિ લેશ્યા તરીકે ઓળખાય છે. લેશ્યા સ્થૂળ અને સૂક્ષ્મ બંને શરીરોથી જોડાયેલી છે.

લેશ્યા કષાયરંજિત અધ્યવસાયોની ચિત્ત(મન)ના માધ્યમથી સ્થૂળ શરીરમાં અભિવ્યક્તિ આપે છે. લેશ્યા આપણા આત્મપરિણામોથી બને છે અને પછી નવા પરિણામો બનાવવામાં નિમિત્તભૂત થાય છે.

છ લેશ્યાના ભાવ કેવા હોય એ અહીં દૃષ્ટાંત દ્વારા બતાવ્યું છે. જેમ કે ગામ લુંટવા નીકળેલા છ મનુષ્યમાંથી કૃષ્ણ લેશ્યાવાળો કહે છે મનુષ્ય કે પશુ જે સામે મળે એને હણવો જોઈએ. ત્યારે નીલ લેશ્યાવાળો એને અટકાવતા કહે છે કે બધાને શા માટે હણવા જોઈએ માત્ર મનુષ્યને જ હણવો જોઈએ. ત્યારે કાપોત લેશ્યાવાળો બોલ્યો માણસમાં બે પ્રકાર છે. તેમાં સ્ત્રી હત્યા કરવાની શાસ્ત્રમાં મનાઈ છે માટે નરને જ મારવો. આ સાંભળીને તેજો લેશ્યાવાળો બોલ્યા વગર રહી ન શક્યો એણે એ ત્રણેને અટકાવતા કહ્યું સકળ પુરુષને મારવાની આપણને શું જરૂર છે. આપણે તો માત્ર ક્ષત્રિયથી જ કામ છે ત્યારે પદ્મ લેશ્યાવાળો કહે છે ક્ષત્રિયમાં પણ ઘણાં પ્રકાર છે એમાંથી જે શસ્ત્રધારી હોય તેને જ મારવો જોઈએ. એ બધાનું સાંભળી શુકલ લેશ્યાવાળો બોલ્યો કે શસ્ત્રધારીને પણ એ સામો ન થાય તો મારવાનો નથી. આમ અહીં કૃષ્ણ લેશ્યાવાળા જીવ કરતાં ક્રમશઃ ક્રૂરતા ઓછી છે એ બનાવ્યું છે.

આ પ્રકારે શાસ્ત્રોમાં જાંબુવૃક્ષનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. એકવાર છ મિત્રો મુસાફરીએ નીકળ્યા. રસ્તામાં એમને ભૂખ લાગી. માર્ગમાં જાંબુનું વૃક્ષ જોયું. તેના પર સુંદર જાંબુ પાક્યાં હતા. તે જોઈ ક્ષુધા નિવૃત્તિ કરવાનું વિચાર્યું ત્યારે કૃષ્ણ લેશ્યાવાળો કુહાડી લઈ સીધો વૃક્ષને મૂળમાં જ ઘા કરવા લાગ્યો. તે બોલ્યો, વૃક્ષને મૂળમાંથી જ તોડી પાડું. ત્યારે નીલ લેશ્યાવાળા કહે છે આ વૃક્ષને તોડવાથી શો ફાયદો છે? કેવળ મોટી મોટી ડાળીઓ તોડી પાડું. ત્યારે કાપોત લેશ્યાવાળો બોલ્યો, મોટી ડાળો શા માટે તોડો છો? નાની ડાળો પર

પણ જાંબુ છે, તેથી નાની ડાળો તોડી લો. ત્યારે તેજો લેશ્યાવાળો બોલ્યો, ડાળીઓ પણ શા માટે તોડવી? કેવળ જાંબુનાં ઝૂમખાં જ તોડીએ. ત્યારે પદ્મ લેશ્યાવાળો બોલ્યો, આપણે તો જાંબુ ખાઈને ક્ષુધા તૃપ્તિ કરવી છે તો ઝાડ પર રહેલાં પાકાં ફળ જ તોડી લઈએ. ત્યારે શુકલ લેશ્યાવાળો બોલ્યો, આ જમીન પર સ્વયં પાકીને પડેલાં જાંબુ આપણા સૌ માટે પૂરતાં છે, એનાથી આપણી ક્ષુધા તૃપ્તિ થશે.

કાર્ય તો એક જ હતું – જાંબુ ખાવાનું, પણ આત્માની પ્રકૃતિ અને પરિણામ પ્રમાણે તેની બહાર અભિવ્યક્તિ થાય છે, જેને લેશ્યા કહે છે. અંતરમાં જેવા ભાવ હોય, તેવી મનોવૃત્તિ પ્રગટ થાય છે? આ દૃષ્ટાંત દ્વારા એ વિચારવું કે આપણી જરૂરિયાતો પૂરી કરવા આપણે કેવા પ્રકારની વૃત્તિઓ ધરાવીએ છીએ. તેમાં કાંઈ વિચાર-વિનિમય ખરો કે મનસ્વીપણું હોય છે? ગમે તેમ થાઓ, પરંતુ મારી ઇચ્છાઓ પૂરી થાઓ; એ સર્વ અશુભ લેશ્યા છે. કાંઈક વિચાર-વિનિમય છે, ત્યાં શુભ લેશ્યા છે. આ લેશ્યા પ્રમાણે જીવના કર્મબંધનો આધાર છે.

દંડક પ્રમાણે લેશ્યા – નારકીમાં ૧લી ૨જી નરકમાં ૧ કાપોત લેશ્યા. ત્રીજી નરકમાં કાપોત અને નીલ લેશ્યા. ચોથી નરકમાં નીલ લેશ્યા. પાંચમી નરકમાં નીલ અને કૃષ્ણ લેશ્યા. છઠ્ઠી નરકમાં કૃષ્ણ લેશ્યા સાતમી નરકમાં કૃષ્ણ લેશ્યા. ભવ દરમિયાન એક નારકીને એક જ લેશ્યા હોય પણ ઘણા નારક આશ્રી બે લેશ્યા. ભવનપતિના ૧૦ દંડકમાં :– પ્રથમની ૪ લેશ્યા. પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય એ ત્રણમાં પ્રથમની ચાર લેશ્યા. તેઉકાય, વાયુકાય, ત્રણ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં પ્રથમની ત્રણ લેશ્યા. ગર્ભ જ તિર્યંચ પંચેમાં છ એ છ લેશ્યા, જુગલ તિર્યંચમાં પ્રથમની ચાર લેશ્યા. સંજ્ઞી મનુષ્યમાં છ લેશ્યા. જુગલિયા મનુષ્યમાં ચાર પ્રથમની લેશ્યા અને સંમૂર્ચ્છિમ મનુષ્યમાં પ્રથમની ત્રણ લેશ્યા. વાણવ્યંતર દેવોમાં પ્રથમની ૪ લેશ્યા. જ્યોતિષી દેવોમાં ૧ તેજોલેશ્યા. વૈમાનિક દેવોમાં તેજો, પદ્મ, શુકલ એ ૩ લેશ્યા.

લેશ્યાનો અધિકાર શા માટે? જેવી રીતે શરીર વગરનો કોઈ સંસારી જીવ ન હોય એ રીતે લેશ્યા વગરનો કોઈ પણ સયોગી સંસારી જીવ હોતો જ નથી. દરેક સયોગી સંસારી જીવને કોઈને કોઈ લેશ્યા હોય જ છે. એક ભવમાંથી બીજા ભવમાં જતી વખતે પણ જે લેશ્યામાં આયુષ્યનો બંધ થયો હોય એ લેશ્યા લેવા આવી જાય છે. એમાંથી પ્રથમની ત્રણ લેશ્યા અપ્રશસ્ત છે તો પછીની ત્રણ લેશ્યા પ્રશસ્ત છે. આત્માના પરિણામો જેમ પ્રશસ્ત અને અપ્રશસ્ત થાય તે પ્રમાણે લેશ્યા પણ પ્રશસ્ત અને અપ્રશસ્ત થાય છે.

લેશ્યાથી સંસારની વૃદ્ધિ થયા કરે છે. લેશ્યા જુદા જુદા જીવોમાં જુદી જુદી હોય છે. નારકોમાં અપ્રશસ્ત લેશ્યા જ હોય છે, દેવમાં ભવનપતિ-વાણવ્યંતરને અપ્રશસ્ત ને પ્રશસ્ત બંને લેશ્યા હોય છે, જ્યોતિષી અને વૈમાનિકમાં માત્ર પ્રશસ્ત લેશ્યા જ હોય છે. પણ તેઓ ચોથા ગુણસ્થાનકથી આગળ વધી શકતા નથી. બાદર પૃ.મા.વન. વર્જીને પાંચ સ્થાવર, વિકન્દ્રિય, અર્સજ્ઞી મનુ. અસંજ્ઞી તિર્યંચમાં એકાંત અપ્રશસ્ત લેશ્યા જ હોય. જુગલિયામાં અપ્રશસ્ત, પ્રશસ્ત લેશ્યા હોય છે. સંજ્ઞી મનુષ્યમાં છ એ છ લેશ્યા હોય. પરંતુ આત્મ વિકાસ થતો જાય અને ઉપર ઉપરના ગુણસ્થાન પ્રાપ્ત થતા જાય એમ પ્રશસ્ત લેશ્યા જ રહે છે. એમાંય શુકલ લેશ્યા પરમ શુકલ લેશ્યાનું રૂપ લઈ લે એટલે આત્મવિકાસ ચરમસીમાએ પહોંચે છે અને ૧૪માં ગુણસ્થાને અલેશી બનીને મોક્ષને પ્રાપ્ત કરે છે, માટે લેશ્યામાંથી અલેશી બનવાના પુરુષાર્થ માટે લેશ્યાનું સ્વરૂપ જાણીને કેવી રીતે અપ્રશસ્ત અધ્યવસાયમાંથી પ્રશસ્ત અધ્યવસાય તરફ જવાનું છે એના ચિંતન માટે લેશ્યાનો અધિકાર જરૂરી છે.

કૃષ્ણ - નીલ - કાપોત લેશ્યા – ૧ થી ૬ ગુણસ્થાન સુધી, તેજો અને પદ્મ લેશ્યા – ૧ થી ૭ ગુણસ્થાન સુધી હોય છે. શુકલ લેશ્યા – ૧ થી ૧૩ ગુણસ્થાન સુધી હોય છે.

પહેલા ગુણસ્થાને શુકલ લેશ્યાનું બહુ મહત્ત્વ નથી આથમતી સંધ્યા જેવું. ૪થા ગુણસ્થાને સ્પિરીટ જેવી થોડીવાર ઠંડક આપે. ૧૩મા ગુણ આઈસ (બરફ) જેવી ઘણીવાર સુધી ઠંડક આપે.

૬ઠ્ઠા ગુણસ્થાને સાધુને છ એ છ લેશ્યા ઘટે. કૃષ્ણ લેશ્યા – પ્રમાદથી ચાલે બારી ખોલી હવાની ઇચ્છા વગેરે હિંસાના પરિણામ. નીલ લેશ્યા – આજ્ઞા વગર એક પણ વસ્તુ વાપરે તો ચોરીની ઇચ્છા. કાપોત લેશ્યા – ઈન્દ્રિયોના એક પણ વિષય પર રાગદ્વેષ રાખવા તે મૈથુન. તેજો લેશ્યા – તપની ઇચ્છા. પદ્મ લેશ્યા – છ કાય જીવોને અભયદાન, જ્ઞાનદાન સાધર્મિકને વસ્ત્ર, પાત્ર, આહાર, પાણી વગેરેનું દાન. શુકલ લેશ્યા – મોક્ષ લક્ષી શુદ્ધ પરિણામ. આમ સાધુને છ એ છ લેશ્યા ઘટે.

લેશ્યાઓની પરિણતિ જાણીને સંયમી સાધુ અપ્રશસ્ત લેશ્યાઓથી બચીને પ્રશસ્ત લેશ્યાઓમાં રહીને પોતાનો ભવ સાર્થક કરી દે છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૦ ૫૦૫૨૭

# શ્રી ભક્તામર સ્તોત્ર – આસ્વાદ

ડૉ. રતનબેન ખીમજી છાડવા

**ગાથા - ૩૦**

**ભયંકર ઝેર નાશક**

**કુન્દાવદાત - ચલ ચામર - ચારુ - શોભં**
**વિભ્રાજતે તવ વપુઃ કલધૌત - કાન્તમ્ ।**
**ઉદ્યચ્છશાઙ્ક - શુચિ - નિર્ઝર - વારિધાર**
**મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાતકૌમ્ભમ્ ॥૩૦॥**

ભાવાર્થ :– હે પરમાત્મા! જેમ ઉદયમાન ચંદ્રના કિરણોની વૃષ્ટિ થતી હોય ત્યારે માનો કે નિર્મળ ઝરણાની જલધારાઓથી સુવર્ણગિરિ મેરુ પર્વતનું ઊંચું શિખર શોભે છે. એ જ રીતે કુન્દપુષ્પની (ભોગરાના ફૂલની) સમાન શ્વેત-ઉજ્જવલ વિંઝાતાં ચામરની મનોહર શોભાથી યુક્ત આપનું સુવર્ણ કાંતિવાળો દેહ પણ અત્યંત શોભાયમાન લાગે છે.

વિવેચન :– પ્રસ્તુત શ્લોકમાં પ્રાતિહાર્યમના ક્રમમાં પ્રભુ પર વીંઝાતા ચામરની કવિશ્રીએ કાવ્યદષ્ટિથી વ્યાખ્યા કરી છે. આ ચામર જાણે પાણીનું ઝરણું વહેતું હોય અને તેના શ્વેત ફૂવારા ઊડતા હોય એવું દેખાય છે. એટલું જ નહીં આ ફૂવારા પણ જાણે ચંદ્રની કિરણાવલી હોય તેવા સુશોભિત લાગે છે. ચામર પણ એક પ્રકારે સામર્થ્યનું સૂચક ગણવામાં આવ્યું છે. ભારતીય સંસ્કૃતિમાં રાજા-મહારાજાઓ પણ ચામરથી અલંકૃત થયા છે. જ્યારે પ્રભુ તો અનંત શક્તિના ધારક છે. તેમના પ્રાતિહાર્ય તરીકે દેવતાઓ ચામર લઈને સેવામાં અનુરક્ત રહે છે. આ શ્લોકમાં આચાર્યશ્રીએ પણ એક પ્રકારે ચામર દ્વારા પ્રભુની શક્તિનું ઉદ્ગાન કર્યું છે.

પ્રસ્તુત શ્લોક કાવ્યકળાનો અનુપમ નમૂનારૂપ છે. કવિશ્રી અશોકવૃક્ષ સિંહાસન અને ત્યારબાદ ભક્તના મનને પણ ચલાયમાન કરે તેવાં ચામરની સાથે મનોયોગ જોડવાની પ્રેરણા આપે છે કારણ કે પ્રભુ સમવસરણમાં અશોકવૃક્ષની નીચે રત્નજડિત સિંહાસન પર બિરાજી રહ્યાં છે. ત્યારે દેવો બન્ને બાજુ ઊભા રહી શ્વેત ચામર ઢોળી રહ્યાં છે. આવું અદ્ભુત દશ્ય જોતાં જાણે એવું લાગે છે કે, સુવર્ણનો મેરુ પર્વત અને તેના શિખર પરથી બન્ને બાજુ વહી રહેલાં નિર્મળ પાણીના ઝરણા! મેરુ પર્વત કનકમય હોવાથી પીળો અને ઝરણા ચંદ્ર સમાન શ્વેત, એવી જ રીતે પ્રભુનો કનક સમાન કાંતિમય ચમકતો મેરુ પર્વત સમાન દેહ અને બન્ને બાજુ કુંદ પુષ્પ જેવાં ઉજ્જવળ વિંઝાતાં શ્વેત ચામર... કેવું રમ્ય, મનોહર દશ્ય... અર્થાત્ મેરુ પર્વતના ઊંચા શિખર પર પાણીના ઝરણાંઓ વહેતાં હોય, તેના પર ચંદ્રનાં કિરણો પડે ત્યારે તે ઝરણાંઓ જાણે મેરુ પર્વતના ચામર હોય તેવો આકાર સર્જન કરે છે અને તે પ્રભુના સમવસરણમાં વિંઝાતાં સાક્ષાત્ ચામર સમતુલ્ય બની પ્રભુને જાણે સુરગિરિરૂપે શોભાયમાન કરે છે. ચામર અને ચંદ્રકિરણોનું અદ્ભુત સામ્ય જાણે બે મેરુના દર્શન કરાવતા હોય તેવું લાગે છે. એક મેરુ તો સુરગિરિ છે જ અને ચામરથી વિંઝાતાં દેવાધિદેવ પણ બીજા અભિનવ સુરગિરિ હોય તેવો આભાસ પ્રગટ થાય છે.

આચાર્યશ્રીએ દેવાધિદેવને સુરગિરિ સમાન ગણાવી આધ્યાત્મિક ભાવોને બખૂબીપૂર્વક ગૂંથી લીધા છે. મેરુ પર્વત જેમ અડોલ છે, નિષ્કંપ છે. સંવતર્ક વાયરો પણ તેને કંપાવી શકતો નથી તેમ પ્રભુ વીતરાગરૂપે અડોલ છે, અકંપ છે. મોહરૂપી સંવતર્ક વાયરો પણ તેમને ચલાયમાન કરવામાં અસમર્થ છે. અહીં સ્તુતિકારની કાવ્ય કલ્પનાની પણ એક અદ્ભૂત ઝલક જોવા મળે છે. એક તરફ પ્રભુનું ઉત્તુંગ મસ્તક છે. તો બીજી તરફ મેરુ પર્વતનું ઊંચું શિખર છે. આ ઊંચા શિખરને સો સો ઘડાથી જાણે સ્નાન કરાવતું હોય એવું શતકુંભરૂપે ચંદ્રમા છે, તેવી જ રીતે ચામરરૂપી જલધારાથી પ્રભુનું શિર શિખર પણ અભિષેક પામી રહ્યું હોય તેવું ભવ્ય દશ્ય દષ્ટિગોચર થાય છે.

પ્રસ્તુત શ્લોકમાં કવિશ્રીએ ‘ચલ ચામર’ શબ્દ પ્રયોગ કર્યો છે. તેનું તાત્પર્ય છે કે કોઈ પણ ગુણાત્મક દ્રવ્ય ક્રિયાત્મક અવસ્થામાં આવે છે, ત્યારે તેના સુષુપ્ત ગુણો જાગૃત બની દ્રવ્યનો મહિમા પ્રગટ કરે છે. તેમ જ તે ક્રિયા અનેકને લાભ પ્રદાન કરે છે. જડ ચેતનની સૃષ્ટિમાં એક નવો પ્રકાશ પાથરે છે. જેમ કે ઘઉં પીસાઈને લોટ બની ભોજન માટે અનુકૂળ બને છે ત્યારે ઘઉંનો મહિમા પ્રગટ થાય છે. લાખો લોકોની ભૂખ શાંત કરે છે. તેમ ચામર ચલાયમાન થાય તે તેની ક્રિયાત્મક સ્થિતિ છે, ત્યારે ચામરનું સામર્થ્ય તો પ્રદર્શિત થાય જ છે, સાથે સાથે લાખો મનુષ્યોના માનસિક દોષોનું હરણ કરીને નિર્મળ ભાવોમાં ડૂબાડે છે.

એવી જ રીતે આચાર્યશ્રીએ કુંદના-મોગરાના પુષ્પો અને ચામરમાં પણ ઉજ્જવલ-શુદ્ધિભાવનો સામ્યયોગ સ્થાપિત કર્યો છે ત્યાં પણ એક ઉજ્જવલતા પ્રાકૃતિક છે અને બીજી શુદ્ધતા દેવકૃત છે. પરંતુ પ્રાકૃતિક જગતમાં ખીલી ઊઠેલા સ્વચ્છ અને નિર્મળ કુંદપુષ્પોને પ્રાધાન્ય આપી કવિશ્રીએ તેવી શુક્લતા ચામરમાં સ્થાપિત કરી પરોક્ષભાવે પરમાત્માની પરમ શુક્લતાને પ્રગટ કરી છે. આ રીતે તેમણે ચામરને કુંદપુષ્પ સાથે સરખાવીને અદ્ભુત રીતે સત્ત્વગુણનો મહિમા પ્રગટ કર્યો છે.

શ્લોકના અંતમાં સ્તુતિકાર 'સુરગિરિ' શબ્દ વડે ગૂઢ રહસ્ય દર્શાવતા આલેખે છે કે સુરગિરિમાં દેવતાઓ ભૌતિક રમણના ભાવોથી ભીંજાય છે. જ્યારે પ્રભુરૂપ મેરુ પર્વતમાં સાક્ષાત્ ચામરને ધારણ કરીને સેવામાં રત રહેલા દેવ-દેવીઓ વૈરાગ્યભાવથી ભીંજાય છે. તેમ જ અનેક ભવ્ય જીવો આત્મકલ્યાણના અધિકારી બને છે. આમ એક બાજુ મેરુ પર્વતની પ્રાકૃતિક ક્રિયા છે જ્યારે બીજી બાજુ તીર્થંકર નામકર્મના ઉદયથી થતી પ્રાતિહારિક ક્રિયા છે. આ બન્ને દશ્ય સમૃદ્ધ છે પરંતુ ભાવાંતર ઘણું જ વિલક્ષણ છે. આ શ્લોકમાં આચાર્યશ્રીએ ચામરના માધ્યમથી દશ્યાદશ્ય અલંકાર પ્રગટ કરી ભક્તિ રસમાં અનુપમ રસનો અભિષેક કર્યો છે.

કવિશ્રીએ પ્રસ્તુત શ્લોકમાં અપૂર્વ આધ્યાત્મિક ભાવોને આલેખ્યા છે. તાત્પર્ય એ છે કે સંપૂર્ણ શ્લોક જેમ બાહ્ય ભાવોને પ્રતિબિંબિત કરે છે તેમ આભ્યંતર ભાવોને પણ પ્રગટ કરે છે. પ્રભુનો દેદીપ્યમાન દેહ કેવળ પરમાણુ પુદ્ગલો પૂરતો જ સીમિત નથી. પરંતુ તે અધ્યાત્મ પરમ દશાનો પરિચાયક છે. કેવળજ્ઞાનથી નિર્મિત થયેલા ચૈતન્યનો ઈન્દ્રિયાતીત દિવ્ય દેહ છે. જે મેરુ પર્વતનું કથન છે તે પણ હકીકતમાં ભૌતિક મેરુ નથી પણ ગુણસ્થાનનું અંતિમ શ્રેણીનું ઉચ્ચતમ શિખર છે. વારિ-ઝરણાની જે કલ્પના કરી છે અને તેને ચંદ્રકિરણોની ઉપમાથી નવાજ્યા છે, તે પણ ખરેખર! ઘાતીકર્મ દૂર થવાથી ક્ષાયિકભાવજન્ય ઉદિત થયેલ આત્મ પ્રકાશ છે. તે પ્રકાશમાંથી પરમાનંદરૂપી ઝરણાં પ્રવાહિત થઈને શિખર પર સાધનાની સાક્ષી પૂરે છે, એવી જ રીતે આચાર્યશ્રીનું ભક્તહૃદય અંતર્ગત બિરાજમાન પ્રભુના દર્શન કરીને અંતર્ગત શુભયોગ રૂપ ચામરને વિંઝતાં વિંઝતાં પ્રભુભક્તિમાં લીન બની આગળ વધી રહ્યાં છે.

**ઋદ્ધિ :–** ॐ ह्रीं अर्हं णमो घोर गुणाणं।

**મંત્ર :–** ॐ ह्रीं श्रीं श्रीं पाश्वनाथाय ह्रीं धरणेन्द्र पद्मावती सहिताय नमो अट्ठे मट्ठे क्षुद्रान स्तम्भय - स्तम्भय रक्षां कुरु कुरु स्वाहा।

**વિધિ-વિધાન :** સ્નાન કરીને સફેદ વસ્ત્ર ધારણ કરી પૂર્વ દિશા તરફ મુખ કરી યંત્રની સ્થાપના કરવી. યંત્રની પૂજા કરી, આરતી ઉતારી, ત્યારબાદ પદ્માસનમાં બેસી સ્ફટિક મણિની માળા દ્વારા પ્રતિદિન એક હજારવાર ઋદ્ધિ-મંત્રની આરાધના વડે યંત્રને સિદ્ધ કરવું.

**ફલાગમ :** ઉપરોક્ત ઋદ્ધિ-મંત્રનું વારંવાર સ્મરણ કરવાથી તેમ જ યંત્ર પાસે રાખવાથી શત્રુ સ્તંભન થઈ જાય છે. ભયંકર વનમાં ચોર, સિંહ આદિ હિંસક પશુઓનો ભય રહેતો નથી. બધા પ્રકારના ભય દૂર ભાગી જાય છે.

શ્રી ભક્તામર સ્તોત્રની ૩૦મી તેમ જ ૩૧મી ગાથાનું સ્મરણ કરવાથી થતાં લાભ દર્શાવતી એક પ્રાચીન કથા.

**ગોપાલ ગોવાળની કથા :** વર્ષો પહેલાંની આ વાત છે. વચ્છ દેશમાં શ્રીપુર નામનું નગર હતું. ત્યાં રાજા રિપુપાલ રાજ્ય કરતાં હતા. તેમને ચાર રાણીઓ હતી. ચારે રાણીઓ એક-એકથી ચડે એવી ગુણિયલ. ગૃહસ્થધર્મી, પતિ આજ્ઞામાં સદા તત્પર, વળી ચારિત્રશીલ જેવાં આભૂષણથી શોભિત હતી. પૂજા-દાન, ગુરુજનોની સેવામાં અગ્રસર, વ્રતવિધાનમાં રત, તેમ જ સત્ વાંચનના શ્રવણમાં મગ્ન રહેતી.

રાજાના મહેલમાં ગોપાલ નામનો ગોવાળ રહેતો હતો. જે એમની ગાય, ભેંસ વગેરેને ચરાવવાનું કામ કરતો હતો. એક દિવસ આ ગોવાળ જંગલમાં ગાયો આદિને ચરાવવા લઈ ગયો. ત્યારે તેને એક પરમ વીતરાગી મુનિરાજના દર્શન થયા. ગોપાલે ખૂબ જ ભક્તિભાવ પૂર્વક મુનિરાજની સેવા-વૈયાવચ્છ આદિ કર્યા. મુનિરાજ પણ તેની સાચી ભક્તિથી પ્રભાવિત થયા, ત્યારે ગોપાલે ભોળાભાવથી મુનિરાજને પૂછ્યું, હે મહાત્મન્! આ વિધાતા પણ મારા પર રુઠિ છે, એવું કયું કારણ છે કે મને દરિદ્રપણું મળ્યું છે! આપ તો જ્ઞાની છો, મારા આ સંશયને દૂર કરો, મારા મનનું સમાધાન કરો.

ત્યારે મુનિરાજે જવાબ આપ્યો, હે બાલક! તે પૂર્વમાં ઘરમાં હતું છતાં કોઈને કાંઈ દાન આપ્યું નથી. આપ્યા વગર કાંઈ મળે નહીં.

ગોપાલે જવાબ સાંભળી, મુનિવરને કહ્યું, હે દીનદયાળુ પરમાત્મા! આપ તો કરુણાના સાગર છો, મને આનો ઉપાય બતાવો કે મારી બાકીની જિંદગી સુખેથી પસાર થાય. ત્યારે મુનિવરે જૈનધર્મમાં પ્રરુપિત શ્રાવકધર્મના ઉપદેશ આપ્યા કે, પંચ પરમેષ્ઠી ઉપર સમ્યક્ શ્રદ્ધા, જીવદયાનું પાલન, પાણી ગાળીને વાપરવું, મદ્ય, માંસ, મધુ, રાત્રિભોજન અને ઉદમ્બર ફળો ઈત્યાદિનો ત્યાગ કરવો. આમ શ્રાવકના મૂલ ગુણોને સમ્યક્ રીતે સમજાવ્યા. ત્યારે ગોપાલે પણ શ્રદ્ધાપૂર્વક શ્રાવક વ્રતને ધારણ કર્યા. ત્યારબાદ મુનિરાજે જૈનધર્મનો અદ્ભુત એવો ભક્તામર સ્તોત્રનો મહિમા બતાવ્યો. એટલું જ નહીં ભક્તામર સ્તોત્રની ૩૦મી તેમ જ ૩૧મી ગાથા ઋદ્ધિ, મંત્ર, વિધવિધાન સાથે શીખવાડી.

ગોપાલે પણ શ્રદ્ધાપૂર્વક મુનિરાજના પઠન-પાઠન અનુસાર ભક્તામરની ૩૦મી અને ૩૧મી ગાથા સંપૂર્ણ વિધિ અનુસાર શીખી લીધી. ત્યારબાદ ગોપાલ મુનિરાજનો આભાર માની વંદન-નમસ્કાર કરી ઘરે પાછો ફર્યો. અને મુનિરાજે બતાવેલી વિધિ પ્રમાણે મૌન આરાધના શરૂ કરી. શાંત ચિત્તે, એકાગ્રતા પૂર્વક અઠોત્તેર લાખ મંત્ર જાપ પૂરાં થતાં શાસનદેવી પ્રગટ થઈ. અને કહેવા લાગી હે વત્સ! ક્યાં કારણથી તું આરાધના કરે છે? જે જોઈએ તે માંગી લે, હવે

તું સુખથી રાજપાટ ભોગવીશ.

દેવીને વંદન કરતાં ગોપાલ બોલ્યો, હે દેવી માતા! હું કાંઈ રાજપાટ જાણતો નથી. મારું દરિદ્ર દૂર થાય એટલું જ હું માગું છું.

ત્યારે દેવીએ પ્રસન્ન થઈને કહ્યું, હે બાલક! ઈલ્લી દેશમાં હરીપુર નામે નગર છે. ત્યાં હરિવર્ષ નામના રાજા રાજ્ય કરે છે પરંતુ તેનું મૃત્યુ નજીક આવી ગયું છે. એટલું જ નહીં તેને કોઈ સંતાન પણ નથી, એટલે એ રાજ્ય લેવા તું ત્યાં જા. આટલું બોલી દેવી તો અદૃશ્ય થઈ ગયા.

ગોપાલ પણ દેવીના કથનાનુસાર હરીપુર પહોંચી ગયો. નગરમાં પહોંચતાં જ તેને ખબર પડી કે હરીપુરના રાજાનું મૃત્યુ થયું છે. મંત્રીઓએ મદમસ્ત હાથીને છોડી મૂક્યો હતો અને ઘોષણા કરવામાં આવી હતી કે જે આ મદમસ્ત હાથીને વશ કરશે, તેને રાજા બનાવવામાં આવશે. ગોપાલ શ્રી ભક્તામર સ્તોત્રની ૩૦-૩૧ ગાથાનું રટણ કરતાં કરતાં હાથી પાસે ગયો અને હાથીના કાન બકરાની જેમ પકડી લીધા. અને હાથીને વશ કરી હાથી ઉપર બેસી ગયો. પ્રજાજનોએ હર્ષનાદ સાથે તેને હરીપુરના રાજા તરીકે ઘોષિત કર્યો. અને આમ ગોપાલે હરીપુરની રાજગાદી પર બેસી રાજસુખ પ્રાપ્ત કર્યું.

ખરેખર! ભક્તામરની એક એક ગાથાની આરાધનાથી આ લોક અને પરલોકમાં પણ સુખ પ્રાપ્ત થાય છે તેમાં કોઈ સંશય નથી. અસ્તુ.

✦ ✦ ✦

સંપર્ક : khimji_chhadwa@yahoo.com
૯૮૯૨૮ ૨૮૧૯૬

## ફરીએ તો વિસ્તરીએ-૧૧ :

# યે દુનિયા બડી રંગીલી

**જેલમ હાર્દિક**

**ચા**લો, આજે જઈએ ટાન્ઝાનિયા, આફ્રિકાના પૂર્વમાં આવેલા એ દેશના અમે જોયેલા હિસ્સામાં, પણ પહેલાં જલદી જાણી લઈએ એનાં નામ પાછળનો ઇતિહાસ; બ્રિટિશ શાસનમાંથી મુક્ત થયા પછીનું પૂર્વ આફ્રિકાનું એક સ્વતંત્ર રાજ્ય હતું ટાંગન્યીકા (ટાંગા ગામથી આગળ) અને બીજું ઝાંઝીબાર, જે નાના નાના કેટલાંક ટાપુઓના સમૂહ હતો. ૧૯૬૪નાં વર્ષમાં આ બંને રાજ્યો ભેગાં થયા અને બંનેનાં નામમાંથી શરૂઆતના ત્રણ-ત્રણ અંગ્રેજી મૂળાક્ષરો જોડાઈને આ નવા જન્મેલા દેશનું નામ પડ્યું ટાન્ઝાનિયા.

ટાન્ઝાનિયા જવાની વાતથી મનની શું સ્થિતિ થઈ હશે એનો અંદાજ હવે તમને આવી જ ગ્યો' હોય. હા, ઇરાન જવા પહેલાં વિચાર થાય તો અહીં તો સ્વાભાવિક એથી વધારે જ થાય ને? આપણામાંના મોટાભાગના લોકોના મનમાં આફ્રિકા નામ પડતાં જ, શરૂઆતમાં મેં કહી એથીય વધુ, ખાસ કરીને ખરાબ છાપ ઉપસે. જેમાં તબિયતની તો ખરી જ, પણ શાંતિ ને સલામતીની ચિંતા સૌથી ઉપર. એ ક્યાં શહેર માટે, ખબર છે તો કે' દાર-એસ-સલામ, જેનો અરબીમાં અર્થ થાય 'શાંતિવાળું ઘર'. બોલો! આ મુલાકાત જોકે અમારાં કામનો એક ભાગ હતી, જેમાં સાથે સંકળાયેલાં લોકો પરિચિત નીકળ્યાં. ઘણાં વર્ષોથી એ ત્યાં ખૂબ સારી રીતે ગોઠવાયેલાં હતાં. એટલે આ પરિચય મજબૂત પાયો સાબિત થઈ ગ્યો' ટાન્ઝાનિયાની અમારી ત્યાર સુધીની ડગમગી રહેલી મુલાકાત માટે, ને એના પર મક્કમતાથી ચણાવી શરૂ થઈ અમારી એ નવી સફરની ઈમારત. ટાન્ઝાનિયામાં રહેવાની અમારી બધી જ વ્યવસ્થા એ લોકો કરવાનાં હતાં એટલે એક રીતે જોતાં અમારું કામ સાવ સહેલું થઈ ગ્યું'તું. છતાંય એક ચિંતા માથે બણબણતી'તી, મેલેરિયા ને Yellow Feverની. મારો એક ભાઈ ડૉક્ટર, એટલે ક્યાંય પણ જતી વખતે એણે સૂચવેલી આપણી સામાન્ય દવાઓ તો અમારા સામાનમાં હોય જ. આ વખતે અનિવાર્ય પરિસ્થિતિ ઊભી થાય તો એની સામે લડવા માટે એમાં મેલેરિયાની દવાઓ ઉમેરાઈ'તી. પણ મારી મૂળ બીક બીજી હતી, યેલો ફીવર વૅક્સિન માટેનાં ઇન્જેક્શનની સોયની. મારું ખાતું ટાઢાં ટબૂકલાંની વાર્તાની પે'લી ડોશી જેવું. 'હું વાઘથી ન બીઉં, સિંહથીય ન બીઉં, હું બીઉં તો એક ટાઢાં ટબૂકલાંથી'. હું તો જોકે વાઘ, સિંહ શું ઘણી બધી બાબતોથી બીઉં, જેમાં સોયની બીક બાળપણથી, પણ વાઘ સિંહનું જમણ બનવાને બદલે એમને જોતાં-જોતાં મોજથી આફ્રિકાનું દેશી જમણ ખાવાનો હરખ પૂરો કરવો હોય તો શું ખાય! ખાઈ લીધી મેં એ સોય, કર્યું યેલો ફીવર વેક્સિન સર્ટિફિકેટ હાથવગું, ને ઊડ્યાં ટાન્ઝાનિયા તરફ. રોજના જીવનમાં ફરી એક નવો અનુભવ ઉમેરાશે એ વિચારે જ મને કેવી બહાદુર બનાવી દીધી!

જેવાં અમે ટાન્ઝાનિયાનાં દાર-એસ-સલામમાં ઉતર્યા કે એકબાજુથી ગુજરાતીમાં સંભળાયું 'આવો આવો', ને પડખેથી સ્વાહિલીમાં 'ક(ખ)રીબુ સાના' ઉતરતાં જ જે ભાષાઓએ અમારું સ્વાગત કર્યું, એ જાણે કે ટ્રેલર હતું આવનારા પંદર દિવસોમાં અમને

જે સંસ્કૃતિઓ વિશેષ જોવા મળવાની હતી એનું આ નવાં ઉમેરાયેલાં કુતૂહલ સાથે અમે પહોંચ્યાં અમારી હોટલ પર. એ હોટેલ, અમે જેનાં કામ માટે આવ્યાં હતાં એ મોટી હૉસ્પિટલ ને મૅડિકલ સેન્ટરની બરાબર સામે જ હતી. અમે ધારીએ એટલી ઝડપથી ત્યાં પહોંચી શકીએ એટલાં આ ઓછાં અંતરે અસલામતીની અમારી ચિંતાય થોડી ઓછી કરી નાખી.

એકાદ નાનકડાં ઘર જેવાં લાગતાં ટાન્ઝાનિયાનાં ઍરપોર્ટથી શરૂ કરીને પ્રમાણમાં મોટી ને સારી હોટેલ સુધી પહોંચતાં જે થોડું આફ્રિકા અમને દેખાયું એમાં એનાં રંગ, રૂપ, વેશ, ભાષાની આછી ઝલક તો અમને મળી ગઈ'તી, જોઈએ હવે શું નવું લઈ આવે છે આપણા માટે ત્યાંની આવતીકાલ, એવું વિચારીને અમે ઝંપી ગ્યાં'.

સવાર પડી ને સૂરજમાં ઝબોળાયેલા નવાનક્કોર ઉમળકા સાથે અમે નાસ્તો કરવા પહોંચ્યાં તો સામેય એવું જ સ્વાગત થ્યું', ''હબારી કાકા... હબારી મામા...'' ભાષાની કેવી તો તાકાત કે ગમે એટલી અજાણી હોય તોય કાનમાં પડતાંવેંત આપણને પોતાનાં કરી લે! એ ખુશીમાં નવા રંગો ઉમેરવા જાણે નાસ્તાનું ટેબલ પણ તૈયાર હતું; કેટલીક રોજિંદા વસ્તુઓ સાથે હતાં કેળાં, પપૈયાં, સંતરા, કેરી, પાઈનેપલ, તરબૂચ, હું તો રાજીની રેડ થઈ ગઈ. તમનેય હવે તો ખબર છે કે કેટલો પ્રેમ છે મને ફળફૂલ માટે, એમાંય આવાં રંગબેરંગી ખટમીઠાં ફળો જોઈને તો ગાંડી ગાંડી થઈ જાઉં. એવું લાગે કે ફળ-ફૂલ હોય કે આપણા જેવા બાકીના જીવો, કમાલ કરી નાખી છે કુદરતે આવી અવનવી રંગબેરંગી સૃષ્ટિ સર્જીને! થોડી ભૂગોળ શું બદલી. રંગ, રૂપ, ગંધ, ગુણ, આકાર, પ્રકાર બધું જાણે નવું ઊઘડ્યું! જોકે આ સઘળી નવીનતા આખરે તો એક જ, એ અહેસાસની થોડી વધુ નજીક જવા જ હોય છે ને દરેક પ્રવાસ?

અમે હોટેલની બહાર નીકળ્યાં ને ભારત થોડાં જુદાં રૂપમાં દેખાયું. ઘણા લોકો, ઘણાં બધાં વાહનો, બધાં પોતપોતાનાં કામમાં રત. રસ્તા પર 'ડાલા ડાલા' દોડાદોડી કરતી હોય. આપણી ટેમ્પો ટ્રાવેલ પ્રકારની, મોટેભાગે દરવાજા વગરની એ નાનકડી બસ, માણસોથી ખીચોખીચ ભરેલી. એ અહીંનો પબ્લિક ટ્રાન્સપોર્ટ. કેટલાંક તો એમાંથી બહાર લટકતાં પણ દેખાય. કદાચ એટલે જ દરવાજા ન રાખ્યા હોય એવુંય બની શકે. આ દશ્ય મારા જેવાં કેટલાંય માટે જરાય નવું નહીં હોય, હેં ને? મેં તો કચ્છમાં આવી બસમાં મુસાફરીય કરી છે, ને માણસોથી ઊભરાતી છકડો રિક્ષાને તો ગામડાંનાં જીવનના એક અતૂટ હિસ્સા તરીકે જોઈ છે. અહીંયા, મેં પહેલાં કહ્યું એમ, માત્ર થોડાં રંગરૂપ ફરી ગ્યાં'.

માણસોનો રંગ પણ આપણે જાણીએ છીએ એમ પાક્કો, ને માથે હોય ટૂંકા વાંકડિયા વાળ, પણ હૅરસ્ટાઈલમાં વેરાયટી ઘણી હો. કોઈની લાંબી ચોટલીઓ હોય તો કોઈએ માથે રાખ્યા હોય જાણે પંખીઓના મોટા માળા, ને આમાં સ્ત્રી-પુરુષ જેવો કોઈ જાતિ ભેદ નહીં હો. એ તો જેવી તમારી ને તમારાં ખિસ્સાની હિંમત. હા, હા, હિંમત તો પેલી, કેમ કે મને ત્યાંના મિત્ર જેવાં થઈ ગયેલાં એક બે'ને સમજાવ્યું'તું કે પસંદ કરેલા વાળના (વિગના) તમારી ચામડી સાથે ટાંકા લેવડાવવા પડે. બોલો, જોઈએ ને હિંમત કોઈ છૂંદણું ત્રોફાવવા જેટલી? બીજી એક નવાઈ સામે એ આવી કે એમને ત્યાં બાળક જન્મે એકદમ ઊજળું, પછી ધીમે ધીમે રંગ પાક્કો થતો જાય... આવે માન્યમાં? મેં તો ભૈ, જે જાણ્યું એ તમને જણાવ્યું.

ત્યાંના ગુજરાતીઓની વાત કરું તો, ખાસ કરીને દાર-એસ-સલામમાં, ગુજરાતીઓ ખૂબ સારા ગોઠવાઈ ગ્યા' છે. સંખ્યા ને સમૃદ્ધિ બેય બાબતે આગળ પડતાં. અનેક ગુજરાતી સમાજ ચાલે છે, સ્વામિનાયરાણનું મોટું મંદિર છે, ગુજરાતી ભાણું ગુજરાતી માલિક જમાડે એવી જગ્યાઓ છે. અરે, ગુજરાતી ક્લબ પણ ચાલે છે. આપણા ગુજરાતીઓ, જે સડસડાટ સ્વાહિલી બોલે છે, એમને ત્યાં કામ કરતા સ્થાનિકો કડકડાટ ગુજરાતી બોલતા થઈ ગ્યા' છે, એટલું જ નહીં જ્યારે એ ગરમ ગરમ ફૂલકા રોટલી સાથે ભીંડાનું શાક પ્રેમથી જમાડે ત્યારે આપણે ભૂલી જઈએ કે આપણે ગુજરાત કે ગુજરાતીથી દૂર છીએ. જાત ઓગાળવાનું આથી વધુ તમે કેટલે ભાળ્યું?! પગાર ભલે લાખોમાં હોય, પણ એ લાખ એટલે આપણા રૂપિયા બિલકુલ નહીં હો, એ તો ટાન્ઝાનિયન શિલિંગ ત્યાંના નાણાંનીય હાલત બિચારી કેવી કફોડી છે.

મને યાદ આવ્યું, એમનાં શિલિંગ સાથે જોડાયેલા મારા મસ્ત અનુભવ તમને કહું, કોઈ રેસ્તરાંમાં જમવાનું બિલ લાખોમાં ચૂકવાતું અમે જોયું હોય એવો એ પહેલો દેશ. અરે, મેન્યૂમાં સૂપ ને સ્ટાર્ટર્સના ભાવ એવા નથી નવાઈના લાગ્યા'તા કે વાંચીને મોજ પડી ગઈ'તી. મોજ એટલે કે એ બિલ ત્યારે આપણે નહોતું ચૂકવવાનું. બાકી, પહેલીવાર આવા ભાવ જોઈને ભવાં જ ચડે, મોજ ક્યાંથી પડે! લૅબેનીઝ જમવાનુંય પહેલવહેલું અમે ત્યાં ચાખ્યું, ને પૅશન ફ્રૂટ પણ. આમ તો કેરળમાં અમે રહેતાં એ ઘરનાં આંગણામાં જ પૅશન ફ્રૂટનું ઝાડ હતું, પણ ત્યારે એને ઓળખ્યું ય ક્યાં હતું! આ અંજળ નહીં તો બીજું શું? અમારે કેરળ થઈને જ એના જેવા આ પ્રદેશમાં જવાનું લખ્યું હશે ને, જેથી બેયને એકબીજાંને સથવારે અમે વધારે સારી રીતે સમજી શકીએ અને હા, દાર-એસ-સલામમાં બીજું નવું અમે ચાખ્યું ઝાંઝીબાર મિક્સ. હા, હા... ઝાંઝીબારને ચાખવાનું આપણું જમા.

✦ ✦ ✦

સંપર્ક : jelamhardik@gmail.com

## Ekatva Bhavna :

# "Your soul is your true accomplice"

Prachi Dhanvant Shah

This innocent and silly human being always keeps chasing people around to seek benevolence & harmony, When the true alliance lies within. That is your soul. Your soul is only yours. This fact which we often land up overlooking and being ignorant, we express command and dependency on others. Your happiness need not be dependent on others but only on yourself. Your true companion is your soul because it's only your soul that you are born within this universe and you will leave this universe with our soul. And somewhere someone had mentioned," A soul can create only when alone". Assure accredit in your soul because it alone knows what you are here to do in this birth and what will actually make you happy and serene.

This is what is explained through Ekatva Bhavna. It explains the seclusion of the soul. Contemplation of Ekatva Bhavna enables one to persuade that Soul is solitary. Your soul is solely responsible to bear the fruits of your own karma. Living in this worldly life, we always establish bondage and get strained in social relationships. We commemorate our worldly relations and exhibit possession. Eventually, it leads you to go through the twirl of mixed emotions and your soul attracts Karma. Every affiliation ultimately leads to attachment and every attachment leads to agony or distress. This eventually leads to adding karma to your soul. Jain Philosophy explains and emphasizes on tyag, detachment from all the worldly attachment which is the right path to salvation and moksh.

Often leading this worldly life, we feel we are alone. But have we ever realized we are never alone? There is something about loneliness that just feels gross. But are we truly lonely ever? The majority of the human population on this earth feel lonely at some point of time in their life. When I tried to do some research I noticed some stats that said 46% of the U.S population report sometimes or always lonely. Gen 'Z', the current generation thriving in this modern world, is the loneliest generation with a loneliness score of 48.3 when the national average is 44. Well, I may be wrong with these stats but it certainly portrays the fact that people be it a past generation or current generation to a great level feel lonely, to an extent that it affects their physical as well as mental health. Finding gross support in others, depending on others for your mental health and companionship is an illusive world that we establish in this human birth. Being such fictitious lonely lands up torturesome and arduous to deal with. The reason behind this is we truly don't know ourselves. A lot of the time we feel like strangers to ourselves. So isn't it important to know yourself first? Isn't it more decisive to first connect with ourselves than looking out to connect with others? Why do we need to pick up the phone or open the chat box to converse with others when we can truly converse with ourselves to the extent of all the comfort? Of Course it might be uncomfortable in the beginning to converse with oneself and might look vague. It might not be interesting, but it's necessary. The first few moments you spend by yourself might be boring, but it's all in your head. You might think why are you wasting so much time talking to yourself, spending time alone, you could be doing something more productive, more interesting, more social. But it is imperative. Because it sets the stage for what comes next and that is, over time, you start to let go of your control and attachments. You also create a room of curiosity and start thinking about what truly your soul has been thinking of lately. You start noticing things that actually come from your own mind & soul. Questions about yourself, random observations of the life you are leading, interrogation about yourself,

and you will start observing things that you would have never realized existed. One will almost feel like the fake wall that you have built around your soul and in your mind is slowly melting. This process will evolve you more and more and leave you with a feeling of composure. You will move towards a life with more clear perspectives and vision.

Often these days, the young generation suffers from loneliness and for them, loneliness becomes a flight or fight mode, to an extent, that they land up giving up their life. Because considering themselves lonely affects their mental health, increases their stress levels which ultimately leads to severe consequences. Moreover, research shows that feeling lonely ( which of course is fictitious if we understand Ekatva Bhavna) results in a 29% increased risk of heart disease and also increases the risk of having a stroke by 32%. Although these are just the numbers and statistics, the fact is, this elusive thought of being lonely is the dreadful disease than anything in this world. All I wish, all these people who thrive this fatigued feeling of loneliness on this universe pursued Jain philosophy and contemplates Ekatva Bhavna. The simple fact that we come alone in this universe and will go alone should placidly eliminate the feeling of loneliness. Being alone does not mean you are lonely, it means you are strong enough to discover yourself and handle things all by yourself, as peace leads to serenity and the more peaceful you are, the more you evolve.

This reminds me of an anecdote I had read somewhere. "There was a young boy who had lost his parents in a dreadful accident and had no siblings. Unfortunately, he did not have good friends who would accompany him in his life and be there to share his heart talks or give him any kind of support. The feeling of loneliness kept sinking in within him to an extent that he gave up and did not wish to lead his life alone. He decided to end his life and so went and stood on the edge of a well. Right then, a monk was passing by and when he saw this boy distressed, he stopped him and asked him what instigated him to end his life? The boy expressed his feeling of being lonely and had no urge to live his life. To this, the monk said, he had a mantra that will never make him feel lonely but will help him evolve and identify himself. Then he can decide whether to live his life or end it. The boy was curious and so asked for the mantra. The monk gave him 11 tiny pieces of rocks. He said, "Every morning when you wake up, all you have to do is take 10 rocks in one fist and 1 rock in the other fist, and then, shake them vigorously one after the other for 5 minutes." The monk asked the boy to meet him after 10 days at the same spot. The boy went back to his home and deliberately followed the Monk's instructions. On the 11th day, he went to meet the monk. The monk asked him when he repeatedly shook his hands, which hand dispelled a soothing sound to you? The boy without any doubt replied, "ofcourse the one that had only 1 piece of rock". The monk asked him the reason for this. The boy replied, " because the fist that had 11 pieces of rocks, when shaken made so much noise that it irritated me and wasn't pleasing at all. But the fist that had only 1 piece of rock, made no noise and was so peaceful to hear no noise after the chaotic noise of the previous fist. The monk smiled and said, "Just like when 10 rocks being together in one fist, banged with each other and made disturbing noise, when you look for companionship and relationships in life, to be in the crowd, you are not alleviating your urge of not being alone but you are welcoming restlessness and disturbance in life. At the same time, when the other fist that had only 1 piece of rock, did not make any noise and gave you a pleasant feel, being alone in life will give you peace and serenity. Peace lies within you. When you are alone, you can identify yourself, and Your soul will be your companion. Identify the source of serenity in your life !" Hearing this, the boy accessed the true meaning of his life and the right path of leading his life.

Companionship with your soul is inevitable because it will help you to never feel lonely. You

will learn what your soul truly seeks. It will help you detach your soul from worldly attachment and fatigue relationships. It will help you pursue detachment and walk on the path of what Jain philosophy teaches us, the true path of leading this life. " Learn to be alone and to like it. There is nothing more freeing and empowering than learning to like your own company. Touch Base with your soul by spending time alone"

Also in Uttaradhyayan sutra, the story about Nami Rajarshi illustrates the essence of Ekatva Bhavna. He was the king of Mithila and was very wealthy. He relished all the material comforts and had many young wives. He led a happy and luxurious life. One fine day, Nami Rajshri suffered from an illness and experienced a burning sensation all over his body which became unbearable painful distress. His queens were worried and called for many skillful vaidyas ( Doctors) to find the cure but no one could find the right medicine. The king in pain was frustrated and in agony. Everything bothered him and he craved peace and relief. With love and affection eventually, all queens started experimenting and made pastes by grinding sandalwood on a hard stone thinking that would ease their King's pain. But as they grounded together, the gorgeous explicit bangles worn by queens created a loud jingling sound as the bangles banged with each other. Already irritated, King got all the more impatient and restless with this noise. He immediately asked all his wives to either stop grinding or to do it quietly. Hence queens decided to remove all their bangles except one in their hands. This stopped the loud noise and they kept grinding the paste. Hearing no noise the king wondered if the queens stopped all their efforts to ease him and not make any sandalwood paste. But to his surprise, he discovered that the queens didn't give up but found an alternative and continued making the paste. And when he learned how quiet & calm it was when queens just had one bangle in their hands and a single bangle could relieve all irritation that disturbed him with noise. This made an unexpected impact on the mind of Nami Rajarshi. He realized the importance of solitude, the significance of Ekatva. Having more things to deal with causes more problems. It creates unnecessary hustle and commotion, while peace lays in solitariness. He accomplished that the materialist relationship, dependency, and attachment will give him nothing but pain. Rather being alone will allow him to focus on his eternal bliss and identify his soul. He realized that everything that he assumed belonged to him, did not really belong to him. He is by himself in this universe and he is a lone traveler. He desired to be within himself. Contemplation of Ekatva Bhavna enabled him to recollect his previous lives and he decided that once he recovers from his painful disease, he would renounce worldly life and become a monk. With this serene resolution, he went to bed and when he woke up in the morning, he found himself completely recovered from his illness. Immediately he took Diksha and detached himself from his worldly attachments being stern with his determination to seek liberation.

With the continued reflection of Ekatva Bhavna, one can help their soul from attracting more karma and can shed off the same. Revering the fact in your daily life that your soul is alone and is responsible for your own karma. No worldly relationship can bear the fruits of your karma and save you from them, rather it would only eventually lead you to add more and more karma and sustain distress and pain. Hence interrogate yourself and love only your soul. It is your true companion. Abstain ceaselessly to purify your soul and seek the path of serenity.

***"Never search your happiness in others. It will make you feel alone. Search it in yourself and you will feel happy even when left alone".*** *- Gautam Buddha*

✦ ✦ ✦

Contact: 49, wood ave, Edison,
N.J. 08820, U.S.A.
prachishah0809@gmail.com
(+1-917-582-5643)

# Siddhasena Divakara

Dr. Kamini Gogri

Siddhasena Divakara was a jain monk in the fifth century CE who wrote works on Jain philosophy and epistemology. He was like the illuminating lamp of the Jain order and therefore came to be known as Divakara "Lamp-Maker". He is credited with the authorship of many books, most of which are not available. Sanmatitarka (‘The Logic of the True Doctrine’) is the first major Jain work on logic written in Sanskrit.

## Life

Siddhasena Divakara is said to have lived in fourth or fifth century CE. He was a Brahmin by birth and a scholar. He was initiated by Acharya Vruddhavadi. According to the tradition, Siddhasena Divakara once planned to translate all the Jaina works from prakrit to Sanskrit. He was asked by his master to visit all the Jain temples as a punishment. He thus visited the Jain temples for twelve years. He then came upon a Linga temple in Ujjain. He slept at the temple with his feet towards the Linga, which is a symbol of Shiva. King Vikramaditya had him beaten for the sin on request of the devotees. However, with miraculous powers, Siddhasena Divakara made that the King's wife received the beating instead of him. He was then set free. He broke the Linga by raising his hand and an idol of Parshvanatha emerged from there.

## Thought

Siddhasena's main contribution in the Sanmatitarka is his analysis of the Jain theory of Anekantavada. According to Jeffery Long, Siddhasena divides two the seven classical Jain nayas (standpoints, viewpoints) into two categories: "those which affirm the substantiality of existence (dravyastikanayas) and those which affirm the impermanent, changing aspects of existence (paryayastikanayas)."[1] This view sees the best account of reality as one which includes permanence and impermanence, identity and difference in a complex set of contradictory relations. Siddhasena also argued that the number of possible nayas or viewpoints of reality is potentially limitless. He then goes on to correlate each of the nayas with the positions of Indian philosophical schools, showing how each view is only a partial, one sided view.

## Works

He was the author of Sammati-tarka-prakarana and is said to have written the Nyayavatara, Sanmati sutra and Kalyan Mandir stotra.Siddhasena then became a disciple of Vrddhavadi and became a Jaina monk. He was named Kumudacandra. Later, the name Siddhasena was restored when he became Suri. In a short time, he became well versed with Jaina thought, became Acarya and head of a Gaccha. During his wanderings, Siddhasena met King Vikramaditya. The King was impressed by his scholarship and personality, offered him a crore of gold coins which Siddhasena refused to accept. The King used the amount for helping Jaina religion, and for repairing Jaina temples in his kingdom.When Siddhasena arrived at Citrakoot, he saw a pillar on one side of the mountain. He discovered that the pillar was made neither of clay, nor wood, nor stone but was made of powder of some medicinal plants (AusadhiDravya). He applied some herbs and made a large hole in the pillar, which opened up like a lotus, and a large collection of books fell from it. He took one book, opened page at random and read a line. He got two mystic lores from that line; a) Power to create gold coins – Hema Vidya, and b) Power to create new army – Sarasapa Vidya. Being very happy, Siddhasena began to read some more lines from the book, but the presiding Deity of the pillar snatched the book from his hands.

On his religious tour, Siddhasena then went to the Eastern countries, and arrived at the town of

Karmara. King Devapala welcomed him to his capital. Siddhaena gave him religious sermons and made him his friend. The king of Kamaru attacked the King Devapala and Devapala was being defeated. He prayed Siddhasena to protect him. Siddhasena created gold coins and an army by his mystic lores and with the help of that Devapala defeated the enemy. The King thereupon conferred the title Divakara (the Sun destroying darkness) on Siddhasena.

Siddhasena wanted to translate the Jaina scriptures from Prakrt to Sanskrt. He asked the head of the Sangha for the permission. The head of Sangha became enraged and condemned Siddhasena for not having any respect for Prakrt. Even thinking about such a translation was regarded as a great sin for which a serious Prayascitta called 'Parancika' is mentioned. A Jaina monk has to remain incognito (Ajnatavasa) for twelve years, to give up Gaccha and to practice austere penance. If the monk glorifies Jainism in a conspicuous manner during this period, he is absolved of his sin. Siddhasena accordingly left Gaccha, practised penance and after seven years he came to Ujjain, went to the Royal Court and sent the message with the doorkeeper. The King welcomed him and Siddhasena recited four verses which pleased the King.

Once Divakara went along with the king to the temple of Kudangeswara, where while resting, he kept his legs towards Lord Siva. The King enraged, ordered his persons to remove him by force but Siddhasena remained unaffected and there was a fire in King's harem. There was a grand gathering of people including many kings and citizens of Kunadangeswara. Before them, he composed KalyanamandiraStotra, a prayer of Parswanath, consisting of 44 stanzas. All of a sudden, the God Dharanendra appeared and by his prowess, there began to issue forth the columns of smoke from the idol of Siva and at last the figure of Parsvanatha emerging from the head of Kudangeswara. The King and the people were astonished by this miraculous spectacle. Siddhasena later explained the King that he was the original deity of the place. The King impressed, got himself initiated into Jaina religion, escorted Diviikara in a magnificent procession to the city, and thus glorified Jainism. The Sangha was also much impressed by this; it absolved Divakara from his Prayascitta and proclaimed him as Siddhasena Divakara. King Vikramaditya declared the place as Jaina Tirtha and got a temple erected.

Divakara went to Broach. King Dhananjaya welcomed him. When the enemies attacked the King, Divakara saved him by creating the army from mustard seeds. The King got himself initiated into Jaina religion at the hands of Divakara. Thereafter, Divakara reached Pratisthanapura (modern Palitana). There, having realised the end of his life nearer, he installed his worthy disciple on the seat of Acarya and began his fast unto death, and left this mortal world for heaven. Such was the eventful and dramatic life, full of miracles as described by the Prabandhas. Though a great poet and philosopher of Jainas, he was not si respected and his works were not favoured. He was a great debater. He had no worthy follower who could continue glory of Jainism.

## Siddhasena's Times:

His was the age of great upheavals. Sanskrt language was getting more popularity. Reasoning was gaining ground. In political field, earlier period was not good, but it was a golden age during the period of Vikramaditya. Mysticism was also popular in that age. It was a period of debates. Great scholars, in order to attain royal favour, praised kings. Cock fighting was also popular in that age.

## Aims of Siddhasena's Writings:

Siddhasena has revealed and dictated the force, which compelled him to write. Being an ascetic, it was natural for him to trace the path of salvation. People were, engaged in one-sided viewpoints. There were preceptors who knew the scripture; but were ignorant of the meaning. Siddhasena composed the Sammati Sutra to attract the attention

of people towards the scriptures. He further aimed to glorify his on religion. His work on Dialetic, Nyayavatara and SanmatiTarka purport to help the budding debators by making their intelligence sharper and logical. He stressed the use of Sanskrt language. He got royal patronage also. The aim of his writings is not any personal interest such as fame or so but only religious mission.

Siddhasena Divakara is famous for mainly two things:

i. As The author of Sanmati-Tarka, which is regarded as a Prabhavaka Grantha.

ii. For his miraculous powers to create Army and Gold.

Two things are said about PrabhavakaGrantha:

i. A monk, while studying PrabhavakaGrantha as Sanmati, commits no sin even if he has to use forbidden things, i.e. he need not undergo any purificatory penances.

ii. In order that such a book may not perish, permission is given to go even to the country of a heretic King, if there lives a Sadhu who has taken to fast unto death, but who is well-versed in such a work like Sanmati.

Besides these things, the main contributions of Siddhasena Divakara in the development of Jaina philosophy are as follows:

1. He raised the question of the possibility of Gunastika Naya. He said that if it were there, Lord Mahavira would have mentioned it. He further said that the terms Guaa and Paryaya are used identically in the context of knowledge. Paryayastika Naya gives knowledge of Gunas also.

2. He connected Dravyastika and Paryayastika Nayas to two modes of Upayoga - Darsana and Jnana respectively. Darsana comprehends the general features of athing, therefore is connected to Dravyastika Naya. Jnana comprehends the particular aspects of a thing, therefore, is connected to Paryayastika Naya.

3. He denied consecutiveness (Kramavada) and simultaneity (Sahavada) of Darsana and Jnana in the Kevali, and propounded the identity (Abhedavada) between them. He held that, Kevali everytime knows the world through its general and particular qualities. Therefore, it is Kevalajnana and the same is Kevaladarsana.

4. The theory of seven Nayas in Jainism is well-known. Siddhasena reduced this number to six. He felt that it is not essential to regards Naigama Naya as an independent Naya. He included Bhedagrahi Naigama Naya into Vyavahara Naya, and Abhedagrahi Naigama Naya into Sangraha Naya.

5. He distinguished between Vyanjana-Pmyaya and Artha-Paryaya, i.e. difference depending on words and not depending on words. He related this distinction to Saptabhangi, and asseted that seven mode of Syadavada are possible in Artha¬Paryaya. Assertion of one mode presupposes the negation of the other, and from this point of view, all the seven alternatives follow. But it is not possible in Vyanjana-Paryaya, for it means a Paryaya dependent on words; it can be stated by means of words, and is thus never indescribable. So, themodes having an element of indescribable are not possible in Vyanjana-Paryaya.

6. Siddhasena is the first Jaina writer who systematised logic, defined Anumana-Pramana and discussed it in detail with respect to its structure, conditions of validity and fallacies.

Through such innovative contribution to Jainism, Siddhasena gave entirely new and systematic exposition of the doctrine of Anekantavada. He made an emphatic attempt to assign a deserving place to Jaina logic and philosophy amongst all the contemporary systems of philosophy. He tried to base the new currents of thoughts on the broad basis of the established and reputed doctrine of Anekantavada, and thus to popularise them amongst the learnned pundits.

✦ ✦ ✦

Contact: 96193 79589

# વાલ્મીકિ રામાયણની સમીક્ષિત આવૃત્તિનો ગુજરાતી અનુવાદ

**રા**માયણ-સાહિત્યમાં એક ઐતિહાસિક કાર્ય વાલ્મીકિ રામાયણનો ગુજરાતી અનુવાદ, શ્રી વિજય પંડ્યાનું અવતારકાર્ય ગુજરાતી ભાષાનું ગૌરવ ગુજરાતની એમ.એસ. યુનિવર્સિટી, વડોદરાની પ્રાચ્યવિદ્યા મંદિર (ઓરિએન્ટલ ઇન્સ્ટીટ્યૂટ) નામની સંસ્કૃતને વરેલી સંસ્થાએ વાલ્મીકિ રામાયણની સમીક્ષિત આવૃત્તિ દેશના આરૂઢ વિદ્વાનો પાસે તૈયાર કરાવી પ્રકાશિત કરી છે. લગભગ ૨૦ વર્ષની મહેનત પછી, હસ્તપ્રતોને આધારે આ કાર્ય સિદ્ધ થયું છે.

મહારાષ્ટ્રમાં પૂણે સ્થિત ભાણ્ડારકાર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટ (BORI) સંસ્થાએ મહાભારતની સમીક્ષિત આવૃત્તિ પ્રકાશિત કરી છે. તો તેવું જ મહનીય કાર્ય ગુજરાતની આ ઓરિએન્ટલ સંસ્થાએ કર્યું છે અને ગુજરાતને ગૌરવ અપાવ્યું છે.

સમીક્ષિત આવૃત્તિ લોકપ્રિય આવૃત્તિથી અલગ હોય છે. લોકપ્રિય આવૃત્તિમાં પ્રક્ષેપો-ઉમેરણો વગેરે હોય છે, પણ આવા અંશોને સમીક્ષિત આવૃત્તિમાંથી ગાળી નાખવામાં આવ્યા હોય છે. ઉદાહરણરૂપે સમીક્ષિત આવૃત્તિમાં લક્ષ્મણરેખાનો પ્રસંગ નથી તેમજ સીતાના ચારિત્ર્ય વિશે શંકા કરતો ધોબીનો પ્રસંગ પણ નથી. લોકપ્રિય પ્રચલિત વાલ્મીકિ રામાયણની આવૃત્તિમાં ૨૪૦૦૦ ચોવીસ હજાર શ્લોકો છે, જ્યારે સમીક્ષિત આવૃત્તિમાં ૧૮૬૦૦૦ શ્લોકો છે, બાકીના લગભગ ૫૪૦૦ શ્લોકો નીકળી ગયા છે.

વાલ્મીકિ રામાયણની લોકપ્રિય આવૃત્તિનો ગુજરાતીમાં અનુવાદ સસ્તુ સાહિત્ય અમદાવાદે ઈ.સ. ૧૯૨૨માં સૌ પ્રથમ પ્રકાશિત કર્યો હતો. પણ ૧૯૭૫માં સંપૂર્ણપણે પ્રકાશિત થયેલી સમીક્ષિત આવૃત્તિ અત્યાર સુધી ગુજરાતીમાં અવતરિત થઈ ન હતી. આ ઐતિહાસિક કાર્ય, ગુજરાતી યુનિવર્સિટીના ભાષા સાહિત્ય ભવનના સંસ્કૃતના નિવૃત્ત પ્રોફેસર અને રાષ્ટ્રપતિ-પુરસ્કાર અને બીજા અનેક એવોર્ડઝથી અલંકૃત શ્રી વિજય પંડ્યાએ તાજેતરમાં સંપન્ન કર્યું છે. તેમણે એકલે હાથે ૧૮૬૦૫ (નિશ્ચિત શ્લોક સંખ્યા) શ્લોકોનો ગુજરાતીમાં અનુવાદ પાર પાડ્યો છે. લગભગ ૨૦૦૪થી તેમનું આ કાર્ય ચાલતું હતું. વાલ્મીકિ રામાયણની સમીક્ષિત આવૃત્તિનો તેમણે ગુજરાતીમાં ગદ્યાનુવાદ કર્યો છે. તેમના કહેવા પ્રમાણે આપણે વાલ્મીકિને વિસરી ગયા છીએ. એક મહત્ત્વની કાવ્યકૃતિ તરીકે આપણે વાલ્મીકિ રામાયણની મહત્તા પ્રીછી નથી અને તેમને ગુજરાતીમાં વાલ્મીકિના જ શબ્દો પહોંચાડવા હોવાથી આ સમીક્ષિત આવૃત્તિને ગુજરાતીમાં ગદ્યમાં મૂકી છે.

આપણા દેશમાં, તેમની માહિતી પ્રમાણે, બીજી કોઈ પણ પ્રાદેશિક ભાષામાં સમીક્ષિત આવૃત્તિનો અનુવાદ થયો નથી. એટલું જ નહીં પણ વિશ્વની અંગ્રેજી સિવાય બીજી કોઈપણ ભાષામાં આ આવૃત્તિનો અનુવાદ થયો નથી. વિશ્વની બે જ ભાષાઓ ગુજરાતી અને અંગ્રેજી છે કે જેમાં સમીક્ષિત આવૃત્તિનો અનુવાદ થયો છે. અંગ્રેજીમાં તાજેતરમાં જ બે વર્ષ પહેલાં અમેરિકામાં કેલીફોર્નિયા યુનિવર્સિટીમાંથી રોબર્ટ ગોલ્ડમેન અને તેમની પાંચ સભ્યોની સમિતિએ અંગ્રેજીમાં આ અનુવાદ, પ્રસ્તાવના અને ટિપ્પણી સાથે પ્રકાશિત કર્યો છે.

એટલે ગુજરાતી ભાષાને વાલ્મીકિ રામાયણની સમીક્ષિત આવૃત્તિના ગુજરાતીમાં અનુવાદનું ગૌરવ પ્રાપ્ત થાય છે. અને તેથી કોઈપણ અર્થમાં ડૉ. વિજય પંડ્યાએ આ ઐતિહાસિક કાર્ય સિદ્ધ કર્યું છે. આ અનુવાદને પ્રકાશિત કરવાનું કાર્ય પણ શરૂ થઈ ગયું છે. અમદાવાદની શ્રી બાબુભાઈ શાહ સંચાલિત પાર્શ્વ પ્રકાશન સંસ્થાએ આ કાર્ય હાથ પર લીધું છે. સુંદરકાણ્ડ તો પ્રસ્તાવના સાથે પ્રકાશિત થઈ ગયો છે. અયોધ્યાકાણ્ડનો કેવળ અનુવાદ પ્રકાશિત થયો છે, પ્રસ્તાવના હવે પ્રકાશિત થશે. બાકીના પાંચ કાણ્ડોના અનુવાદ પ્રસ્તાવના સાથે ક્રમશઃ પ્રકાશિત થઈ રહ્યા છે. આટલા મોટા પ્રકલ્પને હાથ ધરવા માટે પ્રકાશકને પણ અભિનંદન ઘટે છે. અને શ્રી વિજય પંડ્યાને તો જેટલાં અભિનંદન આપીએ તેટલાં ઓછાં છે. તેઓએ ગુજરાતી ભાષાના સાહિત્યના ઇતિહાસમાં તેમનું સ્થાન નિશ્ચિત અને અંકિત કરી લીધું છે.

✦ ✦ ✦

# સર્જન સ્વાગત

## સંધ્યા શાહ

**પુસ્તકનું નામ : હું હતો ત્યારે – સંધ્યા ભટ્ટ**

**પ્રકાશક : જોય એન્ટરપ્રાઈઝ, શક્તિ સ્કનેર, નહેરુ પાર્ક રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૪૮૦ ૦૧૫.**

**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯, પૃષ્ઠ : ૧૨૮, મૂલ્ય : રૂા. ૧૪૦/-**




પ્રસન્ન દાંપત્યની પરિપૂર્તિ સમું શિશુ જ્યારે જીવનમાં પગલા પાડે, ત્યારે પૂર્ણતાનો એક સુખદ અનુભવ થાય છે. નવજાત શિશુના સ્પંદનો, એની ડગમગતી પગલીઓ અને બાળસહજ ક્રિડાઓથી આખું વિશ્વ સભર બની જાય છે. માતૃત્વના આ આનંદની તોલે દુનિયામાં કોઈ આનંદની સરખામણી થઈ શકતી નથી.

બારડોલીના પ્રાધ્યાપક, કવયિત્રી, લેખિકા સંધ્યા ભટ્ટે આ સંવેદનોની કથા આલેખી છે. બાળક આગમનથી જીવનમાં પ્રગટેલી ખુશી પળે પળે વિકસતા એ બાળકની શરારતો, એનું શિક્ષણ, એની મસ્તી અને ધમાલ. એ ગતિશીલ અને પ્રાણવાન જીવનમાં અચાનક એક ધક્કો લાગી ગયો. હસતો-રમતો-ચેતનવંતો પુત્ર અકસ્માતમાં મૃત્યુ પામ્યો. યુવાવસ્થામાં પ્રવેશેલો, હોંશભર્યો, તોફાની, મસ્તીખોર પુત્ર અચાનક અલવિદા કરીને ચાલી ગયો. પારાવાર પીડા, ગમગીની, કરુણા અને રૂદનના માહોલમાં સંધ્યાબેનના હૈયે પુત્રના સોળ વર્ષના જીવનની પ્રત્યેક પળો જીવંત બનતી ગઈ જાણે કે ફરી એક વાર પુત્રનો જન્મ થયો! શબ્દોએ એમને પીડામાંથી ઉગારી લીધા.

'જે દેહમાંથી દેહ આપે, જીવનમાંથી જીવ આપે, દીવામાંથી દીવો પ્રગટાવે તે મા...' માતૃહૃદયની હૃદયવિદારક પીડા લેખિકાએ નવા જ સ્વરૂપે આલેખી છે – પુત્રનો પુર્નજન્મ થયો હોય તેમ રોહનના મુખેથી જ એના બાળપણની, સ્વજનોની, મિત્રોની, શિક્ષકોની, માતા-પિતા અને ભાઈના સ્નેહની પ્રત્યેક ક્ષણ વર્ણવાઈ છે. સોળ વર્ષની સભર જીવનગાથાનો અંત વાચકને રડાવે નહીં તો જ નવાઈ. પ્રત્યેક વાચકને પોતાના સ્વજનનું સ્મરણ થઈ આવે એટલી સંવેદનસભર કથા, આત્મકથા સશક્ત સર્જની ક્ષમતાનો પરિચય આપે છે.


✦ ✦ ✦

**પુસ્તકનું નામ : સમય તો થયો – સંધ્યા ભટ્ટ**

**પ્રકાશક : રન્નાદે પ્રકાશન, ૫૮-૨ બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.**

**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦, પૃષ્ઠ : ૬૬, મૂલ્ય : રૂા. ૮૦/-**

**'કદી મારે હૈયે ઊછળતી રહે ભાવ-ભરતી**
**ફરું, બેસું, ચાલું, ડગલું ભરું યા તર્નન કરું**
**ઉમંગી નૌકા કો સરળ લસરે છે લહરપે**
**જરાયે થોભે ના, કશુંક કરવા પાર મથતી...'**




સર્જકતાની ક્ષણે ઉછળતી ઊર્મિઓને સોનેટમાં ગૂંથી લેતા સંધ્યા ભટ્ટે અહીં આ સ્વરૂપનો પૂરો સંચય પ્રગટ કર્યો છે.

હૃદયના ભાવવૈવિધ્યને સંસ્કૃત વૃત્તોમાં ઉત્કટતા અને પ્રસન્નતા, પ્રિયજનની સંનિધિનું સુખ, પુત્રવિયોગની વેદના, ગૃહિણીની દિનચર્યા, સવિતના શુભ શુકન લઈને આવતી સવારને રમ્યરાત્રિને આલેખ્યા છે.

કવયિત્રીના ભાવવિશ્વને પ્રગટ કરતા આ સોનેટગુચ્છમાં પ્રકૃતિના નમણા રૂપોની સાથે સાથે સંવેદના, સભર શબ્દચિત્રો સર્જ્યાં છે.

**'અમારા દામ્પય-સરવર પરે પદ્મ ઊઘડ્યું**
**હતું કૂણું કૂણું, ધવલ મુખ હર્ષે ચમકતું'**

તો કૈંક નવું પામવાની પ્રતિક્ષા કરતી કવયિત્રીના શબ્દો પણ જુઓ,

**'કશું હો એવું કે હરપળ રહે સાથ દિલમાં**
**મળો સંપત્તિ જે અમુલખ અને આવૃત્ત રહે**
**વસે મારે હૈયે ધડકન બનીને સતત તે**
**ભળે રૂંવે રૂંવે, અણુ અણ વડે ઉત્કટ રસે'**

સોનેટના ચુસ્ત સ્વરૂપને જાળવીને વ્યક્ત થયેલી ઊર્મિઓને કલાત્મક ઘાટ આપવાનો ઉત્તમ આયાસ – સંધ્યાબેનનું ઋજુહૃદય છલકાતું રહે, કાવ્યોમાં વહેતું રહે એવી શુભેચ્છા.

✦ ✦ ✦

પુસ્તકનું નામ : વિચારોનો ગુલસ્તો

સંપાદક : સ્વામી સચ્ચિદાનંદ

પ્રકાશક : ગૂર્જર પ્રકાશન, ૨૦૨, તિલકરાજ, પંચવટી, પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦, પૃષ્ઠ : ૧૪૪, મૂલ્ય : રૂા. ૧૦૦/-




ક્રાંતિકારી વિચારણા ધરાવતા સ્વામી સચ્ચિદાનંદ કર્તવ્યપરાયણ જીવનના આગ્રહી રહ્યા છે. રાષ્ટ્રના, સમાજના ઉત્થાનના પ્રશ્નોમાં વૈયક્તિક જવાબદારી લઈએ તો જ જીવન નવરચના પામે. સમાજની જડ થઈ ગયેલી રૂઢિ અને પરંપરાની ઉફરા ચાલનારા સંત સચ્ચિદાનંદે અહીં જીવનલક્ષી વિવિધ વિષયો પર પોતાના વિચારો અભિવ્યક્ત કર્યા છે.

ભવસાગરને તરવા કાજે મનુષ્યે સદ્‌ગુણોની સાધના કરવી રહી, સંયમપૂર્વક પરિસ્થિતિનો સ્વીકાર અને સત્કર્મો કરવા રહ્યા, સત્સંગ અને ઉપાસના કરવી રહી – પણ ભવભ્રમણનો ફેરો ટાળવા એકાંતવાસ કે ગુફાનો વસવાટ જરૂરી નથી. સંસારમાં રહીને અન્યને ઉપયોગી થઈને ઉચ્ચ જીવનની સાધના, ઉચ્ચ આદર્શો પ્રત્યેનું સમર્પણ જરૂરી છે, એવું દઢપણે માનતા સ્વામી સચ્ચિદાનંદે પ્રસ્તુત પુસ્તકમાં મનુષ્યના જીવનની સફળતાને કાજે ચારિત્રની રક્ષા, આદર્શોનું જતન, રાષ્ટ્ર અને માનવધર્મ પ્રત્યેની સંવેદના તથા ગતિશીલતાને પ્રાધાન્ય આપ્યું છે. ઉપયોગી જીવનની શીખ આપતો વિચારોનો આ ગુલદસ્તો વાચકોને જીવન સાર્થક્ય માટે પ્રેરિત કરે છે.

✦ ✦ ✦


પુસ્તકનું નામ : ભારતીય સંતો અને ચિંતકો

સંપાદક : ગુણવંત બરવાળિયા

પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ-૪૦૦ ૦૦૪. અર્હમ સ્પીટીચ્યુઅલ સેન્ટર, મુબઈ-૪૦૦ ૦૮૧.

પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧, પૃષ્ઠ : ૨૫૦, મૂલ્ય : રૂા. ૨૫૦/-

પ્રાપ્તિ સ્થાન : નવભારત સાહિત્ય મંદિર, ૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.




ભારતીય સંસ્કૃતિમાં સંતોની એક ઉજ્જવળ પરંપરા રહી છે. આ સંતો જનસમૂહના પથદર્શક બન્યા છે. ભીતર ઉઠતા સત્વ, રજસ્ અને તમસ્‌ના તોફાનોમાં ફંગોળાતા મનુષ્યોને સંતોથી સંનિધિ સાત્વિકતામાં સ્થિર કરે છે. સંતોની વાણીએ તેમની જીવનશૈલીએ મનુષ્યના આંતરસત્વને જગાડ્યું છે. ચિંતકોની આર્ષદષ્ટિએ સહુના જીવનને અજવાળ્યું છે. ભારતીય સંસ્કૃતિને મૂલ્યમંડિત કરનારા સંતો અને ચિંતકો વિશે પ્રબુદ્ધ જીવન દ્વારા એક વિશેષાંક પ્રગટ કરવામાં આવ્યો હતો. વિદ્વાન સંપાદક શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ આ ઉત્તમ લેખોને ગ્રંથસ્થ કરી આ આયામને દસ્તાવેજી સ્વરૂપ આપ્યું છે. સંતોની સર્વસમયને સ્પર્શતી વાણીનું આ સુચારુ સંકલન ભાવિ પેઢીને માર્ગદર્શક બને તેવું છે.

ડૉ. કુમારપાળ દેસાઈ, ભદ્રાયુ વછરાજાની, નલિની માડગાંવકર, અભય દોશી, ડૉ. સેજલ શાહ, નિરંજન રાજગુરુ, પાર્વતીબેન ખીરાણી અને રતનબેન છાડવા જેવા વિદ્વાનોની કલમે મહાત્મા ગાંધી, જે. કૃષ્ણમૂર્તિ, પૂજ્ય શ્રી મોટા મુનિશ્રી સંતબાલજી જેવા ૩૪ સંતો અને વિચારકોના અભ્યાસ પૂર્ણ લેખો અહીં સંકલિત કરવામાં આવ્યા છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૩૨૪૬ ૮૦૮૦૯

## ગાંધી બોલે છે...

**અનુવાદ : હેમંતકુમાર શાહ**

☛ મારે મન ઈશ્વર એ સત્ય અને દયા છે, નીતિ છે, અભય છે; ઈશ્વર પ્રકાશ અને આનંદનું ધામ છે. અને છતાં આ સર્વથી ઊંચે તથા પર છે.

☛ સ્વતંત્રતાનો પક્ષપાતી ઈશ્વર જેવો એકે નથી. કારણ સત્ અને અસત્‌ના વિવેક વિષે તે આપણને પૂરેપૂરી સ્વતંત્રતા આપે છે.

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી
સંપર્ક: ૯૮૧૯૩ ૭૨૯૦૮


## ફાધર વાલેસ

તા. ૧-૫-૫૩થી પ્રબુદ્ધ જૈનનું નામ બદલીને પ્રબુદ્ધ જીવન રાખવામાં આવ્યું. જે આજ સુધી કોઈ પણ વિલંબ સિવાય નિયમિત રીતે પ્રગટ થઈ રહ્યું છે. પરિણામે ૧૦ વર્ષ પછી સમસ્ત જૈન સમાજને આવરી લીધો અને ત્યાર બાદ જૈનેતર સમાજને પોતાનામાં સમાવ્યો. જૈન શબ્દ વાચક ન રહેતા ગુણવાચક બન્યો. ૧૯૬૮-૧૯૮૨ દરમિયાન પર્યુષણ વ્યાખ્યાન માળામાં ફાધર વાલેસ ઘણા વિદ્વાન પ્રવચકોમાંના એક હતા. પ્રબુદ્ધ જીવનના બહોળા શ્રુત જ્ઞાનપિપાસુ શ્રોતા/વાચકગણને જૈન દર્શન સહિત અન્ય દર્શનોનો સમૃદ્ધ ખજાનો રજૂ કરવામાં ફાધર વાલેસે મુંબઈ જૈન યુવક સંઘની વ્યાખ્યાનમાળામાં પ્રવચનો આપ્યા છે.

ફાધર વાલેસ ૧૯૪૮ની આસપાસ ભારતમાં ખ્રિસ્તી ધર્મના પ્રતિનિધિ તરીકે આવ્યા હતા અને અનેક ખોટા ખ્યાલ અને પૂર્વગ્રહોને સાથે લાવ્યા હતા તેમ ૧૯૬૮ના તેમના વ્યાખ્યાન ''સર્વધર્મ સમભાવ'' દરમ્યાન તેઓએ જણાવેલ. તંત્રીશ્રી સ્વ. પરમાનંદ કાપડિયા સાથેની મિત્રતા, પ્રબુદ્ધ જીવનના સામાયિકોનું વાંચન અને વ્યાખ્યાનોમાં ભાગ લેવાનો અનુભવ અનેરો રહ્યો હતો. અંગ્રેજીમાં ગણિતના પ્રોફેસરને જ્યારે મદ્રાસથી અમદાવાદની સેંટ ઝેવિયર્સમાં ભણાવવાની જવાબદારી મળી ત્યારે ૨૯ વર્ષની વયે તેઓ ગુજરાતી શીખ્યા.

| | | |
|---|---|---|
| ડિસેમ્બર ૧૯૬૮ | સર્વધર્મ સમભાવ | ફાધર વાલેસ |
| એપ્રિલ ૧૯૬૯ | મિચ્છામિ દુક્કડમ્ | ફાધર વાલેસ |
| નવેમ્બર ૧૯૬૯ | ગાંધીજી | ફાધર વાલેસ |
| ડિસેમ્બર ૧૯૬૯ | કુટુંબ ભાવના | ફાધર વાલેસ |
| મે ૧૯૭૧ | સ્વતંત્ર ચિંતક પરમાનંદભાઈ | ફાધર વાલેસ |
| ડિસેમ્બર ૧૯૭૧ | પ્રાર્થના | ફાધર વાલેસ |
| સપ્ટેમ્બર ૧૯૭૩ | પ્રાર્થના અને ધ્યાન | ફાધર વાલેસ |
| મે ૧૯૭૪ | વિદ્યાર્થીઓની દષ્ટિએ વિદ્યાર્થી-આંદોલન | ફાધર વાલેસ |
| ઑક્ટોબર ૧૯૭૪ | ભાષાનું દાન | ફાધર વાલેસ |
| ડિસેમ્બર ૧૯૭૪ | મારી વિહાર યાત્રા | ફાધર વાલેસ |
| જાન્યુઆરી ૧૯૭૭ | ભુલા પડો ત્યાંથી ફરી ગણો | ફાધર વાલેસ |
| નવેમ્બર ૧૯૭૮ | જીવંત ધર્મ | ફાધર વાલેસ |
| જુલાઈ ૧૯૭૯ | આત્મકથાના ટુકડા | ફાધર વાલેસ |
| માર્ચ ૧૯૮૨ | ઔપચારિકતા અને આત્મીયતા | ફાધર વાલેસ |

FOR DETAILED READING OF ALL ABOVE ARTCLES, VISIT WEBSITE https://prabhuddhjeevan.in



To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 – Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2019 - 21 & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai – 400 001.



# જો મારો હોય અંતિમ પત્ર તો...

**ધીરુભાઈ પરીખ**

**જો** મારો આ છેલ્લો જ પત્ર હોય તો એ કોને ઉદ્દેશીને લખું? થાય છે કે કોઈ પણ વાચકને ઉદ્દેશીને એ લખું. કદાચ એવું પણ બને કે કુદરત ઇચ્છે, તો આના પછી પણ કોઈ પત્ર લખવાનું બને. પણ અત્યારે તો માની લઉં છું કે આ છેલ્લો પત્ર છે.

આમ તો શાળાના અભ્યાસકાળથી પત્રલેખનની કળા શીખ્યો છું. પણ એમાં આડંબર ના જોઈએ, સૌથી પહેલો વિચાર તો એ જ આવે છે કે હું વળી પત્ર લખનાર કોણ? જો તત્ત્વજ્ઞાનથી, ભારતીય અધ્યાત્મજ્ઞાનથી વિચારીએ તો ખુદ એકાકી બ્રહ્માને એકલાપણું લાગતાં અનેક રૂપે પ્રગટવાનું તેમણે વિચાર્યું : એકોહમ્ બહુસ્યામ, હું એકમાંથી અનેક બનું અને આમ સૃષ્ટિનું સર્જન થયું. આ દૃષ્ટિએ જોવા જતાં હું પણ બ્રહ્મસ્વરૂપ જ છું તેમ વિનમ્રભાવે સ્વીકારવું રહ્યું. પ્રત્યેક મનુષ્ય બ્રહ્મસ્વરૂપ છે. એટલે દરેક જણે શુદ્ધ વિચાર અને વિશુદ્ધ આચાર કરવો જોઈએ. વળી બાઈબલ પ્રમાણે પેલો શેતાન પણ મારામાં પ્રચ્છન્ન રહી, ના, મનુષ્યમાત્રમાં પ્રચ્છન્ન રહી સક્રિય હોય છે. એને હંફાવવા માટે પણ ઘણી મહેનત કરવી પડે છે. મેં તો એ અનુભવ્યું છે કે મનુષ્યભવમાં શેતાન અને સંત બન્ને કામ કરી રહ્યા હોય છે.

> **જાણીતા કવિ, વિવેચક, વાર્તાકાર અને 'કુમાર' તથા 'કવિલોક'ના તંત્રી ધીરુભાઈ પરીખનું ૯.૫.૨૦૨૧ના રોજ દુઃખદ અવસાન થયું છે. સદ્‌ગતને શ્રદ્ધાંજલિ. પ્રબુદ્ધ જીવન માટે ડિસેમ્બર ૨૦૧૭માં તેમને આ પત્ર કાલ્પનિકરૂપે લખ્યો હતો.**

આથી મેં તો જીવનમાં શેતાનને હંફાવવાનું કર્યું છે. ભલે હું નાસ્તિક ગણાતો હોઉં પણ મનની શેતાનિયત તો કુટિલપણે ક્યારેક માથું ઊંચું કરી જતી હોય છે. અને એ શેતાનને દબાવવા માટે જ જીવને મોટો સંઘર્ષ ખેડવો પડે છે. ઈસુ, મહાવીર કે બુદ્ધ આ રસ્તે જ પરમત્વ પામ્યા છે. આ કોઈ કાલ્પનિક વાર્તા નથી પણ મનુષ્યમાત્રની અસલિયત છે. એટલે માણસે અન્યની સામે લડત આપતાં પૂર્વે પોતાની જાત સાથે જ લડવું પડે છે. મેં જીવનના અનેક પ્રસંગે આ વિચારયુદ્ધનો આશરો લીધો છે.

આ રીતે જાતને બને તેટલી વિ-શુદ્ધ રાખવી તેને હું મારું કર્તવ્ય સમજું છું. આમાં હું કેટલો સફળ થયો છું તે તો મારા મનનો આંતરિક આનંદ જ સાક્ષી પૂરે છે. કોઈ પણ કપરા સંજોગમાં, વિપદ કે વિષાદમાં આવી મનઃસ્થિતિ જ ખપમાં લાગી છે. ત્યારે વિનમ્ર ભાવે એમ કહી શકું કે મેં જીવનમાં દુઃખ કરતાં સુખની વધુ પળો માણી છે. સુખનો અનુભવ મનુષ્યમાત્રના મન પર જ ખૂબ આધાર રાખે છે.

'મનઃ ઈવ મનુષ્યાણામ્ કારણમ્ બંધ મોક્ષયોઃ', એવું ગીતામાં કહેવાયું છે તે આજના માનસશાસ્ત્રીઓ વૈજ્ઞાનિક પુરાવા સાથે સ્વીકારતા થયા છે. આથી હું તો કહીશ જ કે મનને કાબૂમાં રાખવાથી જ જિંદગી આનંદદાયક બની શકે છે. પણ આ આદર્શ સ્થિતિને પામવી તે ઘણું મુશ્કેલ કામ છે અને એને જે પાર પાડે છે તે સારું જીવન જીવી ભવસાગર તરી જાય છે. મેં તો આ જ આદર્શથી જીવનનો રાહ સ્વીકાર્યો છે ત્યારે સંત કબીર યાદ આવી જાય છે.

**सो चादर सुर नर मुनि ओढ़े**
**सो चादर सुर नर मुनि ओढ़े**
**ओढ़ के मैली किनी चदरिया**
**झीनी झीनी झीनी, बिना चदरिया**

**दास कबीर जतन से ओढ़ी**
**दास कबीर जतन से ओढ़ी**
**ज्यों की त्यों धर दिनी चदरिया**
**झीनी झीनी झीनी, बिना चदरिया**

❑ ❑ ❑

Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai – 400004.

**Printed & Published by :** Dr. Sejal M. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,
**Printed at** Arihnat Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra, Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 92234 30415

**Editor : Dr. Sejal M. Shah**

Temporary Add.: 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai - 400 004.